અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08
કોન્સર્ટ, કિસ અને બ્રેકઅપ....! બોલિવૂડ એક્ટ્રેસ તારા સુતારિયા અને એક્ટર...



પેજ-09
અભિષેક શર્માનું નબળું ફોર્મ વર્લ્ડ કપ પહેલા ભારત માટે ખતરાની ઘંટડી




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 26.00 | 11.00 |
| વડોદરા | 27.00 | 13.00 |
| સુરત | 27.00 | 16.00 |


પેજ 5




ટ્રમ્પ અને ઈન્ટેલ સીઈઓ વચ્ચેની બેઠક બાદ મોટી જાહેરાત


10 JANUARY-2026 SATURDAY


ભારતનો ચીની કંપનીઓ પર પ્રતિબંધ હટાવવાનો મોટો નિર્ણય




પેજ 10


**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 83576.24 | ▼ | 604.72 |
| નિફ્ટી | 25683.30 | ▼ | 193.55 |
| સોનું | 139300.00 | ▲ | 1558.00 |
| ચાંદી | 254800.00 | ▼ | 11476.00 |


વર્ષ-15 । અંક-060 । વિક્રમ સંવત-2082 । પોષ વદ-07 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# ટ્રમ્પની ટેરિફની ધમકીઓ પર ભારતનો જવાબ બાંગ્લાદેશ અને ચીનને પણ સીધી ચેતવણી

(એજન્સી) નવી દિલ્હી | તા.09

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વારંવાર રશિયાથી ઓઈલ ખરીદવા મુદ્દે ભારતને ધમકી આપી રહ્યા છે. સાથે સાથે ભારત અને અમેરિકા વચ્ચે લાંબા સમયથી વાટાઘાટો છતાં હજુ સુધી ટ્રેડ ડીલ થઈ નથી. એવામાં અમેરિકાએ હવે 500 ટકા ટેરિફ લગાવવાની ધમકી આપી છે. જેના ભારતીય વિદેશ મંત્રાલયે જવાબ આપ્યો છે કે ભારતની ઉર્જાનીતિ કોઈના દબાણમાં બદલાશે નહીં. અમે 140 કરોડ લોકોના હિત માટે સસ્તા ઈંધણના સ્ત્રોત શોધતા રહીશું. આ સિવાય ભારતે બાંગ્લાદેશ અને ચીન મુદ્દે જડબાતોડ જવાબ આપ્યો છે.

### ઓઈલ વિવાદ મુદ્દે ભારતનો ટ્રમ્પને જવાબ

અમેરિકામાં આવતા અઠવાડિયે નવું બિલ લાવવાની તૈયારી છે. જેમાં રશિયાથી ઓઈલ ખરીદતા દેશો પર 500 ટકા ટેરિફ લગાવવાની જોગવાઈ છે. જે મુદ્દે ભારતે કહ્યું છે કે આ બિલ પર અમે નજર રાખી રહ્યા છે. અમારી ઉર્જા ખરીદીની નીતિ પહેલેથી જ સ્પષ્ટ છે. અમે ગ્લોબલ માર્કેટમાં ઉતાર ચઢાવ તથા અમારી જરૂરિયાત પ્રમાણે નિર્ણય લઈએ છીએ. ભારત કોઈ પણ દેશથી ઓઈલ ખરીદવા માટે સ્વતંત્ર છે. અમે 140 કરોડ લોકોની ઉર્જાની જરૂરિયાત સાથે કોઈ બાંધછોડ કરીશું નહીં. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે વધુમાં કહ્યું, કે અમેરિકા તરફથી આપવામાં આવી રહેલી જાણકારી 'સ્પષ્ટ' નથી. ભારત અને અમેરિકા વચ્ચે 13 ફેબ્રુઆરી, 2025થી ગંભીર વાટાઘાટો ચાલી રહી છે. અમે આજે પણ એવી ડીલ માટે તૈયાર છીએ જેનાથી બંને દેશોને લાભ થાય. અમે એક સંતુલિત ટ્રેડ ડીલ માટે સતત મહેનત કરી રહ્યા છીએ.




**PM મોદી અને ટ્રમ્પ વચ્ચે 2025માં 8 વખત ટેલિફોનિક વાતચીત થઈ: વિદેશ મંત્રાલય :** વિદેશ મંત્રાલયે મોટું નિવેદન આપતા સ્પષ્ટ કર્યું છે, કે વર્ષ 2025માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ વચ્ચે 8 વખત ટેલિફોનિક વાતચીત થઈ છે. નોંધનીય છે કે અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરીએ હાલમાં જ કહ્યું હતું, કે અમેરિકા ભારત સાથે ટ્રેડ ડીલ કરવા માટે તૈયાર હતું. પરંતુ PM મોદીએ ટ્રમ્પને ફોન ન કર્યો. જેના કારણે ડીલ થઈ શકી નહીં.

**બાંગ્લાદેશને ભારતની ટકોર :** આ સિવાય વિદેશ મંત્રાલયે બાંગ્લાદેશ અંગે પણ મોટું નિવેદન આપ્યું. વિદેશ મંત્રાલયે કહ્યું, કે બાંગ્લાદેશ સરકાર લઘુમતીઓ પર થઈ રહેલા હુમલાના કેસમાં તાત્કાલિક કડક કાર્યવાહી કરવી જોઈએ. બાંગ્લાદેશમાં લઘુમતીઓમાં ભય અને અસુરક્ષાની ભાવના વધી રહી છે.

**ચીનને ભારતની સીધી ચેતવણી :** પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં શકસગામ ખીણમાં ચીન દ્વારા થઈ રહેલા નિર્માણકાર્ય સામે પણ ભારતે વાંધો ઉઠાવ્યો છે. વિદેશ મંત્રાલયે કહ્યું છે, કે આ સંપૂર્ણ વિસ્તાર ભારતનું અભિન્ન અંગ છે. પાકિસ્તાન અને ચીન વચ્ચે 1963માં થયેલો કરાર ગેરકાયદે છે. ભારતે ક્યારેય આ કરારને માન્યતા નથી આપી. જમ્મુ કાશ્મીર અને લદાખ ભારતનો હિસ્સો છે. ચીન અને પાકિસ્તાનને આ વાતથી વારંવાર જણાવવામાં આવી છે.

### ધમકીઓ આપવી તે અમેરિકાનો જૂનો ધંધો છે હરિત ક્રાંતિ વખતે પણ મનમાની કરી હતી... તે સમયે ભારત ઝૂક્યું નહોતું

વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની ધરપકડ કર્યા પછી, ડોનાલ્ડ ટ્રમ્પે હવે મેક્સીકન ડ્રગ કાર્ટેલ પર જમીન પર હુમલા કરવાની ધમકી આપી છે. તેમણે અગાઉ ભારત પર વધુ ટેરિફ લાદવાની ધમકી આપી હતી, પરંતુ ભારતનો ઈતિહાસ અમેરિકન ગુંડાગીરી સામે ક્યારેય ન ઝૂકવાનો નથી. અમેરિકન ગુંડાગીરી 1965 માં પણ થઈ હતી, જ્યારે ભારતીયો ખોરાક માટે અમેરિકન ઘઉં પર નિર્ભર હતા. જો કે, આ વખતે આપણે મેક્સીકન ઘઉં અને અમેરિકન કૃષિ વૈજ્ઞાનિકો વિશે વાત કરી રહ્યા છીએ, જેમના કારણે અમે તત્કાલીન યુએસ રાષ્ટ્રપતિ લિન્ડન જોહ્ન્સનની ધમકીઓને અવગણી હતી. અમે અમેરિકાના દુષ્કૃત્યોનો જવાબ હરિયાળી ક્રાંતિથી આપ્યો, જેની શરૂઆત મેક્સિકોથી આયાત કરાયેલી તે જ ઘઉંની જાતોના બીજથી થઈ હતી જેને ટ્રમ્પ હવે ધમકી આપી રહ્યા છે. મેક્સીકન ઘઉંની જાતોનો આભાર, ભારત માત્ર ભૂખમરાના સંકટમાંથી બહાર આવ્યું નથી પણ આજે એક મોટો નિકાસકાર પણ બની ગયો છે.

# હિમાચલ પ્રદેશમાં 200 મીટર ઊંડી ખાઈમાં બસ ખાબકતા 12નાં મોત

### બાળકી સહિત 33 ઈજાગ્રસ્ત, બસના ફુરચા ઉડી ગયા, છત ચેસિસથી અલગ થઈ ગઈ

(એજન્સી) શિમલા | તા.09

હિમાચલ પ્રદેશના સિરમૌરમાં શુક્રવારે એક પ્રાઈવેટ બસ 200 મીટર ઊંડી ખીણમાં ખાબકી હતી. આ અકસ્માતમાં 12 લોકોના મોત થયા હતા. 33 મુસાફરો ઘાયલ છે. જેમાં એક બાળકી સહિત 4ની હાલત નાજુક છે. બાળકીને નાહન અને અન્ય ત્રણને IGMC શિમલા રિફર કર્યા છે. સિરમૌરના DC પ્રિયંકાએ જણાવ્યું કે, પ્રાથમિક માહિતી અનુસાર, અકસ્માત બસ સ્કીડ થવાને કારણે થયો હોવાનું જણાઈ રહ્યું છે. બસમાં 45 મુસાફરો સવાર હતા, જેમાં મહિલાઓ અને બાળકો પણ સામેલ હતા. પોલીસ આ મામલે તપાસમાં લાગી ગઈ છે. મૃતકોની હજુ સુધી ઓળખ થઈ શકી નથી. આ અકસ્માત બપોર પછી પોણા 3 વાગ્યે સિરમૌરના હરિપુરધાર બજારથી લગભગ 100 મીટર પહેલા થયો હતો. બસમાં કુપવી (શિમલા) અને હરિપુરધાર વિસ્તાર (સિરમૌર)ના લોકો સવાર હતા.



### શિમલાથી કુપવી જઈ રહી હતી પ્રાઈવેટ બસ

શિમલાથી કુપવી જઈ રહી હતી પ્રાઈવેટ બસ જીત કોચ બસ શિમલાથી સોલન અને સિરમૌર થઈને કુપવી જઈ રહી હતી. શિમલા શહેરથી સવારે 7:30 વાગ્યે બસ રવાના થઈ હતી. કુપવીથી 28 કિલોમીટર પહેલા જ બસ નીચે ખીણમાં પડી ગઈ. અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક લોકો ઘટનાસ્થળે પહોંચ્યા અને બચાવ કાર્યમાં લાગી ગયા. પોલીસ, પ્રશાસન અને આરોગ્ય વિભાગની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી.

**બસ નીચે 5થી વધુ લોકો દટાયા હતા :** બસ નીચે 5થી વધુ મુસાફરો દટાયા હતા. ગ્રામજનોએ બસને પલટાવીને બધાને બહાર કાઢ્યા. તેમાંથી ચાર મુસાફરોનું મોત થયું. ઘાયલોને બહાર કાઢવાનું કામ પૂર્ણ થઈ ગયું છે. ઘટનાસ્થળ અને હરિપુરધાર હોસ્પિટલની બહાર સેંકડો લોકો એકઠા થયા.

**બસના ફુરચા ઉડી ગયા :** બસના ફુરચા ઉડી ગયા, છત ચેસિસથી અલગ થઈ ગઈ અકસ્માત બાદ બસ ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ. બસના ફુરચા ઉડી ગયા. બસની છત ચેસિસથી અલગ થઈ ગઈ. પાછળના બંને ટાયર પણ બસમાંથી નીકળીને દૂર જઈને પડ્યા. ઘટના બાદ સ્થળ પર ચીસાચીસ મચી ગઈ.

# ACBની FIRએ રહસ્ય ખોલ્યું! રાજસ્થાનમાં 2000 કરોડના મધ્યાહન ભોજન કૌભાંડમાં 21ની ધરપકડ

(એજન્સી) જયપુર | તા.09

આખો દેશ કોરોના જેવી ભયાનક મહામારી સામે ઝઝૂમી રહ્યો હતો અને ગરીબ બાળકો માટે સરકારી ભોજન યોજના આશીર્વાદ સમાન હતી, ત્યારે રાજસ્થાનમાં ભ્રષ્ટાચારીઓએ આ તકનો લાભ ઉઠાવીને 2000 કરોડ રૂપિયાનું કૌભાંડ આચર્યું હતું. રાજસ્થાન ACBએ આ મામલે 21 વગદાર અધિકારી અને ખાનગી કંપનીઓ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ તપાસમાં બહાર આવ્યું છે કે કોરોના કાળ દરમિયાન સ્કૂલો બંધ હોવાથી બાળકોને ઘરે કરિયાણું પહોંચાડવાની જવાબદારી 'કોન્ફેડ' (CONFED) અને સિવિલ સપ્લાય વિભાગને સોંપાઈ હતી. આરોપ છે કે અધિકારીઓએ માનીતી કંપનીઓને ફાયદો કરાવવા માટે ટેન્ડર પ્રક્રિયામાં મોટા પાયે ચેડાં કર્યા હતા. આ પ્રક્રિયામાં લાયક કંપનીઓને બાકાત રાખીને મળતિયાઓને જ કોન્ટ્રાક્ટ પધરાવી દેવાયા હતા.

### ઉચ્ચ અધિકારીઓ સહિત 21 સામે ગાળિયો કસાયો

એન્ટિ કરપ્શન બ્યુરોએ જે 21 લોકો સામે ગુનો નોંધ્યો છે, તેમાં આસિસ્ટન્ટ એકાઉન્ટ ઓફિસર, મેનેજરો, વેરહાઉસ કીપર અને તિરુપતિ સપ્લાયર્સ તથા જાગૃત એન્ટરપ્રાઈઝ જેવી ખાનગી પેઢીઓના માલિકોનો સમાવેશ થાય છે. આ ટોળકીએ ભેગા મળીને ગુનાઈત કાવતરું રચીને કોરોના સમયે જ ગરીબ બાળકોનો કોળિયો છીનવી લીધો હતો.

### ખોટા બિલો અને બોગસ કંપનીઓના કાવાદાવા

ચોંકાવનારી વિગત એ છે કે અનેક જગ્યાએ સામાનની કોઈ ડિલિવરી જ થઈ નહોતી. આમ છતાં ઊંચા ભાવના બોગસ બિલો રજૂ કરીને સરકારી તિજોરીમાંથી નાણાં સેરવી લેવામાં આવ્યા હતા. આ કૌભાંડમાં ફૂડ ગ્રેઈન, દાળ, તેલ અને મસાલાના નામે કાગળ પર મોટી લેતી-દેતી બતાવીને ભ્રષ્ટાચારનો આંકડો રૂ. 2000 કરોડ સુધી પહોંચ્યો હોવાનું મનાય છે.

### ટ્રમ્પની ટેરિફ ધમકીએ બજારને આજે પણ હચમચાવ્યું

# સેન્સેક્સ 5 દિવસમાં 2,200 પોઈન્ટ ગગડ્યો... 13 લાખ કરોડનું નુકસાન




(એજન્સી) મુંબઈ | તા.09

સોમવારથી શુક્રવાર સુધીનું આખું અઠવાડિયું ભારતીય શેરબજાર માટે મુશ્કેલ રહ્યું. છેલ્લા પાંચ દિવસમાં સેન્સેક્સ લગભગ 2,200 પોઈન્ટ ઘટીને . અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે, સેન્સેક્સ 604 પોઈન્ટ ઘટીને 83,576 પર બંધ થયો હતો, અને નિફ્ટી 193 પોઈન્ટ ઘટીને 25,683 પર બંધ થયો હતો. નિફ્ટી બેંક નિફ્ટી પણ 435 પોઈન્ટ ઘટીને બંધ થયો હતો.

BSEના ટોચના 30 શેરોમાંથી 21 લાલ નિશાનમાં બંધ થયા હતા, જ્યારે 9 લીલા નિશાનમાં બંધ થયા હતા. છેલ્લા પાંચ ટ્રેડિંગ દિવસોમાં સેન્સેક્સ 2,186 પોઈન્ટનો મોટો ઘટાડો થયો છે, જ્યારે NSE નિફ્ટીમાં 2.5% ઘટાડો થયો છે.

આ મોટા ઘટાડાને કારણે સતત પાંચ ટ્રેડિંગ સત્રોમાં BSEના માર્કેટ કેપમાં 13 લાખ કરોડથી વધુનો ઘટાડો થયો છે.

આ નોંધપાત્ર ઘટાડાને કારણે BSE ના મિડ-કેપ અને સ્મોલ-કેપ સૂચકાંકોમાં ઘટાડો થયો. આ વેચાણ મુખ્યત્વે રશિયાથી તેલ આયાત કરતા દેશો સામે યુએસ વેપાર કાર્યવાહી પર વધેલા તણાવને કારણે થયું હતું. ચાલો શેરબજારમાં ઘટાડા તરફ દોરી ગયેલા પરિબળોની તપાસ કરીએ.

# 7 મહિના બાદ લાલુ યાદવને મળ્યા તેજ પ્રતાપ

(એજન્સી) બિહાર | તા.09

રાષ્ટ્રીય જનતા દળ (RJD) અને પરિવારથી લાંબા સમય સુધી દૂર રહ્યા બાદ, જનશક્તિ જનતા દળના રાષ્ટ્રીય અધ્યક્ષ અને નીતિશ સરકારના પૂર્વ મંત્રી તેજ પ્રતાપ યાદવે દિલ્હીમાં પિતા લાલુ પ્રસાદ યાદવ સાથે મુલાકાત કરી છે. અનુષ્કા યાદવ વિવાદ બાદ પિતા-પુત્ર વચ્ચે લગભગ સાત મહિના પછી આ મુલાકાત થઈ છે. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં શુક્રવારે 'લેન્ડ ફોર જોબ' કેસમાં આરોપ ઘડવા અંગે સુનાવણી હતી. આ કેસમાં આરોપી તરીકે તેજ પ્રતાપ યાદવ પણ કોર્ટમાં હાજર રહ્યા હતા. કોર્ટની કાર્યવાહી પૂર્ણ થયા બાદ તેજ પ્રતાપ સીધા તેમની બહેન મીસા ભારતીના નિવાસ્થાને પહોંચ્યા હતા, જ્યાં હાલ લાલુ પ્રસાદ યાદવ રોકાયા છે. પિતા લાલુ પ્રસાદને મળીને બહાર નીકળ્યા બાદ તેજ પ્રતાપે મીડિયા સાથે વાતચીતમાં જણાવ્યું કે, 'મેં પિતાજીના આશીર્વાદ લીધા છે અને તેમને 14 જાન્યુઆરીએ પટનામાં મારા નિવાસસ્થાને આયોજિત મકર સંક્રાંતિના દહીં-ચૂડા ભોજન માટે આમંત્રણ આપ્યું છે.

# 65 હજાર કરોડની સબમરીન ખરીદશે ભારત ! અમદાવાદમાં જર્મન ચાન્સલરના સ્વાગત બાદ મોટી ડીલની શક્યતા

(એજન્સી) નવી દિલ્હી | તા.09

જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મર્ઝ આવતા અઠવાડિયે ભારતની પ્રથમવાર સત્તાવાર મુલાકાતે આવી રહ્યા છે. તેઓ 12 જાન્યુઆરીએ અમદાવાદ પહોંચવાના છે, જ્યાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમનું ભવ્ય સ્વાગત કરશે. બંને દેશોના નેતાઓની મુલાકાત દરમિયાન સૌથી વધુ ધ્યાન 8 બિલિયન ડોલર (અંદાજે 65 હજાર કરોડ રૂપિયા)ના સબમરીનની ડીલ પર રહેશે, જે બંને દેશો વચ્ચે અત્યાર સુધીની સૌથી મોટી સંરક્ષણ ભાગીદારી બની શકે છે.



### જર્મન-ભારતની કંપનીઓ ભારતીય સેના માટે બનાવશે છ સબમરીન

આ ઐતિહાસિક ડીલ હેઠળ ભારતીય નૌસેના માટે 6 અત્યાધુનિક સબમરીન બનાવવામાં આવશે, જેમાં વધુ 3 સબમરીન બનાવવાનો વિકલ્પ પણ સામેલ હશે. જર્મનીની દિગ્ગજ કંપની TKMS અને ભારતની સરકારી કંપની મઝગાંવ ડૉક (MDL) સંયુક્ત રીતે આ સબમરીનનું નિર્માણ કરશે. આ સબમરીન એર-ઈન્ડિપેન્ડન્ટ પ્રોપલ્શન ટેકનોલોજીથી સજ્જ હશે, જેનાથી તેઓ લાંબા સમય સુધી પાણીની અંદર રહી શકશે. આ પ્રોજેક્ટથી ભારતની દરિયાઈ સીમાઓ વધુ સુરક્ષિત બનશે. ચાન્સેલર મર્ઝ અમદાવાદમાં વડાપ્રધાન મોદી સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કર્યા બાદ બેંગલુરુની મુલાકાતે જશે. બેંગલુરુમાં તેઓ ભારતના ટેકનોલોજી અને આઈટી ક્ષેત્રની પ્રગતિનું નિરીક્ષણ કરશે અને સંભવિત રોકાણો અંગે ચર્ચા કરશે. જર્મની ભારતને વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે જોઈ રહ્યું છે.

**જર્મની ગ્રીન એમોનિયા ખરીદવા આતુર :** સંરક્ષણ ઉપરાંત જર્મની ભારત પાસેથી ગ્રીન એમોનિયા ખરીદવા માટે પણ આતુર છે. જર્મનીની સરકારી કંપની યુનિપર ભારત પાસેથી દર વર્ષે 2.5 લાખ મેટ્રિક ટન ગ્રીન એમોનિયા લેવા માટે ગ્રીનકો ગ્રુપ સાથે અંતિમ સમજૂતી કરી શકે છે. પર્યાવરણને અનુકૂળ એવા આ ઈંધણનો ઉપયોગ ગ્રીન હાઈડ્રોજન બનાવવા માટે થાય છે.

# અંકિતા ભંડારી હત્યા કેસની સીબીઆઇ તપાસ થશે: CM ધામીએ ભલામણ કરી

(એજન્સી) દેહરાદૂન | તા.09

ઉત્તરાખંડના ચર્ચિત અંકિતા ભંડારી હત્યાકાંડની તપાસ હવે CBI કરી શકે છે. આજે સીએમ પુષ્કર સિંહ ધામીએ CBI તપાસ માટે ભલામણ કરી દીધી છે. વિપક્ષ સતત તેની માંગ કરી રહ્યો હતો, આ માટે આખા રાજ્યમાં પ્રદર્શનો કરવામાં આવી રહ્યા હતા. આ ઉપરાંત, સીએમ ધામીએ એક વીડિયો જાહેર કરીને માહિતી આપતા જણાવ્યું કે અંકિતાના માતા-પિતાની વિનંતી અને તેમની ભાવનાઓનું સન્માન



કરતા સરકારે આ નિર્ણય લીધો છે.

ગત બુધવારે જ મુખ્યમંત્રીએ અંકિતાના માતા-પિતાને દેહરાદૂન બોલાવ્યા હતા, જ્યાં પરિવારે સીએમ સમક્ષ મામલામાં નિષ્પક્ષ તપાસની માંગ કરી હતી. સીએમ ધામીની જાહેરાત પછી કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ ગણેશ ગોદિયાલે કહ્યું કે CBI તપાસની ભલામણ કરીને સરકારે સ્વીકાર્યું છે કે ભૂતકાળમાં તેમનાથી ભૂલ થઈ છે.

માતા-પિતાની વિનંતી પર CBI તપાસની ભલામણ: મુખ્યમંત્રીએ જણાવ્યું કે અંકિતા ભંડારીના માતા-પિતા સાથે મુલાકાત દરમિયાન તેમણે CBI તપાસ કરાવવા વિનંતી કરી હતી, ત્યારબાદ સરકારે આ કેસમાં CBI તપાસની ભલામણ કરવાનો નિર્ણય લીધો.

# એટલાન્ટિકમાં ટ્રમ્પની સતત ત્રીજી 'સ્ટ્રાઇક' US નેવીએ વધુ એક ઓઇલ ટેન્કર કબજે કર્યું

(એજન્સી) નવી દિલ્હી | તા.09

વેનેઝુએલાના તેલ ઉત્પાદન પર ટ્રમ્પ વહીવટીતંત્રના કડક પગલાંને વધુ તીવ્ર બનાવતા, યુએસ દળોએ સતત ત્રીજા દિવસે કેરેબિયન સમુદ્રમાં ઓઈલ ટેન્કર 'ઓલિના' જપ્ત કર્યું છે.

યુએસ મરીન અને નેવીના કર્મચારીઓ દ્વારા વહેલી સવારે કરવામાં આવેલી કાર્યવાહીમાં ટેન્કરને અટકાવીને જપ્ત કરવામાં આવ્યું હતું. યુએસ દળો દ્વારા અત્યાર સુધી જપ્ત કરાયેલ આ પાંચમું ટેન્કર છે.

યુએસ સધર્ન કમાન્ડે જપ્તીની પુષ્ટિ કરી, એક મજબૂત સંદેશ આપ્યો કે 'ગુનેગારો પાસે છુપાવવા માટે ક્યાંય નથી.' રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને સત્તા પરથી દૂર કરવામાં આવ્યા પછી યુએસએ કુલ પાંચ ઓઈલ ટેન્કર



જપ્ત કર્યા છે.

યુએસ સધર્ન કમાન્ડે જણાવ્યું છે કે સમુદ્ર ગુનાહિત પ્રવૃત્તિ માટે સલામત સ્થળ નથી. આ કાર્યવાહી વેનેઝુએલાના તેલ વિતરણને નિયંત્રિત કરવા માટે વ્યાપક દબાણ અભિયાનનો એક ભાગ છે.

અગાઉ, યુએસ સૈન્યએ ઉત્તર એટલાન્ટિકમાં રશિયન ધ્વજવાળા ટેન્કર 'મરિનેરા' ને જપ્ત કર્યું હતું, જ્યારે કેરેબિયન સમુદ્રમાં અન્ય એક જહાજ જપ્ત કરવામાં આવ્યું હતું. આનાથી મોસ્કો અને વોશિંગ્ટન વચ્ચે રાજદ્વારી યુદ્ધ શરૂ થયું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે યુએસ સૈનિકો ઘણા દિવસોથી મરીનેરાનો પીછો કરી રહ્યા છે. રશિયન પરિવહન મંત્રાલયે આને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન ગણાવ્યું હતું. 'મરિનેરા' ના ક્રૂમાં ત્રણ ભારતીયોનો સમાવેશ થાય છે, જેમની સુરક્ષિત મુક્તિ માટે મોસ્કોએ યુએસને અપીલ કરી છે. આ ઉપરાંત, શંકાસ્પદ પ્રવૃત્તિઓ માટે અન્ય એક ટેન્કર, 'એમ/ટી સોફિયા' ને પણ જપ્ત કરવામાં આવ્યું છે. યુએસ દ્વારા જપ્ત કરાયેલ ટેન્કરનું નામ અગાઉ 'બેલા વન' હતું.

### લાલજી મૂળજી ટ્રાન્સપોર્ટ દ્વારા હરિયાણાથી અમદાવાદ દારુ આવ્યો, ભૂસું ફેંદતા જ બોટલો નીકળી

# લાકડાના ભૂસાની આડમાં દારૂની બોટલો મળી





**માધુપુરા પોલીસે આ અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. PCB પીઆઇ જે.પી જાડેજાની ટીમને બાતમી મળી હતી, જેના આધારે પ્રેમદરવાજાની લાલજી મૂળજી ટ્રાન્સપોર્ટમાં તપાસ કરી હતી. આ તપાસ દરમિયાન લોખંડના બેરલમાં લાકડાના ભૂસાની આડમાં દારૂની બોટલો છુપાવી હતી. PCBએ તમામ દારૂની બોટલ બહાર કાઢી કબ્જે કરી હતી. લાકડાના ભૂસાની આડમાં આવી 9.59 લાખની દારૂની બોટલો કબ્જે કરવામાં આવી હતી**

અમદાવાદ | અમદાવાદના પ્રેમ દરવાજા વિસ્તારમાં લાલજી મૂળજી ટ્રાન્સપોર્ટમાં PCBની ટીમે મોટી કાર્યવાહી કરી છે. હરિયાણાથી 'ન્યૂ કૃષ્ણા પેઈન્ટ્સ હાર્ડવેર' કંપનીના નામે આવેલા ભૂસાના લોખંડના બેરલમાંથી 2340 દારૂની બોટલો છુપાવેલી મળી આવી હતી. આ માલ-સામાન અમદાવાદમાં અશ્વિન વેગડા નામના વ્યક્તિને ડિલિવર થવાનો હતો. હાલ, માધુપુરા પોલીસ સ્ટેશને આ શખસ વિરુદ્ધ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી.

મળતી માહિતી મુજબ અમદાવાદના પ્રેમ દરવાજાના ટ્રાન્સપોર્ટમાં હરિયાણાથી એક કંપનીના નામે ભૂસું આવ્યું હતું, જેની આડમાં 2340 દારૂની બોટલો પણ હતી. PCBએ આ ભૂસાની આડમાં આવેલો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ જથ્થો અમદાવાદના જ એક વ્યક્તિના નામે આવ્યો હતો. માધુપુરા પોલીસે આ અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. PCB પીઆઇ જે.પી જાડેજાની ટીમને બાતમી મળી હતી, જેના આધારે પ્રેમદરવાજાની લાલજી મૂળજી ટ્રાન્સપોર્ટમાં તપાસ કરી હતી.આ તપાસ દરમિયાન લોખંડના બેરલમાં લાકડાના ભૂસાની આડમાં દારૂની બોટલો છુપાવી હતી. PCBએ તમામ દારૂની બોટલ બહાર કાઢી કબ્જે કરી હતી. લાકડાના ભૂસાની આડમાં આવી 9.59 લાખની દારૂની બોટલો કબ્જે કરવામાં આવી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે, હરિયાણાના ન્યૂ કૃષ્ણા પેઈન્ટ્સ હાર્ડવેરના નામે દારૂની બોટલો આવી હતી. જે અહીંયા અશ્વિન વેગડાને લેવાની હતી. ટ્રાન્સપોર્ટના ચલણમાં અશ્વિન વેગડાનું નામ લખ્યું હોવાથી પોલીસ તે મામલે તપાસ કરી રહી છે.આ અંગે માધુપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવી વધુ તપાસ કરવામાં આવી રહી છે.

# News Brief

## સેક્ટર-૪માં યુવાનનો રૂમમાં ગળેફાંસો ખાઈ લઈને આપઘાત



ગાંધીનગર | ગાંધીનગર શહેરના સેક્ટર ૪માં રહેતા પરિવારના ૨૧ વર્ષીય યુવાન પુત્ર દ્વારા ગઈકાલે સાંજના સમયે પોતાના રૂમમાં પંખા સાથે ચાદર બાંધીને આપઘાત કરી લેવામાં આવ્યો હતો. જે ઘટના સંદર્ભે સેક્ટર ૭ પોલીસ દ્વારા અકસ્માતે મોત દાખલ કરીને તપાસ શરૂ કરવામાં આવી છે.

આ ઘટના અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરના સેક્ટર ૪-એમાં મકાન નંબર ૮૩-૨ ખાતે રહેતા પરિવારના ૨૧ વર્ષીય યુવાન અનસ અબ્દુલરસીદ પટેલ દ્વારા ગઈકાલે બપોરના સમયે માતા અને દાદી સાથે ભોજન લીધા બાદ તેના રૂમમાં ગયો હતો. આ દરમિયાન અંદરથી તેણે દરવાજો બંધ કરી દીધો હતો પરંતુ ઘણો સમય વીતવા છતાં તે રૂમમાંથી બહાર આવ્યો ન હતો અને પરિવારજનો દ્વારા તેનો દરવાજો ખખડાવવામાં આવ્યો હતો પરંતુ કોઈ પ્રત્યુત્તર આપ્યો નહોતો. જેના પગલે બારીમાંથી જોતા પરિવારના માથે આભ ફાટયા જેવી સ્થિતિ સર્જાઈ હતી. કેમ કે પંખા સાથે લટકતી હાલતમાં અનસ જોવા મળ્યો હતો. જેથી પરિવારજનો દરવાજો તોડીને તાત્કાલિક તેને નીચે ઉતાર્યો હતો. આ ઘટના સંદર્ભે સેક્ટર ૭ પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ સ્થળ ઉપર પહોંચી હતી અને અકસ્માતે મોત દાખલ કરીને યુવાનના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી આપ્યો હતો. જોકે આ યુવાને કયા કારણોસર આપઘાત કર્યો તે જાણવા માટે પોલીસ દ્વારા મથામણ શરૂ કરવામાં આવી છે તેના દ્વારા લખવામાં આવેલી કોઈ અંતિમ ચિઠ્ઠી પણ પોલીસને મળી આવી નથી.

## ગાંધીનગરમાં કોંગો ફિવરની એન્ટ્રી, એક કેસ નોંધાયો...

ગાંધીનગર । ગુજરાતમાં પાણીજન્ય રોગોના વધતા કેસ વચ્ચે હવે પ્રાણીઓથી માણસમાં ફેલાતા કોંગો હેમરેજિક ફીવરનો પ્રથમ કેસ સામે આવ્યો છે. ગાંધીનગર જિલ્લાના પિંડારડા ગામમાં રહેતા ૨૬ વર્ષીય પશુપાલક યુવાનને આ જીવલેણ વાયરસનો ચેપ લાગ્યો હોવાનું પુષ્ટિ થયું છે. આ ઘટનાએ રાજ્યના આરોગ્ય અને પશુપાલન વિભાગને તાત્કાલિક કાર્યવાહી કરવા મજબૂર કર્યા છે, જ્યારે સ્થાનિક વસ્તીમાં ભયનું વાતાવરણ ફેલાયું છે. પુણેની લેબોરેટરીમાં કરાયેલા ટેસ્ટમાં યુવાનને પોઝિટિવ જાહેર કરવામાં આવ્યો છે, જેના પગલે વ્યાપક તપાસ અને નિવારણના પગલાં શરૂ કરાયા છે.

ગાંધીનગર તાલુકાના પિંડારડા ગામમાં રહેતા આ યુવાન પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા છે અને તેમને છેલ્લા કેટલાક દિવસોથી તીવ્ર તાવ સહિત અન્ય લક્ષણો જોવા મળ્યા હતા. તેમને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરીને સારવાર આપવામાં આવી રહી છે. તબીબોએ તેમના સેમ્પલ લઈને પુણેની રાષ્ટ્રીય લેબોરેટરીમાં મોકલ્યા હતા, જ્યાં પરીક્ષણમાં કોંગો હેમરેજિક ફીવર પોઝિટિવ આવ્યો હતો. આ વાયરસ મુખ્યત્વે પશુઓ પર રહેતી ઈતરડી દ્વારા ફેલાય છે અને પશુપાલકો માટે તે વધુ જોખમી છે. યુવાનના તબેલામાં રહેલા પશુઓ સાથેના સતત સંપર્કને કારણે તેમને ચેપ લાગ્યો હોવાનું માનવામાં આવે છે.

## 15 વર્ષીય દીકરી પર ગેંગરેપ : બે યુવકે રૂમમાં ગોંધી રાખી વારાફરતી દુષ્કર્મ ગુજાર્યું

વડોદરા | 4 ઓક્ટોબર, 2024ને નવરાત્રિના બીજા નોરતે ભાયલીમાં 16 વર્ષની સગીરા પર થયેલા સામુહિક દુષ્કર્મની ઘટના બાદ વધુ એક ગેંગરેપની ઘટના વડોદરા શહેરમાં સામે આવી છે. 8 જાન્યુઆરીને ગુરૂવારના રોજ બપોરે ઘરેથી નીકળેલી 15 વર્ષીય સગીરાને ફતેગંજ વિસ્તારમાં રહેતા હર્ષિત મેકવાન અને હેપ્પી નામના યુવકે રૂમમાં લઈ જઈ ત્રણ કલાક સુધી ગોંધી રાખી વારાફરતી દુષ્કર્મ આચર્યું હતું. આ મામલે પીડિતાના માતાએ ફતેગંજ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે પીડિતના માતાની ફરિયાદના આધારે બન્ને આરોપીને દબોચી લીધા છે. મોડીરાતે ઘટનાની જાણ થતાં પીડિતાના સમાજના લોકો પણ મોટી સંખ્યામાં હોસ્પિટાલ દોડી ગયાં હતાં.

પોલીસ પર ગંભીર આક્ષેપ કરતા પીડિતાના પરિવારજો અને સમાજના આગેવાને જણાવ્યું કે, ફરિયાદ નોંધાવવા ગયેલા પરિજનોને પોલીસે તગેડી મૂક્યાં હતાં. જે બાદ સમાજનો અન્ય લોકો પરિવાર સાથે પોલીસ સ્ટેશને પહોંચતાં પોલીસે ફરિયાદ નોંધી હતી અને કાર્યવાહી કરી હતી. ન્યાયની માગ સાથે પીડિતાના પિતાએ જણાવ્યું હતું કે, મારી દીકરીને 2 છોકરાએ બોલાવી હતી અને ઘરમાં લઈ જઈને બે-ત્રણ કલાક તેની સાથે રેપ કર્યો હતો. હું લારી ચલાવી રહ્યો હતો. મારી પર ફોન આવ્યો ત્યારે હું ઘરે પહોંચ્યો હતો. પોલીસ સ્ટેશનમાં ગયા તો ફરિયાદ લખવામાં નહોતી આવતી. અમારી પત્ની સીધીસાદી છે, એટલે તેને કોઈ સાંભળતું નહોતું. જ્યારે હું અને બીજા ચાર-પાંચ માણસો અને ઘરના લોકો આવ્યા હતા.

### કોર્પોરેશન તંત્ર સફાળુ જાગ્યું...

## અમદાવાદમાં વોટર જગ સપ્લાયરે પાણીમાં કલોરીન પણ નાંખવુ પડશે

અમદાવાદ | અમદાવાદમાં વ્યાપક બનતા જતા પાણીજન્ય રોગચાળાને નિયંત્રણમાં લેવા કોર્પોરેશન તંત્ર સફાળુ જાગ્યુ છે. શહેરમાં ૧૭૦ જેટલા વોટર જગ સપ્લાયર રજિસ્ટર્ડ છે. આ તમામે તેમના આઉટલેટ સપ્લાય સાથે કલોરીન ઉમેરવુ પડશે. ઉપરાંત કોર્પોરેશનના જે તે ઝોનના ડેપ્યુટી હેલ્થ ઓફિસરના ગુપમાં તેના ફોટા પણ મોકલવા પડશે.

ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર(હેલ્થ) ભરત પરમારે કહયુ,હાલમા પાણીજન્ય કેસોને ધ્યાનમા રાખીને વોટર જગ સપ્લાયર રહેણાંક અને કોમર્શિયલ એકમોમા પીવાનુ પાણી કલોરીનયુકત પહોંચાડે એ જરુરી છે. તમામ વોટરજગ સપ્લાયર સાથે આ અંગે બેઠક કરી હોવાનો તેમણે દાવો કર્યો હતો.આ ઉપરાંત જે સ્થળે તેઓ વ્યવસાય કરતા હોય તે સ્થળે પાણી ભરતા પહેલા જગને સ્વચ્છ કરી સપ્લાય કરવામા આવતા પાણીમા કલોરીન નિયમ મુજબ છે કે નહીં તે ટેસ્ટ કરી કલોરીન યુકત પાણી સપ્લાય કરવાનુ રહેશે. કોર્પોરેશનની અલગ અલગ ટીમ દ્વારા સમયાંતરે આ તમામ વોટરજગ સપ્લાયરને ત્યાં તપાસ કરાશે.નિયમોનુ પાલન નહીં કરનારા સામે કોર્પોરેશન કાર્યવાહી કરશે.

ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરે અનેક ચાલી વિસ્તારમા છેવાડાના વિસ્તારમા પ્રદૂષિત પાણીની સમસ્યા જોવા મળી હોવાનુ કહયુ હતુ. આ પાછળ આગળના ભાગમા રહેનારા પાણી મેળવવા મોટર ચલાવતા હોવાથી અંદરના વિસ્તાર સુધી અપુરતા પ્રેશરથી પણ પાણી પહોંચતુ હોવાનો તર્ક તેમણે વહેતો કર્યો હતો.

## હર્ષ સંઘવી ક્રેડાઈ અમદાવાદ-GIHEDના 'યુથકોન - ધ અનસ્ટોપેબલ' કોન્કલેવમાં ઉપસ્થિત રહ્યા

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

અમદાવાદ ખાતે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં ક્રેડાઈ અમદાવાદ-GIHED દ્વારા આયોજિત 'યુથકોન - ધ અનસ્ટોપેબલ' કોન્કલેવ યોજાયો હતો. ક્રેડાઈ અમદાવાદ-GIHED દ્વારા 20મા પ્રોપર્ટી ઓલિમ્પિયાડ અંતર્ગત આ કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કોન્કલેવમાં શહેરના ભાવિ વિકાસ, શહેરી આયોજન અને રિયલ એસ્ટેટ ક્ષેત્રના પડકારો તથા શક્યતાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

આ અવસરે QCIના પ્રેસિડેન્ટ શ્રી જક્ષય શાહ તથા ક્રેડાઈના નેશનલ પ્રેસિડેન્ટ શ્રી શેખરભાઈ પટેલે નાયબ મુખ્યમંત્રી સાથે સંવાદ સાધ્યો હતો.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ અમદાવાદના વિકાસ માટે રાજ્ય સરકારના વિઝન અંગે વાત કરતા અર્બન ડેવલપમેન્ટમાં મોબિલિટીની મહત્વની ભૂમિકા ઉપર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર




ટ્રાન્સપોર્ટેશન વ્યવસ્થાને વધુ સુગમ બનાવવા સતત કાર્ય કરી રહી છે અને આગામી સમયમાં અમદાવાદ દેશમાં શ્રેષ્ઠ પબ્લિક ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમ ધરાવતું શહેર બનશે. તેમણે તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસની ચર્ચા કરી અને ખેલમહાકુંભમાં લાખો ખેલાડીઓની ભાગીદારીનો ઉલ્લેખ કર્યો હતો.

## જામનગરમાં પીધેલાની જાહેરમાં લવારી-પોલીસવાળા ક્યાં મરી ગયા?

જામનગર । જામનગરના લાલપુરમાં દારૂબંધી લીરેલીરા ઉડાવતો એક વીડિયો સામે આવ્યો છે. જેમાં ભરબજારે એક શખ્સ દારૂ પીને બેફામ વાણીવિલાસ કરતો જોવા મળે છે અને પોલીસને ચેલેન્જ કરે છે કે લાલપુરના પોલીસવાળા ક્યા મરી ગયા..? જોકે, આ વીડિયો વાયરલ થતાં જ શરમમાં મુકાયેલી પોલીસે તુરંત કાર્યવાહી કરીને શખ્સને ઝડપીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

મળતી માહિતી મુજબ ગઈકાલે લાલપુરના ભરબજારમાં એક શખ્સ જાહેરમાં 20 રુપિયાની પોટલીનો નશો કરીને ધમાલ મચાવી હતી. તેણે બેફામ વાણી વિલાસ કર્યો હતો અને પોતાના ખિસ્સામાંથી દારૂ ભરેલી પ્લાસ્ટિકની કોથળી કાઢી બફાટ કરતો જોવા મળ્યો હતો. આ દરમિયાન તેના હાથમાં રહેલી દારૂની કોથળી અચાનક ફૂટી ગઈ હતી અને દારૂ રસ્તા પર ઢોળાવા લાગ્યો હતો. તેણે કોથળીમાં બચેલો દારૂ જાહેરમાં જ પી લીધો હતો અને ખાલી કોથળી ફેંકીને ત્યાંથી ચાલતી પકડી હતી.

### સ્ટેન્ડિંગ કમિટી પહેલા મેયરની એન્ટી ચેમ્બરમાં હોદ્દેદારોએ બેઠક કરી

## ઈન્દોર જેવું કાંડ ન થાય એટલે અમદાવાદમાં 300 કરોડના ખર્ચે પાણી-ડ્રેનેજની જૂની લાઈનો બદલવામાં આવશે...

અમદાવાદ । અમદાવાદમાં પાણીજન્ય એવા ઝાડા ઉલટી, કમળો, ટાઈફોઈડ અને કોલેરાના કેસ વધી રહ્યા છે. ઈંદોરની જેમ જળકાંડ સર્જાવાની દહેશત વચ્ચે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સતત મીટિંગના દોર શરુ થઈ ગયા છે. રોગચાળા માટે 26 હોટસ્પોટ એરીયા જાહેર કરાયા છે.

ગોમતીપુર,બહેરામપુરા અને દાણીલીમડા સહિતના અનેક એવા વિસ્તાર છે કે જયાં કોર્પોરેશનની પાણી કે ડ્રેનેજની લાઈન પસાર થાય છે તે વિસ્તારમા લાઈન બદલવા મકાનો તોડવા પડે એવી સ્થિતિ સર્જાઈ છે. કેટલાક મકાન તોડવા પડશે એ અંગે સર્વે શરુ કરવામા આવ્યો છે. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનના કહેવા મુજબ,પાણી અને ડ્રેનેજની લાઈન બદલવા અંદાજે રુપિયા 300 કરોડનો ખર્ચ થશે. શહેરમાં છેલ્લા કેટલાક સમયથી પ્રદૂષિત પાણીના કારણે ટાઈફોઈડ સહિતના રોગના



કેસ વધ્યા છે. જેને કારણે કોર્પોરેશનના હેલ્થ અને ઈજનેર વિભાગ સહિતનો સ્ટાફ દોડતો થઈ ગયો છે. આગામી સમયમાં કોર્પોરેશનની સામાન્ય ચૂંટણી આવી રહી છે. આ પહેલા શહેરમાં રોગચાળાની પરિસ્થિતિ વકરે નહીં એ માટે મ્યુનિસિપલ કમિશનરની સાથે શાસક ભાજપના હોદ્દેદારો પણ કામે લાગી ગયા છે. જે વિસ્તારોમાં લોકોને પ્રદૂષિત પાણી મળે છે એ વિસ્તારના લોકોને જ્યાં સુધી પ્રદૂષણની સમસ્યા હલ ના થાય ત્યાં સુધી ટેન્કરથી પાણી પુરુ પાડવા પાછળ પણ કોર્પોરેશન લાખો રૂપિયાનો ખર્ચ કરે છે. થોડા સમય પછી ફરી જે સ્થળે પાણીમા પોલ્યુશન આવવાની સમસ્યા અગાઉ થઈ હોય ત્યાંના લોકોની ફરિયાદ તંત્રને મળે છે.

સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીએ કહ્યું કે,પાણીના પોલ્યુશનની સમસ્યાના કાયમી નિકાલ માટે વર્ષો જુની લાઈનના સ્થાને નવી લાઈન નાંખવાનો નિર્ણય કરવામા આવ્યો છે. વિવિધ વિસ્તારમાં આવેલા વેજીટેબલ માર્કેટ અને ખાણી-પીણી બજારમાંથી સડેલા બટાકા સહિતના અન્ય શાકભાજીના જથ્થાનો નાશ કરવાથી લઈ તમામ સ્થળે સાફ સફાઈ રાખવા તમામ વિભાગને તાકીદ કરવામા આવી છે.

## રાહ-વીર યોજના અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ માટે વિશેષ માર્ગ સલામતી સત્ર યોજાયું

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

રાહ-વીર (Good Samaritan) યોજના અંગે યુવાનોમાં જાગૃતિ વધારવાના હેતુસર એચ. એલ. કોલેજ ઓફ કોમર્સ દ્વારા તા. 8 જાન્યુઆરી, 2026ના રોજ બી.કોમ બેન્કિંગ એન્ડ ફિનાન્સ (ઓનર્સ) તથા બી.કોમ નાણાકીય સેવાઓના વિદ્યાર્થીઓ માટે માર્ગ સલામતી અંગે વિશેષ જાગૃતિ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન મારફતે વિવિધ માર્ગચિહ્નો, તેમના અર્થ અને વ્યવહારુ ઉપયોગ અંગે માહિતી આપવામાં આવી હતી. સાથે જ 'રાહ-વીર' ગુડ સમેરિટન યોજનાનો પરિચય કરાવતા મહેમાનોએ જણાવ્યું હતું કે માર્ગ અકસ્માત સમયે પીડિતને સમયસર મદદ કરનાર નાગરિકોને કાયદાકીય સુરક્ષા તથા સરકાર તરફથી પ્રોત્સાહન આપવામાં આવે છે, જેથી લોકો નિર્ભયપણે એને માનવતા આધારિત સહાય માટે આગળ આવી શકે.

વિદ્યાર્થીઓમાં માર્ગ સલામતી અંગે રસ અને સંવેદનશીલતા વધે તે હેતુથી સત્રને ઈન્ટરએક્ટિવ બનાવવામાં આવ્યું હતું, જેમાં પ્રશ્નોત્તરી સત્ર દ્વારા



વિદ્યાર્થીઓએ પોતાની જિજ્ઞાસાઓ વ્યક્ત કરી હતી. ઉત્તરાયણના પર્વને ધ્યાનમાં રાખીને માર્ગ સલામતીના સંદેશ સાથેના પતંગો આપી મહેમાનોનું સન્માન કરવામાં આવ્યું હતું, જેના માધ્યમથી સુરક્ષિત ઉજવણીનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં માર્ગ સલામતી અંગે જાગૃતિ વધારવા સાથે 'રાહ-વીર' જેવી માનવતાવાદી યોજનાનો વ્યાપક પ્રચાર કરવામાં આવ્યો, જેના પરિણામે ભવિષ્યમાં વધુ જવાબદાર વાહનચાલકો અને સંવેદનશીલ નાગરિકો તૈયાર થઈ શકે તેવો આશાવાદ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## સોમનાથ સ્વાભિમાન પર્વમાં સહભાગી થવા વિશેષ ટ્રેન મારફતે ગાંધીનગર જિલ્લાના 825 શિવ ભક્તો રવાના

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

તા. ૮ થી ૧૧ જાન્યુઆરી દરમિયાન યોજાઈ રહેલ ભારતની આધ્યાત્મિક આસ્થાના પ્રતિક 'સ્વાભિમાન પર્વ' અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા શિવભક્ત શ્રદ્ધાળુઓ માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત વિવિધ શહેરોથી સોમનાથ જવા ઈચ્છતા શ્રદ્ધાળુઓ માટે વિશેષ ટ્રેનોની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.ત્યારે ગાંધીનગર જિલ્લા માંથી પણ ૮૨૫ શિવભક્તો ભજન મંડળીઓ સહિત સોમનાથ જવા તા.૦૮ જાન્યુઆરીના રોજ સાબરમતી રેલવે સ્ટેશન અમદાવાદથી રવાના થયા છે.

પવિત્ર સોમનાથધામે જતા શ્રદ્ધાળુઓને સુલભ, સુરક્ષિત અને અનુકૂળ મુસાફરી મળી રહે તે માટે સરકાર દ્વારા આયોજનબદ્ધ વ્યવસ્થા કરવામાં આવી છે.જે અંતર્ગત કલેકટરશ્રી ગાંધીનગર મેહુલ કે.દવેના દિશાનિર્દેશ હેઠળ સોમનાથ જતાં યાત્રીઓ માટે ૮૬૪ ફુડ પેકેટ સહિત પીવાના પાણીની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. સોમનાથ સ્વાભિમાન પર્વ નિમિત્તે જઈ રહેલા શિવભક્ત શ્રદ્ધાળુઓનો ઉત્સાહ વધારતા પ્રાંતશ્રી ગાંધીનગર પાર્થ કોટડીયા, મામલતદાર શ્રી મહેશ ગોહિલ તથા જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

### ગાંધીનગર મનપાની વેરા વસૂલાતમાં નોંધપાત્ર વૃદ્ધિ

## વ્યવસાય વેરામાં 10% અને વાહન વેરામાં 33%નો વધારો નોંધાયો

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત હાથ ધરવામાં આવેલી વેરા વસૂલાત ઝુંબેશને અભૂતપૂર્વ સફળતા મળી છે. મનપા દ્વારા કરદાતાઓને સમયસર વેરો ભરવા માટે પ્રોત્સાહિત કરવા અને પેનલ્ટીથી બચાવવા માટે કરાયેલા પ્રયાસોના ફળસ્વરૂપે, ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં વ્યવસાય વેરા અને વાહન વેરાની વસૂલાતમાં ગત વર્ષની સરખામણીએ નોંધપાત્ર વધારો નોંધાયો છે.

વ્યવસાય વેરામાં ૧૦% નો વધારો ગાંધીનગર મહાનગરપાલિકાના વ્યવસાય વેરા વિભાગ દ્વારા વેરાધારકોને સમયસર માંગણા બીલ અને નોટિસનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેના પરિણામે તા. ૩૧.૧૨.૨૦૨૫ સુધીમાં કુલ રૂ. ૧૪ કરોડનો વ્યવસાય વેરો વસૂલ કરવામાં આવ્યો છે. આ આંકડો ગત વર્ષના આ સમયગાળાની સરખામણીમાં ૧૦% વધુ છે. ઉલ્લેખનીય છે કે, મનપાએ વ્યવસાય વેરાના વાર્ષિક લક્ષ્યાંકના ૯૫% જેટલી વસૂલાત અત્યાર સુધીમાં જ પૂર્ણ કરી લીધી છે.

હાલમાં ઝોન વાઈઝ બાકીદારોને રૂબરૂ નોટિસ બજવણીની કામગીરી ચાલુ છે અને આગામી દિવસોમાં આ કામગીરી વધુ સઘન બનાવવામાં આવશે. જે વ્યવસાયીઓ, વેપારીઓ કે ધંધાદારીઓએ હજુ સુધી નોંધણી કરાવી નથી કે વેરો ભર્યો નથી, તેમને તાત્કાલિક અસરથી વેરો ભરપાઈ કરવા અપીલ કરવામાં આવે છે.

ઓનલાઈન સુવિધા ઉપલબ્ધ નાગરિકોની સુવિધા માટે અને સમયની બચત થાય તે હેતુથી મહાનગરપાલિકા દ્વારા ઓનલાઈન ટેક્સ પેમેન્ટની સુવિધા ઉપલબ્ધ છે. કરદાતાઓ ગાંધીનગર મહાનગરપાલિકાની વેબસાઈટ https://gandhinagarmunicipal.com અથવા ડાયરેક્ટ પોર્ટલ https://services.gandhinagarmunicipal.com પર જઈને વ્યવસાય અને વાહન નોંધણી તેમજ વેરાની ચુકવણી કરી શકે છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## 6 કલાકમાં 11 વખત ભૂકંપના આંચકાથી ફફડાટ, ધોરાજી જેતપુરની શાળાઓમાં રજા અપાઈ

# રાજકોટમાં ભૂકંપના આંચકાથી ધરા ધ્રૂજી જનતા ભયભીત થઈ

(એજન્સી) રાજકોટ । તા. 09

સૌરાષ્ટ્રના પાટનગર સમાન રાજકોટ જિલ્લામાં આજે કુદરતી આફતનો ઓછાયો જોવા મળ્યો હતો. શુક્રવારની વહેલી સવારથી જ રાજકોટ જિલ્લાના અનેક તાલુકાઓમાં ભૂગર્ભીય હલચલ તેજ થતા લોકોના જીવ પડીકે બંધાયા હતા. વહેલી સવારના છ વાગ્યાથી બપોરના બાર વાગ્યા સુધીના ટૂંકા ગાળામાં એક પછી એક ભૂકંપના આંચકા અનુભવાતા સમગ્ર પંથકમાં ભયનો માહોલ વ્યાપી ગયો હતો. ખાસ કરીને જેતપુર અને ધોરાજી વિસ્તારમાં લોકો ઊંઘમાંથી ફફડીને જાગી ગયા હતા અને જીવ બચાવવા ખુલ્લા મેદાનમાં દોડી આવ્યા હતા.

### સવારથી ભૂગર્ભીય હલચલનો પ્રારંભ

સીસ્મોલોજી વિભાગના ડેટા મુજબ, આજ સવારથી જ ધરતીમાં અસાધારણ હલચલ જોવા મળી હતી. સવારના ૬:૧૯ વાગ્યે જ્યારે સમગ્ર પંથક નિદ્રાધીન હતો, ત્યારે ૩.૮ની તીવ્રતાનો જોરદાર આંચકો અનુભવાયો હતો. આ આંચકો એટલો પ્રચંડ હતો કે ઘરના વાસણો અને બારી-બારણાં ધ્રૂજવા લાગ્યા હતા. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ પ્રથમ આંચકા બાદ ભૂકંપનો સિલસિલો અટકવાનું નામ લેતો નહોતો. એક કલાકની અંદર જ વારંવાર આવતા આંચકાઓએ



વહીવટી તંત્ર અને નાગરિકોની ચિંતામાં મોટો વધારો કર્યો હતો.

### ૬ કલાકમાં ૧૧ આંચકાની ચોંકાવનારી વિગત

રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ખાસ કરીને જેતપુર, ધોરાજી અને ઉપલેટામાં કુદરતે આજે રૌદ્ર સ્વરૂપ બતાવ્યું હોય તેમ જણાય છે. સવારે ૬ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા સુધીના માત્ર ૬ કલાકના સમયગાળામાં કુલ ૧૧ વખત ધરતી ધ્રૂજી હોવાના અહેવાલ સાંપડ્યા છે. બપોરે પોણા ૧૨ વાગ્યા સુધી આંચકાઓનો દોર સતત ચાલુ રહ્યો હતો. આ ઘટનાક્રમ બાદ સિસ્મોલોજિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. વારંવાર આવતા આ આંચકાઓને કારણે લોકો પોતાના મકાનોમાં જવાની હિંમત કરી શક્યા નહોતા.

### શિક્ષણ સંસ્થાઓ અને જનજીવન પર અસર

સ્થાનિક પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવ્યા હતા. જેતપુર અને ધોરાજી પંથકની શાળાઓમાં બાળકોની સુરક્ષાને સર્વોપરી ગણીને તાત્કાલિક અસરથી રજા જાહેર કરી દેવામાં આવી હતી. શાળાના સંચાલકોએ જણાવ્યું હતું કે, વારંવાર આવતા આંચકાઓને કારણે બાળકો ગભરાઈ ગયા હતા, જેના પગલે વાલીઓને બોલાવીને બાળકોને સુરક્ષિત ઘરે મોકલી દેવાયા હતા. આ લખાય છે ત્યાં સુધી લોકોમાં હજુ પણ ફફડાટ જોવા મળી રહ્યો છે અને તંત્ર દ્વારા અફવાઓથી દૂર રહેવાની અપીલ કરવામાં આવી છે.

### ભૂકંપનું કેન્દ્રબિંદુ અને વૈજ્ઞાનિક પાસું

મીડિયા અહેવાલ મુજબ, આ ભૂકંપના આંચકાઓનું કેન્દ્રબિંદુ રાજકોટની આસપાસના વિસ્તારોમાં જ હોવાનું અનુમાન છે. ૩.૮ની તીવ્રતા બાદ જે અન્ય નાના-મોટા આંચકા આવ્યા તેને તકનીકી ભાષામાં 'આફ્ટરશોક્સ' તરીકે જોવામાં આવે છે.

## પેટાળમાં વધતી હલચલ: એક જ માસમાં અનેક આંચકા નોંધાયા

રાજકોટ/જેતપુર | સૌરાષ્ટ્રના પેટાળમાં છેલ્લા કેટલાક સમયથી ભૂગર્ભીય હલચલ તેજ બની છે. ગુરુવારે રાત્રિના ૮:૪૩ વાગ્યે જેતપુર પાસે ૩.૩ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાતા સમગ્ર પંથકમાં ભયનો માહોલ પ્રસરી ગયો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ જેતપુરના પાંચપીપળા ગામ પાસે જમીનથી માત્ર ૬.૧ કિમીની ઊંડાઈએ નોંધાયું હતું. આ આંચકો એટલો તીવ્ર હતો કે જેતપુર, ધોરાજી અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં લોકો ફફડાટના માર્યા ઘરની બહાર દોડી આવ્યા હતા. અમરેલી અને ગીર પંથકમાં પણ ધ્રુજારી સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, જેતપુર ઉપરાંત અમરેલીના ખાંભા પંથકમાં પણ સાંજના સમયે ૧.૯ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો. ઈંગોરાલા, નાની ધારા અને નાના વિસાવદર જેવા ગામોમાં ધરતી ધ્રૂજતા લોકોમાં ગભરાટ ફેલાયો હતો. ધોરાજીમાં આશરે ૩ સેકન્ડ સુધી કંપન અનુભવાયું હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે. સદનસીબે, આ આંચકાઓને કારણે કોઈ જાનહાનિ કે મોટા નુકસાનના સમાચાર નથી, પરંતુ લોકોમાં ૨૦૦૧ના ભૂકંપની યાદો તાજી થઈ ગઈ છે.

## સોમનાથ સ્વાભિમાન કાર્યક્રમ ભીડ એકઠી કરવા શિક્ષકોને સોંપાયો ટાર્ગેટ



જૂનાગઢ/સોમનાથ: આગામી ૧૧મી જાન્યુઆરીએ સોમનાથ ખાતે આયોજિત 'સોમનાથ સ્વાભિમાન કાર્યક્રમ'માં મોટી સંખ્યામાં મેદની એકત્ર કરવા માટે સરકારી તંત્રએ એડીચોટીનું જોર લગાવ્યું છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જૂનાગઢ જિલ્લાના શિક્ષકોને ગામડાઓમાંથી લોકોને લાવવાનો ચોક્કસ ટાર્ગેટ આપવામાં આવ્યો છે. આ હુકમને પગલે શિક્ષકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે, કારણ કે આ વધારાની કામગીરી માટે તેમની રવિવારની રજા પણ રદ કરી દેવામાં આવી છે. શિક્ષકો અને આંગણવાડી કાર્યકરો પર દબાણ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, જૂનાગઢ તાલુકાના શિક્ષકોને એવી જવાબદારી સોંપવામાં આવી છે કે તેમણે ગ્રામ્ય વિસ્તારોમાંથી લોકોને એકત્ર કરી જૂનાગઢ લાવવા અને ત્યાંથી સરદારબાગ કચેરી ખાતેથી ઉપડતી બસોમાં સોમનાથ લઈ જવા. આ માટે શિક્ષકોને વિદ્યાર્થીઓના વાલીઓ પર દબાણ કરવા પણ જણાવાયું હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

## વડોદરા કોર્પોરેશન સીલિંગ ડ્રાઈવ: રહેણાંકમાં દુકાનો બનાવનારા ૧૦ મિલકતદારો સામે તવાઈ

(એજન્સી) વડોદરા । તા. 09

વડોદરા શહેરમાં રહેણાંકની પરવાનગી મેળવીને તેનો વ્યાપારી હેતુ માટે ઉપયોગ કરનારા મિલકતદારો સામે વડોદરા મહાનગરપાલિકાએ લાલ આંખ કરી છે. મ્યુનિસિપલ કમિશનર અરુણ બાબુની કડક સૂચના બાદ ટાઉન પ્લાનિંગ વિભાગના અધિકારી પરિમલ પટણી અને તેમની



ટીમે ગતરોજ શહેરના કારેલીબાગ અને ગોરવા વિસ્તારમાં આકસ્મિક દરોડા પાડી ૧૦ દુકાનોને સીલ મારી દીધા છે. આ કાર્યવાહીને પગલે ગેરકાયદેસર બાંધકામ કરનારા તત્વોમાં ફફડાટ ફેલાયો છે. રહેણાંકમાં કોમર્શિયલ ઉપયોગ: કાયદાનો ભંગ સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, કારેલીબાગ જીવનભારતી ચાર રસ્તા પાસે આવેલી ગાંધીગ્રામ સોસાયટીના બ્લોક નં. ૨૨ ના માલિકે રહેણાંકની વિકાસ પરવાનગી લીધી હતી. જોકે, સ્થળ પર રહેણાંકને બદલે કોમર્શિયલ દુકાન બનાવીને વ્યવસાય શરૂ કરી દેવામાં આવ્યો હતો. ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યાને ધ્યાનમાં રાખીને તંત્રએ આ દુકાનને તાત્કાલિક અસરથી સીલ કરી દીધી છે. ગોરવા વિસ્તારમાં મોટી કાર્યવાહી બીજી તરફ, ગોરવા વિસ્તારમાં આવેલી શબનમ પાર્ક સોસાયટીમાં પણ આવી જ ગેરરીતિ સામે આવી હતી. અહીં રહેણાંકના મકાનોમાં બિનપરવાનગી કોમર્શિયલ વપરાશ થતો હોવાનું જણાતા ટીપી વિભાગે એકસાથે ૯ દુકાનોને સીલ કરી દીધી છે. કોર્પોરેશનના જણાવ્યા મુજબ, રહેણાંક વિસ્તારોમાં દુકાનો ખુલવાથી રસ્તા પર વાહનોના પાર્કિંગનું ભારણ વધે છે, જે ટ્રાફિકની સમસ્યામાં વધારો કરે છે.

## જામનગર શંકર ટેકરી જૂથ અથડામણ: પ્રેમ પ્રકરણમાં બે પરિવારો વચ્ચે જંગ

(એજન્સી) જામનગર । તા. 09

જામનગરના શંકર ટેકરી વિસ્તારમાં એક યુવાનને પડોશમાં રહેતી પરિણીતા સાથેની મિત્રતા ખૂબ જ મોંઘી પડી છે. આ આડા સંબંધોની શંકાના આધારે બે પરિવારો સામસામે આવી જતાં રણમેદાન જેવી



સ્થિતિ સર્જાઈ હતી. બંને પક્ષો દ્વારા એકબીજાના મકાનો અને વાહનો પર ભારે પથ્થરમારો અને સોડા બાટલીના ઘા કરવામાં આવતા વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. આ મામલે સિટી 'સી' ડિવિઝન પોલીસ મથકે બંને પક્ષોએ સામસામે ફરિયાદો નોંધાવી છે.

ઘટનાની વિગત અને પ્રથમ પક્ષની ફરિયાદ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, શંકર ટેકરી શેરી નં. ૨ માં રહેતા ૧૯ વર્ષીય અભય ઉર્ફે પ્રફુલ વરાણીયાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે, તેના ભાઈ જગદીશને પાડોશમાં રહેતા શખ્સની પત્ની સાથે વાતચીત હોવાની શંકા રાખી ચાર શખ્સોએ તેમના ઘર પર હુમલો કર્યો હતો. શાહુ સંધી, હાર્દિક આહીર, જયદીપસિંહ જાડેજા અને નીતિન સિંગરખીયાએ ઘર પર ધસી આવી પથ્થરમારો કર્યો હતો અને વાહનોમાં તોડફોડ કરી નુકસાન પહોંચાડ્યું હતું. સામા પક્ષની વળતી ફરિયાદ બીજી તરફ, અમીનાબેન શેર મહંમદભાઈ નામની મહિલાએ વળતી ફરિયાદ નોંધાવી છે. તેમણે આક્ષેપ કર્યો છે કે વિજય વરાણીયા સહિત કુલ ૧૧ સ્ત્રી-પુરુષોના ટોળાએ તેમના ઘરમાં ઘૂસીને ટીવી, એસી અને ફ્રીજ સહિતની ઘરવખરીમાં તોડફોડ કરી મોટું આર્થિક નુકસાન પહોંચાડ્યું છે. આમ, બંને પક્ષો તરફથી કુલ ૧૫ જેટલા શખ્સો સામે પોલીસ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સુરત મેટ્રો પ્રોજેક્ટ હાલાકી: અડાજણ બદ્રીનારાયણ મંદિરે ભક્તો પરેશાન, સાંસદ મેદાને

(એજન્સી) સુરત । તા. 09

ડાયમંડ સિટી સુરતમાં મેટ્રો ટ્રેનનું સપનું સાકાર થઈ રહ્યું છે, પરંતુ તેના અમલીકરણમાં થતી બેદરકારી હવે સુરતીઓ માટે માથાનો દુખાવો બની રહી છે. 'સુરત મેટ્રો પ્રોજેક્ટ હાલાકી' નો સૌથી વધુ ભોગ હાલમાં અડાજણ વિસ્તારના રહીશો અને શ્રદ્ધાળુઓ બની રહ્યા છે. અડાજણ સ્થિત સુપ્રસિદ્ધ





બદ્રીનારાયણ મંદિરની આસપાસ ચાલી રહેલી મેટ્રોની કામગીરીને કારણે ભક્તો માટે દર્શન કરવા જવું દુષ્કર બન્યું છે. ભક્તોની સતત ફરિયાદો બાદ સુરતના સાંસદ મુકેશ દલાલે સ્થળ મુલાકાત લેતા મેટ્રોના અધિકારીઓમાં દોડધામ મચી ગઈ હતી. ભક્તિમાં વિઘ્ન અને અકસ્માતનો ભય સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, બદ્રીનારાયણ મંદિર સુરતના લાખો શ્રદ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર છે. મેટ્રોની કામગીરી માટે મંદિરની આસપાસ મોટા પાયે બેરિકેડિંગ અને ખોદકામ કરવામાં આવ્યું છે. જેના કારણે મંદિરે આવતા વરિષ્ઠ નાગરિકો અને મહિલાઓને ચાલવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે અપૂરતા પ્રકાશ અને આડેધડ ખોદકામને કારણે અહીં ગમે ત્યારે મોટો અકસ્માત સર્જાય તેવી ભીતિ છે. વડાપ્રધાનના ડ્રીમ પ્રોજેક્ટના નામે થતી મંથર ગતિની કામગીરી હવે લોકોની ધીરજની કસોટી કરી રહી છે. સાંસદ મુકેશ દલાલની કડક તાકીદ લોકોના આક્રોશને પારખીને સાંસદ મુકેશ દલાલે મેટ્રોના ઉચ્ચ અધિકારીઓ સાથે અડાજણ વિસ્તારની ઓચિંતી મુલાકાત લીધી હતી. તેમણે સ્થળ પર જ જોયું કે કામગીરીને કારણે ટ્રાફિક અને ભક્તોની અવરજવર ખોરવાઈ રહી છે. સાંસદે અધિકારીઓને તત્કાલ પ્રભાવથી રસ્તો મોકળો કરવા અને ભક્તોને પડતી મુશ્કેલી દૂર કરવા કડક સૂચના આપી છે.

## નરસિંહ મહેતા સરોવર બ્યુટીફિકેશન વિવાદ: ૬0 કરોડ ખર્ચ્યા છતાં સરોવર ખાલી!



જૂનાગઢ | જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા ૯૦ કરોડ રૂપિયાના તોતિંગ ખર્ચે હાથ ધરવામાં આવેલ નરસિંહ મહેતા સરોવરના બ્યુટીફિકેશનનો પ્રોજેક્ટ હાલ હાસ્યાસ્પદ સ્થિતિમાં મૂકાયો છે. સામાન્ય રીતે સરોવરના પાણીથી આસપાસના કૂવા અને બોર રિચાર્જ થતા હોય છે, પરંતુ જૂનાગઢમાં 'ઉલ્ટી ગંગા' વહી રહી છે. અહીં સરોવરને ભરેલું બતાવવા માટે આસપાસના કૂવાઓમાંથી પાણી ખેંચીને સરોવરમાં ઠાલવવાની નોબત આવી છે. બ્યુટીફિકેશન કે 'બગાડ'? સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, બ્યુટીફિકેશન કરવામાં આવ્યું તે પહેલાં આ સરોવર કુદરતી રીતે પાણીનો સંગ્રહ કરવા માટે સક્ષમ હતું અને ઉનાળામાં પણ તે ખાલી થતું નહોતું. પરંતુ ૯૦ કરોડના ખર્ચ બાદ તેનું લાઈન લેવલ ખોરવાઈ ગયું હોવાનું જણાય છે. અત્યારે હજુ અડધો શિયાળો જ વીત્યો છે ત્યાં સરોવર ખાલી થવા લાગ્યું છે. સરોવરનું પાણી જમીનમાં ઉતરી જવાને બદલે ક્યાં ગાયબ થઈ રહ્યું છે તે એન્જિનિયરિંગનો મોટો પ્રશ્ન બની ગયો છે.

## 15 લાખની કાર અને 3.77 લાખનું ચરસ મળી કુલ 19 લાખની મતા કબજે

# વડોદરા ગોલ્ડન ચોકડી ડ્રગ્સ કેસ: કારમાં છુપાવેલું 1.5 કિલો ચરસ ઝડપાયું

(એજન્સી) વડોદરા । તા. 09

વડોદરા શહેરની હરણી ગોલ્ડન ચોકડી પાસે આવેલી પોલીસ ચેકપોસ્ટ પર ગત રાત્રે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) એ એક મોટી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસને મળેલી બાતમીના આધારે હાથ ધરાયેલા ચેકિંગ દરમિયાન એક શંકાસ્પદ કારમાંથી અંદાજે ૧.૫ કિલોગ્રામથી વધુ ચરસનો જથ્થો મળી આવ્યો હતો. આ મામલે પોલીસે બે ડ્રગ પેડલરોની ધરપકડ કરી છે અને કુલ ૧૯.૧૭ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચોક્કસ બાતમી અને ધરપકડ સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, એસઓજીની ટીમ ગોલ્ડન ચોકડી પાસે સઘન ચેકિંગમાં હતી ત્યારે એક ચોક્કસ નંબરની કારને અટકાવી તલાશી લેવામાં આવી હતી. કારની ડિકીમાંથી ૩.૭૭ લાખની કિંમતનું ૧૫૧૦ ગ્રામ ચરસ મળી આવ્યું હતું. પોલીસે આ ગુનામાં ફતેપુરા વિસ્તારમાં રહેતા સાબીર અનવરમીયા શેખ અને જાહિદ બાબુભાઈ શેખ નામના બે શખ્સોની અટકાયત કરી છે. તેમની પાસેથી ૧૫ લાખની કાર, રોકડ રકમ અને ત્રણ મોબાઈલ ફોન પણ જપ્ત કરવામાં આવ્યા છે.

યુપીનું ડ્રગ્સ કનેક્શન ખુલ્યું પોલીસની પ્રાથમિક પૂછપરછમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે. આ બંને પેડલરો કાર લઈને



ઉત્તર પ્રદેશના કાસગંજ પાસે આવેલા સહજવન વિસ્તારમાં ગયા હતા. ત્યાંથી હાસિમ નામના સપ્લાયર પાસેથી બે લાખ રૂપિયામાં આ ચરસ ખરીદ્યું હોવાનું સામે આવ્યું છે. વડોદરા પોલીસે હવે હાસિમને વોન્ટેડ જાહેર કર્યો છે અને તેને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## અલથાણ બેઝમેન્ટ ખોદાણ વિવાદ

# શિવ રેસીડેન્સી જેવી દુર્ઘટનાના ડરે ૨૦૦ પરિવારો રસ્તા પર

(એજન્સી) સુરત । તા. 09

સુરતના ભીમરાડ-અલથાણ રોડ પર આવેલા વિવાન બિલ્ડિંગના બેઝમેન્ટ ખોદાણ દરમિયાન 'ડી-વોલ' ધરાશાયી થવાની ઘટનાની શાહી હજુ સુકાઈ નથી, ત્યાં અલથાણ વિસ્તારમાં જ અન્ય એક પ્રોજેક્ટના ખોદાણ સામે ભારે વિરોધ ફાટી નીકળ્યો છે. અલથાણના કેલીકુંજ વેદિકા પ્રોજેક્ટમાં થઈ રહેલા ઊંડા બેઝમેન્ટ ખોદાણને કારણે આસપાસની ત્રણ મોટી હાઈરાઈઝ બિલ્ડિંગોના અસ્તિત્વ સામે જોખમ ઉભું થયું હોવાના આક્ષેપ સાથે ૨૦૦થી વધુ પરિવારો રસ્તા પર ઉતરી આવ્યા છે. શિવ રેસીડેન્સી જેવી હાલત થવાનો ભય સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, ગત ૧૭ ડિસેમ્બરે વિવાન પ્રોજેક્ટમાં ૪૦ ફૂટ ઊંડા ખોદાણને કારણે બાજુની શિવ રેસીડેન્સી જોખમી બની હતી અને પાલિકાએ આખું બિલ્ડિંગ ખાલી કરાવવું પડ્યું હતું. હવે અલથાણમાં જ નિર્માણાધીન 'કેલીકુંજ વેદિકા' પ્રોજેક્ટમાં પણ જોખમી રીતે ખોદકામ ચાલતું હોવાનું રહીશો જણાવી રહ્યા છે. આ પ્રોજેક્ટની અડોઅડ આવેલી યોગી હાઈટ્સ અને અન્ય સોસાયટીના રહીશોનો આક્ષેપ છે કે, આડેધડ ખોદાણથી તેમના મકાનોમાં તિરાડો પડી શકે છે અથવા બિલ્ડિંગ નમી શકે છે.

મંજૂરી વિના કામગીરીના ગંભીર આક્ષેપ આજે યોગી હાઈટ્સમાં રહેતા ૨૦૦થી વધુ સ્ત્રી-પુરુષો અને બાળકોએ રસ્તા પર ઉતરીને બિલ્ડર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. સ્થાનિકોએ ચોંકાવનારો દાવો કર્યો છે કે, પાલિકાની યોગ્ય મંજૂરી વિના જ આ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. રહીશોના મતે પાલિકાએ આ પ્રોજેક્ટને અગાઉ નોટિસ આપી હોવા છતાં બિલ્ડર દ્વારા કામગીરી ચાલુ રાખવામાં આવી છે. "જો અમારું બિલ્ડિંગ ધરાશાયી થશે તો જવાબદાર કોણ?" તેવા સવાલો સાથે રહીશોએ પાલિકા કમિશનરને રજૂઆત કરી છે.

## વાઘોડિયા દારૂ કટિંગ પર્દાફાશ: સ્ટેટ વિજિલન્સની રેડમાં ૪૨ લાખનો મુદ્દામાલ જપ્ત



વડોદરા/વાઘોડિયા | વડોદરા જિલ્લાના વાઘોડિયામાં રવિવારે ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચે રમાનારી વન-ડે મેચ અને ૨૬મી જાન્યુઆરીની જિલ્લા કક્ષાની ઉજવણીની તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે જ સ્ટેટ વિજિલન્સે દારૂના એક મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. વાઘોડિયાના આનંદનગરી વિસ્તારમાં ચાલતા દારૂના કટિંગ પર ત્રાટકેલી વિજિલન્સની ટીમે લાખોની કિંમતનો વિદેશી દારૂ અને ૧૦ વાહનો સહિત કુલ રૂ. ૪૧.૯૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ કાર્યવાહીને પગલે સ્થાનિક પોલીસની કામગીરી સામે પણ સવાલો ઉભા થયા છે. ચોક્કસ બાતમી અને ફિલ્મી ઢબે દરોડો સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, વાઘોડિયા બસ સ્ટેન્ડ પાછળ દેવડીયા રોડ પર વિનોદ વસાવા અને કરણ બારીયા નામના શખ્સો મોટા પાયે દારૂનો સંગ્રહ કરી રહ્યા હોવાની બાતમી વિજિલન્સને મળી હતી. ઉત્તરાયણના તહેવારને ધ્યાનમાં રાખી મધ્યપ્રદેશથી આ જથ્થો મંગાવવામાં આવ્યો હતો.

## સશક્ત ગૌવંશમાં રોગનું પ્રમાણ વધતા ચિંતા, પોરબંદરના ગ્રામ્ય પંથકમાં લક્ષણો દેખાયા

# ગૌધનમાં લમ્પી જેવો વાયરસ ફેલાતા પશુપાલકો ચિંતિત થયા

(એજન્સી) પોરબંદર । તા. 09

સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારમાં પશુપાલન સાથે જોડાયેલા પરિવારો પર ફરી એકવાર સંકટના વાદળો ઘેરાયા છે. પોરબંદર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી ગૌવંશમાં લમ્પી સ્કીન ડિસીઝ જેવા જ જીવલેણ લક્ષણો જોવા મળતા પશુપાલકોમાં ભારે ગભરાટ ફેલાયો છે. અગાઉ હજારો પશુઓનો ભોગ લેનાર લમ્પી વાયરસ જેવી જ અસર ફરીથી દેખાતા ગૌપ્રેમીઓ અને જીવદયા પ્રેમીઓ હરકતમાં આવ્યા છે. ખાસ કરીને પોરબંદરના છેવાડાના ગામડાઓમાં પશુઓના શરીર પર ગાંઠો નીકળવાની અને તાવ આવવાની ફરિયાદોમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે.

### યુવા અને સશક્ત ગૌવંશ પર વાયરસનો પ્રહાર

અત્યાર સુધી પશુપાલકોમાં એવી માન્યતા



હતી કે આ રોગ માત્ર અશક્ત કે મોટી ઉંમરના પશુઓને જ અસર કરે છે, પરંતુ વર્તમાન પરિસ્થિતિ કંઈક અલગ જ ચિત્ર રજૂ કરી રહી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ વખતે આ વાયરસ પશુપાલકોના સૌથી સશક્ત અને તંદુરસ્ત ગૌવંશને નિશાન બનાવી રહ્યો છે. પશુચિકિત્સકો અને નિષ્ણાતોના મતે, આ વખતે એક થી ત્રણ વર્ષના વાછરડા અને હોળકી ગાયોમાં આ રોગના લક્ષણો સૌથી વધુ પ્રમાણમાં જોવા મળી રહ્યા છે. જે પશુઓ ખેતીકામ કે દૂધ ઉત્પાદન માટે સૌથી વધુ કાર્યક્ષમ છે, તેવા પશુઓ જ રોગના ભરડામાં આવતા ખેડૂતોની આર્થિક કમર તૂટી જવાની ભીતિ સેવાઈ રહી છે.

### સેવાભાવી સંસ્થાઓ દ્વારા દેશી સારવારનો પ્રારંભ

પોરબંદરના અડવાણા સહિતના ગ્રામ્ય પંથકમાં જ્યારે આ રોગચાળો વકરી રહ્યો છે, ત્યારે જીવદયા પ્રેમીઓ વહારે આવ્યા છે. મીડિયા અહેવાલ અનુસાર, અડવાણા ગામે પશુઓની સારવાર માટે ખાસ કેમ્પ શરૂ કરવામાં આવ્યા છે. અહીં કોઈ પણ પ્રકારના આર્થિક લાભ વગર, શુદ્ધ દેશી અને આયુર્વેદિક દવાઓના માધ્યમથી ગૌધનની વિનામૂલ્યે સારવાર કરવામાં આવી રહી છે. પશુપાલકો પણ સરકારી તંત્રની રાહ જોવાને બદલે પરંપરાગત ઉપચારો તરફ વળ્યા છે જેથી આ ચેપી રોગને અન્ય પશુઓમાં ફેલાતો અટકાવી શકાય.

### પશુપાલકોમાં વધતી જતી આશંકા અને ફફડાટ

અગાઉ જ્યારે લમ્પી વાયરસ આવ્યો ત્યારે હજારો પશુઓના મોત થયા હતા, જેનું દુઃખ હજુ પણ પશુપાલકોના મનમાં તાજું છે. હવે ફરીથી તેવા જ લક્ષણો દેખાતા ગામડાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. પશુપાલકો પશુ મેળા અને પશુઓની અવરજવર પર નિયંત્રણ લાવી રહ્યા છે. જોકે, આ નવો વેરિઅન્ટ છે કે જૂનો લમ્પી વાયરસ તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી, પરંતુ જે રીતે સશક્ત ગૌવંશ પ્રભાવિત થઈ રહ્યો છે તે જોતા આ વખતે સ્થિતિ વધુ ગંભીર બની શકે છે. હાલની પરિસ્થિતિમાં અસરગ્રસ્ત પશુઓને અન્ય તંદુરસ્ત પશુઓથી અલગ રાખવા એ જ સૌથી મોટો ઉપાય માનવામાં આવે છે. પશુપાલન વિભાગ દ્વારા રસીકરણ અને સેનિટાઈઝેશનની પ્રક્રિયા તેજ બનાવવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે.

## પ્રોપર્ટી કાર્ડ અને દસ્તાવેજ માટે હજુ પણ અકોટાના ફેરા

# માંજલપુર મામલતદાર કચેરી અસુવિધા: સાત વર્ષ છતાં નાગરિકોને ધરમધક્કા

(એજન્સી) વડોદરા । તા. 09

વડોદરા શહેરના દક્ષિણ વિભાગ એટલે કે માંજલપુર વિસ્તારની મામલતદાર કચેરીને કાર્યરત થયે અંદાજે સાત વર્ષ જેટલો સમય વીતી ગયો હોવા છતાં, તંત્રની ઉદાસીનતાને કારણે નાગરિકોને પાયાની સુવિધાઓ માટે વલખાં મારવા પડી રહ્યા છે. માંજલપુર મામલતદાર કચેરી અસુવિધાનો ભોગ બની હોય તેમ રહીશોને નાનામાં નાના કામ માટે હજુ પણ છેક અકોટા સુધી લંબાવવું પડે છે. આ ગંભીર મુદ્દે સ્થાનિક જાગૃત નાગરિક સત્યન દવેએ જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરી તાકીદે પગલાં લેવા માંગ કરી છે.

સ્થાનિક સુવિધાનો અભાવ: 'ઘરના છોકરા ઘંટી ચાટે' સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ૧૧ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ આ કચેરી શરૂ કરવામાં આવી હતી. આમ છતાં, માંજલપુરના રહીશોને પ્રોપર્ટી કાર્ડ કે દસ્તાવેજની નોંધણી જેવી મહત્વની કામગીરી માટે આજે પણ વડોદરા શહેર પશ્ચિમ વિભાગની (અકોટા) મામલતદાર કચેરી કે સબ-રજીસ્ટ્રાર કચેરીના ધક્કા ખાવા પડે છે. પોતાની અલાયદી કચેરી હોવા છતાં નાગરિકોને દૂર જવું પડતું હોવાથી "ઘરના છોકરા ઘંટી ચાટે" જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે.

તલાટી કચેરીનું ૫ કિમી દૂર સ્થળાંતર બીજી તરફ, માંજલપુર તલાટીની કચેરી જર્જરિત હોવાનું કારણ આપીને તેને વર્તમાન સ્થળથી અંદાજે ૫ કિમી દૂર કલાલી ગામ ખાતે ખસેડવામાં આવી છે. આ નિર્ણયથી સામાન્ય નાગરિકો અને ખાસ કરીને વરિષ્ઠ નાગરિકોની મુશ્કેલીમાં વધારો થયો છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. પરિવારના સભ્યો સાથેના મતભેદો દૂર કરીને-તમે તમારા ધ્યેયોને આસાનીથી પ્રાપ્ત કરી શકશો. તમે તમારા પ્રિયપાત્રને મળશો તેનાથી તમારા મગજને રૉમાન્સ ઘેરી વળશે.

**વૃષભ : બ. વ. ઉ.**

મિત્ર તરફથી પ્રસંશાના ખાસ શબ્દો તમારી ખુશીનું સબબ બનશે. આવું થવાનું કારણ એ કે તમે તમારા જીવનને વૃક્ષ જેવું બનાવ્યું છે-જે અન્યોને છાંયડો આપે છે અને પોતે તડકામાં ઊભા રહી સૂરજનો તાપ સહે છે.

**મિથુન : ક. છ. ઘ.**

તમે જેમ છો તેમ જ રહેજો કેમ કે તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવશે-એ તમને ગંભીર મુશ્કેલીમાં મૂકી શકે છે. ખાસ કરીને તમારો ગુસ્સો, કેમ કે તે ક્ષણિક પાગલપનથી વિશેષ કંઈ નથી.

**કર્ક : ડ. હ.**

કેટલીક અનિવાર્ય પરિસ્થિતિઓ તમને બેચેન કરી શકે છે.પણ તમારે તમારા મગજ પર કાબુ રાખી રાખી પરિસ્થિતિ સાથે કામ પાર પાડવા માટે તરત જ પ્રતિક્રિયા આપવાનું ટાળવું જોઈએ. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે.

**સિંહ : મ. ટ.**

ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ દરકાર રાખે. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. તમારા બાળકો સાથે તંદુરસ્ત સંબંધને પ્રોત્સાહન આપો.

**કન્યા : પ. ઠ. ણ.**

ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂં સ્વાસ્થ્ય સુધારવાના પ્રાયાસ કરો કેમ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહીં આવે. સમય આવી ગયો છે જ્યારે તમારે તમારા વધતા વજન પર અંકુશ મુકીને સ્વાસ્થ પાછું મેળવવા કસરત પાછી શરૂ કરવી જોઈએ.

**તુલા : ર. ત.**

વિજયની ઉજવણી તમને અત્યંત આનંદ આપશે. તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે.

**વૃશ્ચિક : ન. ય.**

ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશો પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. આખા બ્રહ્માંડની તમામ ખુશીઓ એ બે વ્યક્તિઓ વચ્ચે હોય છે જેઓ એકમેકના પ્રેમમાં હોય છે. હા, તમે જ એ નસીબવંત છો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. એમ પોતાના પૈસા બીજા કોઈને આપવું કોઈને ગમતું નથી છતાંય તમે આજે કોઈ જરૂરિયાતમંદ ને પૈસા આપી શાંતિ નો અનુભવ કરશો.

**મકર : ખ. જ.**

તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. ઘર ના કોઈપણ સભ્ય ના વર્તન ને કારણે તમે પરેશાન થઈ શકો છો. તમારે તેમની સાથે વાત કરવા ની જરૂર છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે અને કોઈ પરિણામ આપતા નથી.

---

મઢીના આડમાં ગાંજાનું વાવેતર કરતા શખ્સ પર પોલીસનો પ્રહાર

# બરવાળાના ભીમનાથ ગામે મઢીમાં ગાંજાની ખેતીનો પર્દાફાશ; બોટાદ એસઓજીએ ૧.૫૭ લાખનો મુદ્દામાલ ઝડપ્યો

બોટાદ: બોટાદ જિલ્લાના બરવાળા તાલુકામાં આવેલા પવિત્ર યાત્રાધામ ભીમનાથ નજીક એક મઢીમાં ગાંજાનું વાવેતર અને વેચાણ થતું હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગાંધીનગર ઈન્ટેલિજન્સના ઈનપુટના આધારે બોટાદ એસઓજી (Special Operations Group) એ ગત મોડી રાત્રે રેડ પાડી ૧.૫૭ લાખથી વધુની કિંમતના ગાંજાના જથ્થા સાથે એક પરપ્રાંતિય શખ્સને ઝડપી પાડ્યો છે.

ગાંધીનગરથી મળ્યા હતા ચોક્કસ ઈનપુટ ઘટનાની વિગતો મુજબ, ડીસીઆઈ વીઆઈપી સિક્યુરિટી ઈન્ટેલિજન્સ ગાંધીનગરના એક પત્ર દ્વારા બોટાદ પોલીસને બાતમી મળી હતી કે બરવાળા-ધંધુકા રોડ પર ભીમનાથ ગામની નીલકા નદીના પુલ પાસે આવેલી મહાદેવ મઢીમાં માદક દ્રવ્યોનો કારોબાર ચાલી રહ્યો છે. અહીં જોગગીરી બાપુ ઉર્ફે પાલકદાસ બાપુ તરીકે ઓળખાતો શખ્સ મઢીની જગ્યામાં ગાંજાના છોડનું વાવેતર કરે છે અને તૈયાર થયેલા સૂકા ગાંજાની પડીકીઓનું વેચાણ કરે છે. SOGની તપાસમાં



3.૬0 કિલો સૂકો ગાંજો અને ૧૦ લીલા છોડ સાથે અનિલ મિશ્રા ઉર્ફે જોગગીરી બાપુ ઝડપાયો

ભાંડો ફૂટ્યો આ બાતમીના આધારે બોટાદ એસઓજીની ટીમે રાત્રિના સમયે ઓચિંતી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન પોલીસને મઢીમાંથી ૩.૬૦ કિલોગ્રામ વનસ્પતિજન્ય સૂકો ગાંજો અને ૧૦ નંગ લીલા ગાંજાના છોડ મળી આવ્યા હતા. પોલીસે કુલ રૂ. ૧,૫૭,૮૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પકડાયેલા શખ્સની પૂછપરછ કરતા તેનું અસલ નામ અનિલ ભોરૂભાઈ મિશ્રા હોવાનું ખુલ્યું હતું. તે મૂળ ગણોલ (તા. ધોળકા) નો રહેવાસી છે અને અહીં સાધુના વેશમાં જોગગીરી બાપુ બનીને રહેતો હતો.

૬ મહિનાથી ચાલતી હતી ખેતી ધરપકડ કરાયેલા આરોપીએ પોલીસ સમક્ષ કબૂલાત આપી હતી કે તેણે આશરે ૬ મહિના પૂર્વે ગાંજાના છોડવા વાવ્યા હતા, જ્યારે કેટલાક નાના છોડવા ૧૫ દિવસ પૂર્વે જ વાવવામાં આવ્યા હતા. આ મામલે એસઓજીના એએસઆઈ જયેશભાઈ ધાધલે બરવાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે એનડીપીએસ (NDPS) એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની સઘન પૂછપરછ શરૂ કરી છે. આ કાર્યવાહીથી બરવાળા પંથકમાં માદક દ્રવ્યોના ગેરકાયદેસર વેપાર કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. પોલીસ હવે એ તપાસ કરી રહી છે કે આ શખ્સ અન્ય કોઈ મોટા રેકેટ સાથે જોડાયેલો છે કે કેમ.

---

અબોલા જીવોના રક્ષણ માટે સંવેદના

## કલોલમાં ગ્રીન પ્લાનેટ ટીમ દ્વારા ‘ચંપા-માધવ સાયકલ રેલી'





કલોલ : આદરણીય અહમદભાઈ અને ગ્રીન પ્લાનેટ ટીમના સભ્યો દ્વારા આયોજિત આ રેલીનો મુખ્ય ઉદ્દેશ્ય ચાઈનીઝ દોરીના જોખમો વિશે લોકોને વાકેફ કરવાનો હતો. ઉત્તરાયણ દરમિયાન આ કાતક દોરીના કારણે હજારો પક્ષીઓ ઘવાય છે અથવા મૃત્યુ પામે છે. આ રેલી દ્વારા ટીમ દ્વારા અવાજ પ્રદૂષણ અને પ્લાસ્ટિક મુક્ત પર્યાવરણનો સંદેશ વહેતો કરવામાં આવ્યો હતો. આ પ્રેરણાદાયી રેલીના સ્પોન્સર અમેરિકા સ્થિત શ્રી રાકેશભાઈ માધવલાલ પટેલના વિશેષ સહયોગથી આ કાર્યક્રમ સફળ રહ્યો હતો. આ સાયકલ રેલીના સુંદર આયોજનથી કલોલ પંથકમાં પર્યાવરણ જતનની એક નવી લહેર જોવા મળી છે. તંત્ર અને નાગરિકોના સંયુક્ત પ્રયાસોથી આ વર્ષની ઉત્તરાયણ પક્ષીઓ અને પ્રકૃતિ માટે સુરક્ષિત બની રહેશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

---

હડકવાની અસર થઈ હતી

## તળાજાના ત્રાપજ ગામે મહિલાનું હડકવા ઉપડયા બાદ મોત થયું

તળાજા: તળાજા તાલુકાના ત્રાપજ ગામે મહિલાનું હડકવા ઉપડયા બાદ મોત થયાંનો કિસ્સો સામે આવ્યો છે. મહિલાને એકાદ માસ પૂર્વે કુતરું કરડયું હતું. પરંતુ પુરતી સારવાર નહી લેતા મહિલાએ ત્રીજા સંતાનને જન્મ આપ્યા બાદ હડકવાની અસર થતાં મોત નિપજ્યું હતું.તળાજા તાલુકાના ત્રાપજ ગામની એક મહિલાની ગત તા.૨૨ના રોજ ત્રાપજ સરકારી દવાખાને ડિલિવરી થઈ હતી. ત્રીજા સંતાનના જન્મ બાદ મહિલાને હડકવાની અસર થતાં સર ટી.હોસ્પિટલમાં સારવાર માટે ખસેડયા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું તા.૩૦ના રોજ મોત નિપજ્યું હોવાનું બ્લોક હેલ્થ ઓફિસરે જણાવ્યું હતું. બીજી તરફ નવજાત શિશુને કોઈ ગંભીર અસર ન થાય તે માટે સારવાર આપવામાં આવી છે. મળતી વિગતો પ્રમાણે મહિલાને એકાદ માસ પૂર્વે કુતરું કરડયું હતું પરંતુ પુરતી સારવાર નહી લેતા મહિલાનું મોત થતાં નવજાત શીશુ સહિત ત્રણ સંતાનોએ માતાની છત્રછાયા ગુમાવી છે.

### કરચલિયાપરા વિસ્તારમાંથી ચોરીના મુદ્દામાલ સાથે બે શખ્સ ઝડપાયા

ભાવનગર: કરચલિયાપરા વેજીટેબલની પાછળ વાઘેલા રોડવેજવાળા ખાંચામાં બે ઈસમો રિક્ષામાં પિત્તળની મૂર્તિઓ અને ગોળનું વેચાણ કરતા હોવાની બાતમીના આધારે લોકલ ક્રાઈમબ્રાંચે તપાસ કરતા હસનબીન ઉર્ફે લાલો ઉર્ફે સદામ ઈબ્રાહીમભાઈ જફાઈ અને ઈમરાન ઉર્ફે મમો વાહાબભાઈ બકિલીને શક પડતી મિલકત સાથે ઝડપી લઈ પુછપરછ કરતા તેણે ગત તા.૧-૧-૨૦૨૬ના મોડી રાત્રે ભાવનગરના પિરછલ્લામાં આવેલી સોલંકી બ્રાસ નામની દુકાનના તાળા તોડી પિત્તળની મૂર્તિઓ અને પિત્તળની કડીઓવાળી સાંકળની ચોરી કરી હતી.

---

અપહરણ

## ચાણસ્મામાં સગીર દિકરીના અપહરણ થયાની માતાએ ફરીયાદ નોંધાવી

ચાણસ્મા: ચાણસ્મા નગરમાં નાના વણકર વાસ વિસ્તારમાંથી એક સગીરા ને પોતાના ઘરે થી અજાણ્યો ઈસમ અપહરણ કરી ગયાની ઘટના પ્રકાશમાં આવી છે હકીક્ત એવી છે કે. ઉગમણા દરવાજા બહાર નાના વણકરવાસમાં એક સગીર વયની દિકરીને તેના ઘરેથી ૭મી જાન્યુઆરીના રોજ સવાર ૮થી બપોરના ૧૨ વાગ્યાના સુમારે કોઈ અજાણ્યો ઈસમ અપહરણ કરી ગયા હોવાની જાણ સગીરાની માતાને બપોરે ઘરે આવ્યા ત્યારે થતાં સગીરાની માતાએ ચાણસ્મા પોલિસ મથકે અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવતાં ચાણસ્મા પોલિસે અજાણ્યા શખ્સ સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે સગીરાની માતા પ્રાઈવેટ નોકરી કરતાં હોવાથી સગીરાની એકલતાનો લાભ લઈ ઘટનાને અંજામ આપ્યો હોવાનું સગીરાની માતા પાસેથી જાણવા મળ્યું હતું

---

ઈડીની મની લોન્ડરિંગ હેઠળ કાર્યવાહી

## GLDCના નિવૃત ફિલ્ડ સુપરવાઈઝરની રૂપિયા 4.92 કરોડની સંપત્તિ જપ્ત



નડિયાદ: અમદાવાદ ઝોનલ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ગુજરાત લેન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન, આણંદના તત્કાલીન ફિલ્ડ સુપરવાઈઝર ધીરુભાઈ બાબુભાઈ શર્મા વિરુદ્ધ મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તપાસ એજન્સીએ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ ૪.૯૨ કરોડની સંપત્તિ કામચલાઉ ધોરણે ટાંચમાં લીધી છે. આ મિલકતોમાં નડિયાદમાં આવેલો જલાશ્રય રિસોર્ટ, ખેતીની જમીન, રહેણાંક મકાન અને કોમશયલ દુકાનનો સમાવેશ થાય છે. હાલ નિવૃત જીવન જીવી રહેલા ધીરુભાઈ શર્મા વિરુદ્ધ આ કાર્યવાહી આણંદ એસીબી દ્વારા નોંધવામાં આવેલા અપ્રમાણસર મિલકતના કેસ અને તેના અહેવાલના આધારે કરવામાં આવી છે.આ કેસમાં નડિયાદ કનેક્શન અને જલાશ્રય રિસોર્ટ મુખ્ય કેન્દ્રમાં છે. વર્ષ ૨૦૧૨માં ધીરુભાઈ શર્માના પત્ની અને પુત્ર મયંક શર્મા દ્વારા સ્થાપિત આ રિસોર્ટનો સંપૂર્ણ વહીવટ મયંક શર્મા સંભાળતો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, આશરે બે વર્ષ પહેલા આ જલાશ્રય રિસોર્ટ પર એસીબી દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા, જે તે સમયે ભારે ચર્ચાનો વિષય બન્યા હતા. એસીબીની તપાસમાં બહાર આવ્યું હતું કે, શર્માએ ૧.૦૪.૨૦૦૬થી ૩૧.૦૩.૨૦૧૮ના સમયગાળા દરમિયાન પોતાની આવકના જાણીતા સ્ત્રોત કરતા ૩૫૪.૫૬ ટકા વધુ એટલે કે, ૮.૦૪ કરોડની અપ્રમાણસર મિલકત વસાવી હતી. આ અહેવાલના આધારે જ ઈડીએ તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.ઈડીની તપાસ દરમિયાન ખુલાસો થયો છે કે, ધીરુભાઈ શર્મા, તેમના પરિવારના સભ્યો અને તેમની કંપની મેસર્સ જલાશય રિસોર્ટ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા લેવામાં આવેલી લોનની ભરપાઈ કરવા માટે શંકાસ્પદ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. લોનની પરત ચુકવણી માટે બેંક ખાતાઓમાં મોટા પ્રમાણમાં રોકડ જમા કરવામાં આવતી હતી.

---

# નડિયાદના મોકમપુરા ગામે પિતાએ જ પુત્રની હત્યા કરી : પુત્રવધુની સસરા સામે ફરિયાદ

નડિયાદ: નડિયાદ રૂરલ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા મોકમપુરા ગામે શેઢી નદીના કિનારે પિતાએ જ પોતાના પુત્રની હત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. પારિવારિક અદાવત અને જમીન બાબતે ચાલતા વિખવાદમાં પિતાએ પુત્રના માથામાં ઘાતકી હથિયારના ઘા ઝીંકી તેને મોતને ઘાટ ઉતારી દીધો હોવાના આક્ષેપ સાથે મૃતકની પત્નીએ સસરા સામે હત્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.નડિયાદ રૂરલ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા મોકમપુરામાં રહેતી તારાબેન ચૌહાણે તેના સસરા પ્રતાપસિંહ ચંદુભાઈ ચૌહાણ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ગત તારીખ ૬ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સાંજે આશરે ૭:૦૦ વાગ્યે તેમનો પતિ કમલેશભાઈ નદી કિનારે કુદરતી હાજતે જવા નીકળ્યો હતો. તેની પાછળ તેનો પિતા પ્રતાપસિંહ પણ ગયા હતા. થોડી વાર બાદ કમલેશભાઈની બૂમ સંભળાતા પરિવારના સભ્યો ત્યાં દોડી ગયા હતા. તે સમયે સામા મળેલા પ્રતાપસિંહે ‘હું તપાસ કરી આવું છું' તેમ કહી પરિવાર પાસેથી બેટરી અને લાકડી લઈ લીધી હતી અને તેમને આગળ વધતા અટકાવ્યા હતા.

પ્રતાપસિંહે ગુનો છુપાવવા માટે પુત્રને ચક્કર આવ્યા હોવાનું બહાનું બતાવ્યું હતું અને તેને ખાનગી વાહનમાં સારવાર માટે લઈ ગયા હતા. જોકે, હોસ્પિટલ પહોંચતા પહેલા જ કમલેશભાઈનું મોત નીપજ્યું હતું. મૃતકને જ્યારે ઘરે પરત લાવવામાં આવ્યો ત્યારે તેના માથાના ભાગે ગંભીર ઈજાઓ હોવાનું પત્નીના ધ્યાને આવ્યું હતું. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં પણ માથાના ભાગે ૩થી ૪ જેટલા ગંભીર ઘા વાગ્યા હોવાનું અને તેના કારણે મોત થયું હોવાનું સ્પષ્ટ થયું હતું. હત્યા પાછળનું કારણ ઘરકંકાસ હોવાનું જાણવા મળ્યું છે. તારાબેનની નાની બહેનના લગ્ન તેના દિયર સાથે થયા હતા, પરંતુ સસરાના ત્રાસને કારણે તેમના છૂટાછેડા થઈ ગયા હતા. ત્યારબાદ સસરા પ્રતાપસિંહ તેના પુત્ર કમલેશ અને તારાબેન વચ્ચે પણ છૂટાછેડા કરાવવા દબાણ કરતા હતા, પરંતુ કમલેશે ના પાડતા પિતા તેના પર રોષ રાખતા હતા. આ ઉપરાંત કાકા સસરા સાથે રાખેલા સારા સંબંધો પણ આરોપી પિતાને પસંદ નહોતા. ઘટના બાદ આરોપી પિતાએ બીજા રસ્તેથી ઘરે આવી પોતાની હાજરી છુપાવવાનો અને પરિવારને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો. આ સમગ્ર મામલે નડિયાદ રૂરલ પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપીની અટકાયત કરવા માટેની કાર્યવાહી શરૂ કરી છે.

---

## એસટી બસમાંથી દારૂ બિયરનો જથ્થો ઝડપાયો

ભાવનગર: મંડોર-સાવરકુંડલા રૂટની એસટી બસની ડિક્કીમાંથી દારૂની ૪૫ બોટલ અને બિયરના ૨૪ ટીન એસટી વિભાગના ચેકિંગ દરમિયાન મળી આવ્યા હતા. બનાવ અંગે એસટી બસના કંડક્ટર સામે ઢસા પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.એસટી બસમાં થતી દારૂની હેરફેરનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં અમરેલી એસટી ડિવિઝનના આસિસ્ટન્ટ ટ્રાફિક ઈન્સ્પેક્ટર રાજેન્દ્રભાઈ હરીભાઈ હિંગુએ ઢસા પોલીસ મથકમાં સાવરકુંડલા એસટી ડેપોના કંડક્ટર જગદીશભાઈ મધુકાંતભાઈ ભરાડ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેઓ અમરેલી ડિવિઝનની એસટી બસની ચેકિંગની કામગીરીમાં નિકળ્યા હતા ત્યારે આજે વહેલી સવારે અમરેલી ડિવિઝનની સાવરકુંડલા ડેપોની જીજે-૧૮-ઝેડટી-૭૩૦ નંબરની મંડોર સાવરકુંડલા રૂટની એસટી બસનું રાજકોટ-ભાવનગર હાઈ-વે પર ઢસા ગામ પાસે ચેકિંગ કર્યું હતું.

---

## રસેલા ગામે અરજી કરનાર ના પુત્ર ને માર મારી, ધારીયુ અને બંદુક લઈ આવો આજે મારી જ નાખવો છે ની ધમકી

| ભરત શાહ | નર્મદા : તા. 9

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના રસેલા ગામમાં અરજી કરવા બાબતે માર મારી ધમકી આપનાર પાંચ વિરૂદ્ધ ફરિયાદ થતા પોલીસે ગુનો દાખલ કર્યો છે. મળતી માહિતી અનુસાર મહેન્દ્રસિંહ ચંદ્રસિંહ બોડાણ, રહે રસેલા તાનાંદોદ જી.નર્મદા નાઓ એ આપેલી ફરિયાદ મુજબ તેઓ પોતાની મોટર સાયકલ લઈ તોરણા ગામે રેશનકાર્ડ પર અનાજની દુકાને અનાજ લેવા માટે જતા હતા તે વખતે (૧) તેજપાલસિંહ પિયુષસિંહ જાદવ તથા (૨) મેઘરાજસિંહ બળવતસિંહ નાઓ ફરીયાદીની મોટર સાઈકલ આગળ આવી તેમને જણાવ્યું કે મારા પિતાજી વિરુધ્ધમાં અરજી કેમ આપેલ છે તેમ કહી માર મારવા લાગેલ તે દરમ્યાન(૩) પિયુષસિંહ જાદવ નાઓ દોડી આવી મહેન્દ્રસિંહ ને ગાડીમાંથી નિચે ઉતારી ફેટ પકડી ધારીયુ અને બંદુક લઈ



આવો આજે આને મારી જ નાખવો છે તેમ કહી માર મારવા લાગેલ જેનું ઉપરાણુ લઈ (૪) પ્રવિણસિંહ સમસિંહ જાદવ તથા (૫) રાજદિપસિંહ નાઓ ત્યા દોડી આવી મહેન્દ્રસિંહને માર મારી એક બીજાની મદદગારી કરી ગુનો કરતા રાજપીપળા પોલીસે પાંચ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

---

ફરજમાં રૂકાવટ

## જામનગરમાં ટ્રાફિક ફરજ બજાવી રહેલા મહિલા PSI તથા પોલીસ સ્ટાફ સાથે સ્કોર્પિયોના કાર ચાલકની ઉદ્ધતાઈ

(એજન્સી) જામનગર | તા.09

જામનગરમાં ગોકુલ નગર વિસ્તારમાં ટ્રાફિક જામ થઈ ગયો હોવાથી મહિલા પી.એસ.આઈ. સહિતની પોલીસ ટુકડી ટ્રાફિક મુક્ત કરાવી રહી હતી, જે દરમિયાન એક સ્કોર્પિયો ચાલકે ધરાર હોર્ન વગાડી ટ્રાફિક પોલીસની ફરજમાં રૂકાવાટ ઉભી કરી હતી અને મહિલા પીએસઆઈ સહિતના પોલીસ સ્ટાફ સાથે જીભાજોડી કરી દેકારો મચાવતાં તેની સામે ફરજમાં રૂકાવટ અંગેની પોલીસ



ફરિયાદ નોંધાવવામાં આવી છે.જામનગર ટ્રાફિક શાખામાં છેલ્લા દોઢ માસથી ફરજ બજાવતા મહિલા પીએસઆઈ મીનાબા જાડેજા અને પો.સબ.ઈન્સ. કંડોરીયા તેમજ એ.એસ.આઈ કે,કે,કરંગીયા તથા ટ્રાફિક બ્રિગેડના માણસો સાથે ગોકુલનગર જકાતનાકા ખાતે ટ્રાફિકની કામગીરી કરી રહ્યા હતા. જે દરમિયાન જી.જે. 10 ઈ.સી. 2211 નંબરની સ્કોર્પિયો કારનો ચાલક મયુર ગોકુલભાઈ માળીયા રહે.જામનગર વાળો ટ્રાફિકની વચ્ચે આવ્યો હતો, અને હોર્ન વગાડવાનું શરૂ કર્યું હતું. જેને અટકાવવા જતાં તેણે હંગામા મચાવ્યો હતો. એટલું જ માત્ર નહીં તેણે પોતાના સાગરીત ભવ્યરાજસિંહ ગોહિલને બોલાવી લીધો હતો. જે બંનેએ ફરજ પરના પોલીસ સ્ટાફ સાથે બેહૂદુ વર્તન કર્યું હતું, તેમજ દેકારો ચાલુ રાખી પોતાની કાર માર્ગ ઉપર આડી મૂકી દેતાં જેના કારણે ટ્રાફિક જામની સમસ્યા વધી હતી. આખરે અન્ય પોલીસ સ્ટાફે આવીને કારચાલકને નીચે ઉતાર્યો હતો, અને તેની સામે સીટી સી. ડિવિઝન પોલીસમાં ફરજમાં રૂકાવટ સહિતની નોંધવામાં આવ્યો છે, જ્યારે તેની કાર કબજે કરી લેવાઈ છે.

---

1979-80માં સિંચાઈ વિભાગ માટે સંપાદિત થયેલી જમીન સરકારી દફતરે ચઢાવવામાં તંત્રની બેદરકારી

# વાંઠવાળી ગામે કરોડોની સરકારી જમીનનું બારોબારીયું: તલાટી સસ્પેન્ડ

(એજન્સી) નડિયાદ | તા.09

ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના વાંઠવાળી ગામે સરકાર હસ્તકની કરોડો રૂપિયાની કિંમતી જમીન બારોબાર વેચાઈ જવાનું કૌભાંડ બહાર આવ્યું છે. વર્ષ ૧૯૭૯-૮૦માં સિંચાઈ વિભાગ માટે સંપાદિત થયેલી આ જમીન સરકારી દફતરે ચઢાવવામાં તંત્રની ગંભીર બેદરકારી રહેતા મૂળ માલિકોના વારસદારોએ અન્ય વ્યક્તિઓને દસ્તાવેજ કરી આપતા આખરે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ મામલે જિલ્લા વિકાસ અધિકારીએ ફરજમાં બેદરકારી બદલ વાંઠવાળીના તલાટી કમ મંત્રીને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દીધા છે.વાંઠવાળી ગામના બ્લોક નંબર ૮૩૬ અને ૮૪૫ વાળી જમીનો વર્ષ ૧૯૭૯માં સિંચાઈ વિભાગની સેક્શન કોલોની બનાવવા માટે વળતર ચૂકવીને સંપાદિત કરવામાં આવી હતી. આ જમીન



પર વર્ષોથી સરકારી મકાનો અને કંપાઉન્ડ વોલ પણ અસ્તિત્વમાં હતી. જોકે, સંપાદન થયાના દાયકાઓ બાદ પણ મહેસૂલી રેકર્ડ પર સરકારનું નામ દાખલ કરવામાં આવ્યું નહોતું. આ ક્ષતિનો લાભ ઉઠાવી મૂળ માલિકના વારસદારોએ જમીન પોતાની હોવાનું જણાવી વારસાધારા મુજબ નામ દાખલ કરાવ્યા હતા. ત્યારબાદ આ જમીન અન્ય ખાનગી વ્યક્તિને વેચી દેવા માટે રજિસ્ટર વેચાણ દસ્તાવેજ પણ કરી દેવાયા હતા. આટલું જ નહીં, જમીન પચાવી પાડવા માટે ત્યાં રહેલા સરકારી જર્જરિત મકાનો અને દીવાલો પણ તોડી પાડી સરકારી મિલકતને આથક નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. સમગ્ર કૌભાંડમાં કેશરા ગામની પ્રાથમિક શાળાના શિક્ષક આશિષ પટેલની ભૂમિકા માસ્ટર માઈન્ડ તરીકેની હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ મામલે જિલ્લા કલેક્ટરને જાણ થતા એસઆઈટીની રચના કરવામાં આવી હતી અને તપાસના અંતે મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં ૮ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. બીજી તરફ, વહીવટી તંત્ર દ્વારા આ જમીન પ્રકરણમાં વાંઠવાળીના તલાટી નીતિન હથિવાલાને કોઈપણ નોટિસ વગર સીધા જ સસ્પેન્ડ કરી દેવામાં આવતા કર્મચારી આલમમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે.

---

જુનારાજુવાડીયા ગામની ઘટના

## માતા એ પુત્ર ને ઠપકો આપતા પુત્ર એ માતા ને મોત ને ઘાટ ઉતારી

| ભરત શાહ | નર્મદા : તા. 9

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના જુનારાજુવાડીયા ગામમાં બનેલી હત્યા ની ઘટના મા પુત્ર એ જ માતા ને નજીવી બાબતે મોત ને ઘાટ ઉતારતા ગામમાં અરેરાટી ફેલાઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર રશીલાબેન વા/ઑફ દિલીપભાઇ દિવાલભાઇ વસાવા, રહે.જુના રાજવાડીયા, નવી વસાહત તા.નાંદોદ જી.નર્મદા નાઓ એ આપેલી ફરિયાદ મુજબ તેમના જેઠ રણજીતભાઇ દિવાલભાઈ વસાવા રહે.જુનારાજુવાડીયા તા.નાંદોદ જી.નર્મદા નાઓને ફરીયાદીની સાસુ અને હત્યારા ની માતા મરનાર મીરાબેન તે શંકરભાઇ ફતેસીંગભાઇ વસાવા ઉ.વ.૫૫ રહે. જુનારાજુવાડીયા,



નવીનગરી એ જેઠને કશુ કામ કરતો નથી તેમ વારંવાર બોલતી હોય અને ઝઘડો કરતી હોય જેથી જેઠે ફરી.ની સાસુને જુનારાજુવાડીયા પોતાના ઘરે કોઇ હથિયાર કે સાધન વડે કપાળના ભાગે મારી દઈ સ્થળ ઉપર પુત્ર એ માતા નું. મોત નિપજાવી નાશી જઈ ગુનો કરતા આમલેથા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## અમેરિકી સૈન્ય કાર્યવાહીથી વૈશ્વિક બજાર પ્રભાવિત

# વેનેઝુએલા સંકટથી ભૌગોલિક તણાવ વધતા સોનું અને સંરક્ષણ શેરોમાં તેજી

(એજન્સી) મુંબઈ | તા 09

વેનેઝુએલામાં અમેરિકાના તાજેતરના સૈન્ય હસ્તક્ષેપને કારણે વૈશ્વિક સ્તરે ભૌગોલિક-રાજકીય (Geopolitical) તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. ડીબીએસ બેંક (DBS Bank) ના તાજેતરના અહેવાલ મુજબ, આ સંકટના પરિણામે રોકાણકારો સુરક્ષિત રોકાણ તરફ વળ્યા છે, જેનાથી સોનાના ભાવ અને સંરક્ષણ (Defence) ક્ષેત્રની કંપનીઓના શેરોમાં મોટો ઉછાળો જોવા મળી રહ્યો છે. અમેરિકી હસ્તક્ષેપના નવા યુગ અને વધતી જતી વૈશ્વિક અસ્થિરતા વચ્ચે બજારના ખેલાડીઓ હવે સુરક્ષા અને જોખમ મુક્ત અસ્કયામતોમાં નાણું રોકી રહ્યા છે. ૩ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ અમેરિકાએ વેનેઝુએલા પર સૈન્ય હુમલા કર્યા હતા અને રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને પકડીને અમેરિકા લઈ જવામાં આવ્યા છે. માદુરો પર નાર્કો-ટેરરિઝમ અને અન્ય ગંભીર આરોપો હેઠળ કેસ ચલાવવામાં આવશે. વેનેઝુએલામાં અત્યારે ડેલસી રોડ્રિગ્ઝે સત્તા સંભાળી છે, પરંતુ વોશિંગ્ટન દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે જ્યાં સુધી રાજકીય સંક્રમણ પૂર્ણ ન થાય ત્યાં સુધી વરિષ્ઠ અમેરિકી અધિકારીઓ વચગાળાના શાસન પર નજર રાખશે. આ ઘટનાક્રમે સમગ્ર વિશ્વના નાણાકીય બજારોમાં હલચલ મચાવી દીધી છે. ઐતિહાસિક રીતે જ્યારે પણ સૈન્ય




સંઘર્ષો થાય છે, ત્યારે સોનાના ભાવમાં તેજી જોવા મળે છે. ડીબીએસના અહેવાલ મુજબ, અગાઉના મોટા સૈન્ય વધારાના દિવસોમાં સોનાના ભાવમાં સરેરાશ ૪.૫ ટકાનો ટૂંકા ગાળાનો ઉછાળો જોવા મળ્યો હતો. વેનેઝુએલામાં થયેલી કાર્યવાહી બાદ સોનાની માંગમાં ફરી એવો જ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. રોકાણકારો ભૌગોલિક આંચકાઓ સામે રક્ષણ મેળવવા માટે સોનાને સૌથી સુરક્ષિત વિકલ્પ માની રહ્યા છે, જે 'સેફ હેવન' તરીકેની તેની ભૂમિકાને ફરીથી મજબૂત કરે છે.વૈશ્વિક અસ્થિરતાને જોતા વિવિધ દેશોની સરકારોએ પોતાના લશ્કરી ખર્ચમાં ધરખમ વધારો કરવાનું શરૂ કર્યું છે. પૂર્વ યુરોપ અને મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષો વચ્ચે વેનેઝુએલાની ઘટનાએ આગમાં ઘી હોમવાનું કામ કર્યું છે. મીડિયા અહેવાલ મુજબ, નાટો (NATO) દેશોએ આગામી દાયકામાં સંરક્ષણ ખર્ચમાં મોટો વધારો કરવાની ખાતરી આપી છે, જ્યારે યુરોપિયન યુનિયને પણ મોટા પાયે શસ્ત્રીકરણ કાર્યક્રમ શરૂ કર્યો છે. આનાથી સંરક્ષણ ઉપકરણો બનાવતી કંપનીઓના કોન્ટ્રાક્ટ અને ઓર્ડર બુકમાં જંગી વધારો થવાની શક્યતા છે.

આશ્ચર્યજનક રીતે, વેનેઝુએલા વિશ્વનો સૌથી મોટો તેલ ભંડાર ધરાવતો દેશ હોવા છતાં, ક્રૂડ તેલના ભાવ પર આ સંકટની તાત્કાલિક અસર મર્યાદિત રહી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, વર્ષોના ગેરવહીવટ, ઓછા રોકાણ અને અમેરિકી પ્રતિબંધોને કારણે વેનેઝુએલાનું તેલ ઉત્પાદન તેના ઐતિહાસિક સ્તરના નહિવત ભાગ જેટલું જ રહ્યું છે. આથી, તે હવે વૈશ્વિક તેલ પુરવઠાને અસર કરી શકે તેવી સ્થિતિમાં નથી. જોકે, બજારમાં અસ્થિરતા અને કામચલાઉ રિસ્ક પ્રીમિયમને કારણે કિંમતોમાં થોડો વધઘટ જોવા મળી શકે છે, પરંતુ પુરવઠામાં કોઈ મોટી ખોટ પડવાની શક્યતા ઓછી છે.

### હ્યુન્ડાઈએ લાસ્ વેગાસમાં રોબોટ્સ માટે અત્યાધુનિક એઆઈ ચિપ રજૂ કરી



લાસ્ વેગાસ: દક્ષિણ કોરિયાની દિગ્ગજ ઓટોમોબાઈલ કંપની હ્યુન્ડાઈ મોટર ગ્રુપે ટેકનોલોજીના મહાકુંભ 'સીઈએસ ફાઉન્ડ્રી ૨૦૨૬' માં પોતાની રોબોટિક્સ ક્ષમતાનું શક્તિપ્રદર્શન કર્યું છે. કંપનીએ ખાસ રોબોટ્સ માટે તૈયાર કરેલી અત્યાધુનિક 'ઓન-ડિવાઈસ' આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ચિપનું અનાવરણ કર્યું છે. આ ચિપની મદદથી રોબોટ્સ હવે વાસ્તવિક વાતાવરણમાં કોઈપણ માનવીય દખલ વગર જાતે પરિસ્થિતિને સમજી શકશે, નિર્ણય લઈ શકશે અને તે મુજબ કાર્ય કરી શકશે. આ લો-પાવર એઆઈ સેમીકન્ડક્ટર છેલ્લા ત્રણ વર્ષના સઘન સંશોધનનું પરિણામ છે. હ્યુન્ડાઈએ આ ચિપ કોરિયાની 'ડીપ-એક્સ' (DeepX) કંપની સાથેના સહયોગથી તૈયાર કરી છે. આ ઉપરાંત, હ્યુન્ડાઈએ અમેરિકી ટેક દિગ્ગજ એનવીડિયા અને ક્વોલકોમ સાથે પણ ગાઢ સંબંધો જાળવી રાખ્યા છે. આ ચિપની વિશેષતા એ છે કે તે ૫ વોટથી પણ ઓછા પાવર પર ચાલે છે, જે તેને ઉર્જા કાર્યક્ષમ બનાવે છે.

સામાન્ય રીતે એઆઈ સિસ્ટમ્સ ક્લાઉડ પર આધારિત હોય છે, પરંતુ હ્યુન્ડાઈની આ નવી ટેકનોલોજી 'ઓન-ડિવાઈસ' છે.

## News Brief

### GRE Renew Enertech Limited દ્વારા IPO માટે ₹100–105 નો પ્રાઈસ બેન્ડ જાહેર; ઈશ્યૂ 13 જાન્યુઆરી 2026 ખુલશે

અમદાવાદ | ઔદ્યોગિક અને વાણિજ્યિક ગ્રાહકો માટે ઑન-સાઈટ સોલાર ઊર્જા ઉકેલો પ્રદાન કરતી કંપની GRE Renew Enertech Limited એ તેના પ્રસ્તાવિત પ્રારંભિક જાહેર ઈશ્યૂ (IPO) માટે 100-105 પ્રતિ ઈક્વિટી શેરનો પ્રાઈસ બેન્ડ નક્કી કર્યો છે. આ IPO 13 જાન્યુઆરી 2026ના રોજ ખુલશે અને 16 જાન્યુઆરી 2026ના રોજ બંધ થશે. એન્કર રોકાણકારો માટે ઈશ્યૂ 12 જાન્યુઆરી 2026ના રોજ ખુલશે.આ IPO બુક-બિલ્ડિંગ માર્ગ દ્વારા 10 ફેસ વેલ્યુ ધરાવતા 37.68 લાખ નવા ઈક્વિટી શેરોનો ફ્રેશ ઈશ્યૂ છે. પ્રાઈસ બેન્ડના ઉપરના સ્તરે, ઈશ્યૂનું કુલ કદ 39.56 કરોડ સુધીનું રહેશે. કંપનીના શેરોની સૂચિબદ્ધતા બોમ્બે સ્ટોક એક્સચેન્જના SME પ્લેટફોર્મ (BSE SME) પર કરવાની પ્રસ્તાવિત છે. રોકાણકારો ઓછામાં ઓછા 2,400 ઈક્વિટી શેરો માટે બોલી મૂકી શકશે અને ત્યારબાદ 1,200 શેરોના ગુણાંકમાં બોલી મૂકી શકશે.

### અમાગી મીડિયા લેબ્સ લિમિટેડનો આઈપીઓ મંગળવાર, 13 જાન્યુઆરી, 2026ના રોજ ખુલશે

અમદાવાદ | અમાગી મીડિયા લેબ્સ લિમિટેડ (the "Company") મંગળવાર, 13 જાન્યુઆરી, 2026ના રોજ પ્રત્યેક રૂ. 5ની ફેસ વેલ્યુના તેના ઈક્વિટી શેર્સના આઈપીઓ ("Offer") ખોલવાની દરખાસ્ત કરે છે. એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખના કામકાજના એક દિવસ પહેલા એટલે કે સોમવાર, 12 જાન્યુઆરી, 2026ના રોજ રહેશે. બિડ/ઓફર બંધ થવાની તારીખ શુક્રવાર, 16 જાન્યુઆરી, 2026 છે. ઓફરનો પ્રાઈઝ બેન્ડ પ્રત્યેક રૂ. 5ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર દીઠ રૂ. 343થી રૂ. 361 નક્કી કરવામાં આવી છે. બિડ્સ લઘુતમ 41 ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ 41 ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે. આઈપીઓમાં રૂ. 8,169.00 મિલિયન સુધીના મૂલ્યના ઈક્વિટી શેર્સના ફ્રેશ ઈશ્યૂ અને વેચાણકર્તા શેરધારકો દ્વારા 2,69,42,343 સુધીના ઈક્વિટી શેર્સના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે.

### આર્દી ઈન્ડસ્ટ્રીઝની લીડ બ્રાન્ડે લંડન મેટલ એક્સચેન્જ પર લિસ્ટિંગ સાથે વૈશ્વિક માઈલસ્ટોન હાંસલ કર્યો

અમદાવાદ | આર્દી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે (the "Company") ગ્લોબલ બેન્ચમાર્ક પ્લેટફોર્મ લંડન મેટલ એક્સચેન્જ (એલએમઈ) પર તેની પ્યોર લીડ બ્રાન્ડ "Ardee Lead 9997" ના લિસ્ટિંગ સાથે નોંધપાત્ર વૈશ્વિક સીમાચિહ્ન હાંસલ કર્યું છે. એલએમઈએ 23 ડિસેમ્બર, 2025ની અસરથી તેના લીડ કોન્ટ્રાક્ટ્સ સામે "good delivery" તરીકે Ardee Lead 9997ને મંજૂરી આપી છે, જે પ્રોડક્ટની ગુણવત્તા, સાતત્યતા, ટ્રેસેબિલિટી અને જવાબદાર ઉત્પાદન પદ્ધતિઓને લગતા કડક આંતરરાષ્ટ્રીય ધોરણોને વળગી રહેવાની કંપનીની પ્રતિબદ્ધતા દર્શાવે છે. મોટાભાગના નોન-ફેરસ મેટલ ફ્યુચર્સ બિઝનેસના તેના પ્લેટફોર્મ પર સોદા થાય છે (સ્ત્રોત: https://www.lme.com/en/about?sc_camp=8B7AEB5E26784CA4F20FFDECD42BF35C).

### જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ

મુંબઈ | જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ કાઉન્સિલ દ્વારા મુંબઈના જિઓ વર્લ્ડ ક્ન્વેન્શન સેન્ટર (જેડબલ્યુસીસી) ખાતે ઈન્ડિયન ઈન્ટરનેશનલ જ્વેલરી શોની 18મી આવૃત્તિ એવી આઈઆઈજેએસ ભારત-સિગ્નેચર 2026નું ભવ્ય ઉદ્ઘાટન કરવામા આવ્યુ છે અને આ સાથે ભારતે આજે વૈશ્વિક સ્તરે જેમ્સ એન્ડ જ્વેલરીના વેપારના કેન્દ્રમાં પોતાનું સ્થાન ફરીથી સ્થાપિત કર્યુ છે. ઉપરાંત આ ભવ્ય શોના ઉદ્ઘાટન સાથે આ વર્ષના ગ્લોબલ જ્વેલરી બિઝનેસ કેલેન્ડરની પણ ઔપચારિક શરૂઆત થઈ ગઈ છે.વિશ્વમાં વ્યાપકપણે વર્ષના સૌથી પ્રભાવશાળી બીટુબી જ્વેલરી ટ્રેડ ફેર તરીકે માનવામા આવતા એવા ઈન્ડિયા ઈન્ટરનેશનલ જ્વેલરી શો (આઈઆઈજેએસ)ની આ વખતની એડિશન એવી આઈઆઈજેએસ ભારત-સિગ્નેચર 2026 એવા સમયે ગ્લોબલ વેલ્યુ ચેઈનને એક સાથે એક મંચ પર લાવી રહી છે.

### જેનબર્કટે ગુજરાતમાં ભારતની પ્રથમ વ્યાપક 10 પ્રકારની કેન્સર સ્ક્રીનીંગ વાનની શરૂઆત કરી

ગાંધીનગર | ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ઉદઘાટિત એક મહત્વપૂર્ણ પહેલ રૂપે, જેનબર્કટ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડે પરિકલ્પિત અને દાનમાં આપેલી 'જેનબર્કટ આશા વાન' (વ્હીલ્સ પર આશાનું પ્રતીક) ભારતની સૌ પ્રથમ અદ્યતન મોબાઈલ કેન્સર સ્ક્રીનિંગ વાન તરીકે શરૂ કરવામાં આવી છે. આ વાન 10 વિવિધ પ્રકારના કેન્સરનું સ્ક્રીનિંગ કરવાની ક્ષમતા ધરાવે છે અને તેનું સંચાલન તથા જાળવણી ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ભાવનગર જિલ્લા દ્વારા કરવામાં આવે છે.આ મહત્વાકાંક્ષી પહેલ 2040 સુધી ભારતના અનુમાનિત 20.8 લાખ કેન્સર કેસોને ધ્યાનમાં રાખીને અમલમાં મૂકવામાં આવી છે અને યુએન સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ 3.8 અંતર્ગત સર્વજન આરોગ્ય કવચ તરફ એક સશક્ત પગલું છે.

## બજારમાં હવે આવશે નવી તેજી

# જીએસટીમાં ઘટાડા બાદ બજારમાં સ્થિરતા આવશે

નવી દિલ્હી:ભારતીય અર્થતંત્રમાં સામાન્ય માણસના ખિસ્સા સાથે સીધો સંબંધ ધરાવતા 'કન્ઝ્યુમર સ્ટેપલ્સ' એટલે કે રોજિંદા વપરાશની ચીજવસ્તુઓના ક્ષેત્રમાં ટૂંક સમયમાં સુધારો જોવા મળી શકે છે. બ્રોકરેજ ફર્મ મોતીલાલ ઓસવાલના તાજેતરના અહેવાલ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૬ના ચોથા ક્વાર્ટર (જાન્યુઆરી-માર્ચ) થી ગ્રાહક ચીજવસ્તુઓની માંગમાં ક્રમશઃ વધારો થવાની પ્રબળ શક્યતા છે. આ તેજી પાછળ જીએસટી દરોમાં કરાયેલો ઘટાડો અને સરકાર દ્વારા લેવામાં આવેલા વિવિધ પ્રોત્સાહક પગલાં મુખ્ય કારણભૂત હોવાનું મનાય છે.અહેવાલ મુજબ, જીએસટી દરોમાં ફેરફાર (GST 2.0) પછી શરૂઆતમાં વેપારમાં જે અસ્થિરતા જોવા મળી હતી તે હવે ધીરે ધીરે થાળે પડી રહી છે. ઓક્ટોબર અને નવેમ્બર મહિનામાં નવા ટેક્સ માળખાને કારણે વ્યવસાયિક પ્રવૃત્તિઓમાં આશરે ૪૦ થી ૪૫ દિવસનો વિક્ષેપ પડ્યો હતો. જોકે, હવે સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે. કંપનીઓએ જીએસટીના દરમાં થયેલા ઘટાડાનો સીધો લાભ ગ્રાહકો સુધી પહોંચાડવા માટે નાના પેકેટ્સ (LUPs) માં વસ્તુનું વજન વધારવાની વ્યૂહરચના અપનાવી છે, જેથી કિંમતો વધાર્યા વગર ગ્રાહકોને વધુ મૂલ્ય મળી શકે.મોતીલાલ ઓસવાલના વિશ્લેષણ મુજબ, આગામી મહિનાઓમાં માંગમાં જે વધારો થશે તેમાં ગ્રામીણ વિસ્તારોનો મોટો ફાળો હશે. ગ્રામીણ બજારોમાં સ્થિતિસ્થાપકતા જોવા મળી રહી છે.

## અમેરિકામાં પ્રથમવાર અત્યાધુનિક ચિપનું ઉત્પાદન

# ટ્રમ્પ અને ઈન્ટેલ સીઈઓ વચ્ચેની બેઠક બાદ મોટી જાહેરાત

વોશિંગ્ટન: અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સેમિકન્ડક્ટર ક્ષેત્રની દિગ્ગજ કંપની 'ઈન્ટેલ' ની મોટી સિદ્ધિને બિરદાવતા તેને અમેરિકી ઉદ્યોગ જગતની ઐતિહાસિક સફળતા ગણાવી છે. ઈન્ટેલે સંપૂર્ણપણે અમેરિકામાં જ ડિઝાઈન અને ઉત્પાદિત થયેલી 'સબ-૨ નેનોમીટર' ચિપ લોન્ચ કરી છે. ટ્રમ્પે આ સફળતાને તેમની આક્રમક વ્યાપાર અને ટેરિફ નીતિઓનું પરિણામ ગણાવ્યું છે. વ્હાઈટ હાઉસમાં ઈન્ટેલના સીઈઓ લિપ-બુ ટેન સાથેની મુલાકાત બાદ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર આ અંગેની ખુશી વ્યક્ત કરી હતી.ટ્રમ્પે જણાવ્યું હતું કે ઈન્ટેલે પ્રથમવાર સબ-૨ નેનોમીટર સીપીયુ (CPU) પ્રોસેસર રજૂ કર્યું છે, જેનું પેકેજિંગ પણ અમેરિકામાં જ કરવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિના મતે, આ વિકાસ સાબિત કરે છે કે અમેરિકા ફરીથી વિશ્વમાં અદ્યતન ટેકનોલોજીના ઉત્પાદનનું કેન્દ્ર બની રહ્યું છે. ઈન્ટેલના સીઈઓ લિપ-બુ ટેને પણ સોશિયલ મીડિયા પર રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને વાણિજ્ય સચિવ હોવર્ડ લુટનિકના સમર્થન બદલ આભાર માન્યો હતો. તેમણે પુષ્ટિ કરી કે કંપની હવે તેના લેટેસ્ટ 'કોર અલ્ટ્રા સિરીઝ ૩' પ્રોસેસર્સનું શિપિંગ શરૂ કરી રહી છે, જે સૌથી અદ્યતન સેમિકન્ડક્ટર ટેકનોલોજી પર આધારિત છે.એક મહત્વની જાહેરાત કરતા ટ્રમ્પે જણાવ્યું કે અમેરિકી સરકાર ઈન્ટેલમાં હિસ્સેદારી ધરાવે છે અને આ રોકાણ દ્વારા છેલ્લા ચાર મહિનામાં જ સરકારે અબજો ડોલરની કમાણી કરી છે. "અમે એક શાનદાર સોદો કર્યો છે અને તેટલો જ ફાયદો ઈન્ટેલને પણ થયો છે," તેમ ટ્રમ્પે ઉમેર્યું હતું.



સરકારની આ વ્યૂહરચનાનો હેતુ અદ્યતન ચિપ મેન્યુફેક્ચરિંગને વિદેશોમાંથી પાછું અમેરિકામાં લાવવાનો છે, જે હવે સાકાર થતો દેખાય છે.ટ્રમ્પે તેમની આર્થિક સફળતાનો શ્રેય સીધો જ ટેરિફ (જકાત) નીતિને આપ્યો છે. તેમણે દાવો કર્યો કે વર્ષ ૨૦૦૯ પછી અમેરિકાની વ્યાપાર ખાધ અત્યારે સૌથી નીચલા સ્તરે છે. ભારત અને ચીન જેવા દેશો પર લાદવામાં આવેલા ટેરિફ અંગે વાત કરતા તેમણે કહ્યું કે, ઓગસ્ટ ૨૦૨૫ થી ભારત પર ૫૦ ટકા જેટલો ટેરિફ લાદવામાં આવ્યો છે.

### POCO M8 5Gને કર્વ્ડ AMOLED ડિસ્પ્લે, મિલીટ્રી ગ્રેડ ટકાઉતા અને EV-ગ્રેડ 5,520mAh બેટરી સાથે ભારતમાં સૌપ્રથમ વખત રજૂ કરાયો

મુંબઈ: POCOએ આજે ભારતમાં POCO M8 5G લોન્ચ કર્યો હોવાની ઘાષણા કરી છે, જે સ્લિમ, લાઈટવેઈટ (હળવાવજન)વાળી ડિઝાઈન, તરબોળ AMOLED વિઝ્યૂઅલ્સ, ડીપેન્ડેબલ પર્ફોમન્સ અને આખા દિવસ ચાલે તેવા બેટરી આયુષ્યના મિશ્રણ દ્વારા દરરોજના મનોરંજનમાં અર્થપૂર્ણ અપગ્રેડ લાવે છે. સ્ટ્રીમિંગ, ગેમિંગ, સોશિયલ મીડિયા, ફોટોગ્રાફી અને દૈનિક ઉત્પાદકતા માટે તેમના સ્માર્ટફોન પર આધાર રાખતા વપરાશકર્તાઓ માટે રચાયેલ, POCO M8 5G વ્યવહારુ અપગ્રેડ પર ધ્યાન કેન્દ્રિત કરે છે જે વાસ્તવિક દુનિયાના ઉપયોગને વધારે છે.લોન્ચ પર ટિપ્પણી કરતા, Xiaomi ઈન્ડિયાના ચીફ બિઝનેસ ઓફિસર સંદીપ સિંહ અરોરાએ જણાવ્યું હતું કે, 'POCO M8 5G શ્રેણીની વ્યાપક ઉત્ક્રાંતિનું પ્રતિનિધિત્વ કરે છે, જે સુલભ કિંમત બિંદુઓ પર અર્થપૂર્ણ નવીનતા પહોંચાડવા પરના અમારા ધ્યાનને પ્રતિબિંબિત કરે છે.

## નિફ્ટી અને સેન્સેક્સમાં કડાકો રોકાણકારોમાં ભારે ચિંતા

# અમેરિકી ટેરિફના ખતરા વચ્ચે ભારતીય શેરબજારમાં ગાબડું પડ્યું

મુંબઈ:ભારતીય શેરબજારમાં શુક્રવારે સપ્તાહના અંતિમ દિવસે પણ વેચવાલીનું ભારે દબાણ જોવા મળ્યું છે. રશિયા પાસેથી ક્રૂડ તેલની આયાત કરનારા દેશો પર અમેરિકા દ્વારા લાદવામાં આવેલા ૫૦૦ ટકા ટેરિફના ખતરા અને વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FPI) દ્વારા સતત થઈ રહેલી નિકાસને કારણે બજાર રક્તરંજિત બન્યું છે. વૈશ્વિક વેપાર તણાવ અને સ્થાનિક મોરચે અનિશ્ચિતતાને કારણે રોકાણકારોનો ઉત્સાહ ઓસરી રહ્યો હોય તેમ જણાય છે.આજના ટ્રેડિંગ સેશનમાં નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૨૫,૮૪૦.૪૦ ના સ્તરે ખુલ્યો હતો, જે અગાઉના બંધ કરતા ૩૬.૪૫ પોઈન્ટ અથવા ૦.૧૪ ટકાનો ઘટાડો દર્શાવે છે. બીજી તરફ, બીએસઈ સેન્સેક્સ ૧૮૩.૧૨ પોઈન્ટ ઘટીને ૮૪,૭૭૮.૦૨ પર ટ્રેડ કરી રહ્યો હતો. બજારમાં સતત ચાર દિવસના ઘટાડા બાદ આજે પણ રિકવરીના કોઈ સંકેતો જોવા મળ્યા નથી. બેન્કિંગ અને માર્કેટ નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, ભારતીય બજાર અત્યારે 'ઓવરસોલ્ડ' ઝોનમાં છે અને અહીંથી સ્થિર થવાનો પ્રયાસ કરી શકે છે.જાન્યુઆરી મહિનામાં અત્યાર સુધીમાં વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ આશરે ૯૦૦ મિલિયન ડોલરના ભારતીય શેર વેચ્યા છે. નોંધનીય છે કે વર્ષ ૨૦૨૫માં ૧૯ અબજ ડોલરનો રેકોર્ડ આઉટફ્લો જોવા મળ્યો હતો. અમેરિકા દ્વારા રશિયા સાથે વ્યાપાર કરતા દેશો પર ટેરિફ વધારવાની દરખાસ્તને કારણે સંસ્થાકીય રોકાણકારો સાવચેતીભર્યું વલણ અપનાવી રહ્યા છે, જેની સીધી અસર બજારના સેન્ટિમેન્ટ પર પડી રહી છે. બજારમાં માત્ર બ્લુચિપ શેર જ નહીં, પણ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં પણ વેચવાલી જોવા મળી રહી છે. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરીએ તો આઈટી, ઓટો, રિયલ્ટી અને ફાર્મા સેક્ટરમાં ઘટાડો નોંધાયો છે. ખાસ કરીને રિયલ્ટી સેક્ટર ૦.૨૮ ટકા જેટલું તૂટ્યું છે.

### ચોખાના વેપારમાં 'રિયાલ'નું ગ્રહણ, ઈરાનના આ એક નિર્ણયથી ભારતને 2000 કરોડનો ફટકો!

નવી દિલ્હી: ઈરાનની કરન્સી રિયાલ અમેરિકન ડોલર સામે રેકોર્ડ નીચા સ્તરે પહોંચ્યા બાદ, ઈરાની સરકારે ખાદ્યપદાર્થોના આયાત પર આપવામાં આવતો સબસિડીયુક્ત એક્સચેન્જ રેટ બંધ કરી દીધો છે. વિશ્વમાં ચોખાના નિકાસમાં ભારતનું વર્ચસ્વ છે, પરંતુ હાલમાં ભારત અને ઈરાન વચ્ચેનો 2000 કરોડનો બાસમતી ચોખાનો વેપાર જોખમમાં મુકાયો છે. આ કટોકટી પાછળનું મુખ્ય કારણ ઈરાની ચલણ રિયાલનું અમેરિકન ડોલર સામે ઐતિહાસિક સ્તરે ધોવાણ છે.ઈરાન અત્યાર સુધી ખાદ્યપદાર્થોની આયાત માટે સબસિડીયુક્ત એક્સચેન્જ રેટ આપતું હતું, જેના કારણે ભારતીય નિકાસકારો સરળતાથી વેપાર કરી શકતા હતા. જોકે, આર્થિક સંકડામણ અને વધતી મોંઘવારીને પહોંચી વળવા ઈરાન સરકારે આ સબસિડી અચાનક જ બંધ કરી દીધી છે. હવે સરકાર આ સબસિડીના નાણાં સીધા નાગરિકોના ખાતામાં જમા કરશે. આ ફેરફારને કારણે આયાતી ચોખા મોંઘા બન્યા છે અને અચોક્કસતાને લીધે ભારતીય નિકાસકારોએ પોતાના શિપમેન્ટ બંદરો પર જ રોકી દીધા છે.

## ભારતીય નિકાસ પર પચાસ ટકા ટેરિફ લાગુ થતા મોટું સંકટ

# મોદીના એક કોલ વગર ભારત અમેરિકા વ્યાપાર સમજૂતી અટકી

વોશિંગ્ટન: અમેરિકા અને ભારત વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલી વ્યાપારિક મંત્રણાઓ અત્યારે એક નિર્ણાયક અને આશ્ચર્યજનક વળાંક પર આવીને અટકી ગઈ છે. અમેરિકાના વાણિજ્ય સચિવ હોવર્ડ લુટનિકે એક સનસનીખેજ દાવો કર્યો છે કે ભારત અને અમેરિકા વચ્ચેની વ્યાપાર સમજૂતી માત્ર એટલા માટે પૂર્ણ ન થઈ શકી કારણ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને સીધો ફોન કર્યો ન હતો. ગુરુવારે એક ખાનગી ચર્ચા દરમિયાન લુટનિકે સ્પષ્ટ કર્યું કે તમામ દસ્તાવેજો અને શરતો તૈયાર હોવા છતાં, અંતિમ મંજૂરી માટે સર્વોચ્ચ નેતાઓની સીધી વાતચીત જરૂરી હતી, જે ન થવાથી આ ઐતિહાસિક તક હાથમાંથી સરી ગઈ છે.હોવર્ડ લુટનિકે જણાવ્યું



હતું કે વ્યાપાર કરારના તમામ પાસાઓ પર વાટાઘાટો પૂર્ણ થઈ ગઈ હતી અને માળખું પણ તૈયાર હતું. જોકે, ડોનાલ્ડ ટ્રમ્પની કાર્યશૈલી મુજબ તેઓ પોતે જ કોઈપણ સોદાને આખરી ઓપ આપે છે. લુટનિકના જણાવ્યા અનુસાર, તેમણે ભારતીય પક્ષને સ્પષ્ટ કર્યું હતું કે વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે વાત કરવી પડશે, પરંતુ ભારતીય વહીવટીતંત્ર આ બાબતે અસહજ જણાતું હતું. પરિણામે, નિર્ધારિત શુક્રવાર સુધી કોઈ ફોન કોલ આવ્યો નહીં અને અમેરિકાએ ઈન્ડોનેશિયા, ફિલિપાઈન્સ અને વિયેતનામ જેવા અન્ય એશિયાઈ દેશો સાથે વ્યાપારિક કરારોની જાહેરાત કરી દીધી.અમેરિકાની વ્યાપાર વ્યૂહરચના સમજાવતા વાણિજ્ય સચિવે તેને 'સીડી મોડેલ' તરીકે ઓળખાવ્યું હતું. આ વ્યૂહરચના હેઠળ, જે દેશો વહેલા સમજૂતી કરે છે તેમને સૌથી ફાયદાકારક શરતો મળે છે, જ્યારે વિલંબ કરનારા દેશો પર ઊંચા દરો લાદવામાં આવે છે. ભારતે આ તક ગુમાવતા હવે ગંભીર આર્થિક અસરોનો સામનો કરવો પડી રહ્યો છે. ઓગસ્ટ ૨૦૨૫થી અમેરિકામાં પ્રવેશતા ભારતીય માલસામાન પર પચાસ ટકા ટેરિફ લાગુ કરી દેવામાં આવ્યા છે, જે ભારતીય નિકાસકારો માટે અત્યંત ચિંતાનો વિષય બન્યો છે.

## એનએસઈ અને આઈજીએક્સ વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી થઈ

# એનએસઈ અને આઈજીએક્સ વચ્ચે ગેસ વાયદા માટે કરાર

મુંબઈ: ભારતના અગ્રણી શેરબજાર નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) દ્વારા દેશના ઊર્જા ક્ષેત્રમાં એક સીમાચિહ્નરૂપ જાહેરાત કરવામાં આવી છે. સંસ્થાએ ઈન્ડિયન ગેસ એક્સચેન્જ (IGX) સાથે મળીને ભારતીય પ્રાકૃતિક ગેસ વાયદા વિકસાવવા અને લોન્ચ કરવા માટે વ્યૂહાત્મક ચર્ચાઓ શરૂ કરી છે. આ પહેલનો મુખ્ય હેતુ ભારતના પ્રાકૃતિક ગેસ બજારની ઈકોસિસ્ટમને વધુ પારદર્શક અને સુદ્રઢ બનાવવાનો છે. આ સૂચિત વાયદાના કરારો બજારના સહભાગીઓને જોખમ સંચાલન માટે એક સચોટ સાધન પૂરું પાડશે, જે સીધું જ ભારતના વિકસતા ગેસ પ્રાઈસિંગ ફ્રેમવર્ક સાથે જોડાયેલું હશે.આ સહયોગ બે દિગ્ગજ સંસ્થાઓની તાકાતને એક મંચ પર લાવે છે. એનએસઈ પાસે ડેરિવેટિવ્ઝ માર્કેટનું ઊંડું જ્ઞાન અને અનુભવ છે, જ્યારે આઈજીએક્સ સ્પોટ ગેસ ટ્રેડિંગ, ભાવની શોધ (Price Discovery) અને ભૌતિક બજારના વિકાસમાં અગ્રેસર છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ જોડાણથી ગેસ ઉત્પાદકો, સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓ, પાવર જનરેટર્સ અને ફર્ટિલાઈઝર ઉત્પાદકોને મોટો ફાયદો થશે. તે ભાવમાં આવતી અસ્થિરતા




સામે રક્ષણ મેળવવા (Hedging) અને લાંબા ગાળાના આર્થિક આયોજનમાં મદદરૂપ સાબિત થશે.

નેશનલ સ્ટોક એક્સચેન્જના ચીફ બિઝનેસ ડેવલપમેન્ટ ઓફિસર શ્રીરામ કૃષ્ણને આ ભાગીદારી વિશે જણાવ્યું હતું કે, "આ સહયોગ ભારતના કોમોડિટી ડેરિવેટિવ્ઝ માર્કેટને ઊંડાણ આપવાની દિશામાં એક મહત્વપૂર્ણ ડગલું છે. ભારતની ઉર્જા જરૂરિયાતોમાં પ્રાકૃતિક ગેસ એક મહત્વપૂર્ણ 'ટ્રાન્ઝિશન ફ્યુઅલ' તરીકે ઉભરી રહ્યું છે. ઘરેલું વાયદા બજાર શરૂ થવાથી ભાવમાં પારદર્શિતા વધશે અને ભારતીય બજારના પાયાના સિદ્ધાંતો મુજબ ગેસના ભાવ નક્કી કરવા માટે એક વિશ્વસનીય બેન્ચમાર્ક તૈયાર થશે."

આ નવા નાણાકીય સાધનથી માત્ર ટ્રેડર્સ જ નહીં, પરંતુ વિશાળ ગેસ મૂલ્ય શ્રૃંખલા સાથે જોડાયેલા તમામ પક્ષકારોને લાભ થશે. ઔદ્યોગિક ગ્રાહકો અને નાણાકીય સહભાગીઓ હવે કિંમતોના વધઘટના જોખમને વધુ સારી રીતે મેનેજ કરી શકશે. મીડિયા અહેવાલ મુજબ, આ પગલું ભારત સરકારના ઉર્જા બાસ્કેટમાં પ્રાકૃતિક ગેસનો હિસ્સો વધારવાના અને બજાર આધારિત કિંમત નિર્ધારણ પદ્ધતિને પ્રોત્સાહન આપવાના વ્યાપક ઉદ્દેશ્ય સાથે સંપૂર્ણ રીતે સુસંગત છે.હાલમાં એનએસઈ અને આઈજીએક્સ તમામ હિતધારકો સાથે મળીને આ ડેરિવેટિવ કોન્ટ્રાક્ટને સફળતાપૂર્વક લોન્ચ કરવા માટે કામ કરી રહ્યા છે. આ પ્રોજેક્ટનો અમલ નિયમનકારી મંજૂરીઓને આધિન રહેશે. કોન્ટ્રાક્ટની ડિઝાઈન, તેની વિગતો અને લોન્ચિંગની ચોક્કસ સમયમર્યાદા અંગેની જાહેરાત આગામી સમયમાં કરવામાં આવશે. ભારતનું પ્રથમ ઈલેક્ટ્રોનિક અને સ્ક્રીન-આધારિત ટ્રેડિંગ પ્લેટફોર્મ હોવાને નાતે, એનએસઈ આ નવી પ્રોડક્ટ દ્વારા કોમોડિટી બજારમાં પોતાની પકડ વધુ મજબૂત કરવા માટે સજ્જ છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, પોષ વદ-07

# પશ્ચિમ બંગાળનું બદલાતું રાજકીય વાતાવરણ

પશ્ચિમ બંગાળમાં રાજકીય તાપમાન ઉકળતા બિંદુએ પહોંચી રહ્યું હોય તેવું લાગે છે. મુખ્યમંત્રી મમતા બેનર્જી મની લોન્ડરિંગ કેસના સંદર્ભમાં રાજકીય સલાહકાર કંપની IPAC ના કોલકાતા કાર્યાલય પર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ના દરોડાની વિરુદ્ધમાં છે. મમતાનો દાવો છે કે ભાજપ તૃણમૂલ કોંગ્રેસના IT વડાના ઘરે દરોડા પાડવા માટે ED નો ઉપયોગ કરી રહી છે જેથી પાર્ટીનો આંતરિક ડેટા જપ્ત કરી શકાય. આ સંદર્ભમાં, ગૃહમંત્રી અમિત શાહની તાજેતરની ત્રણ દિવસીય બંગાળ મુલાકાત ભાજપ માટે ચૂંટણીલક્ષી રીતે મહત્વપૂર્ણ હતી. તેમણે પ્રેસ કોન્ફરન્સ દ્વારા પાર્ટીના મુદ્દાઓ સ્પષ્ટ કર્યા, સાંસદો, ધારાસભ્યો અને મુખ્ય નેતાઓ સાથે બેઠકો યોજી અને કાર્યકરો સાથે વાતચીત કરી. અમિત શાહે વડાપ્રધાન મોદીની જેમ બંગાળમાં સરકાર બનાવવાની ઈચ્છા વ્યક્ત કરતા કહ્યું કે બંગાળના લોકો ભય, ભ્રષ્ટાચાર, કુશાસન અને ઘૂસણખોરીના રાજકારણને બદલે વિકાસ, વારસો અને ગરીબોના કલ્યાણ પર આધારિત મજબૂત સરકાર બનાવવા માટે કટિબદ્ધ છે. કોંગ્રેસનો ઉદ્ભવ બંગાળમાં થયો હતો, પરંતુ આજે તે શૂન્ય પર છે, અને 34 વર્ષ સુધી શાસન કરનાર ડાબેરી મોરચો છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં એક પણ બેઠક જીતી શક્યો નહીં. તેનાથી વિપરીત, ભાજપ 41 ટકા મત અને 77 બેઠકો સાથે મુખ્ય વિપક્ષી પક્ષ તરીકે ઉભરી આવ્યો. 2024ની લોકસભા ચૂંટણીમાં ભાજપની બેઠકોની સંખ્યા 2019ની તુલનામાં ઘટી શકે છે, પરંતુ તેનો 39 ટકા મત હિસ્સો અને 12 બેઠકો દર્શાવે છે કે તેણે તૃણમૂલ કોંગ્રેસની સમાંતર મજબૂત સમર્થન આધાર વિકસાવ્યો છે. તેથી, આ વર્ષની વિધાનસભા ચૂંટણીમાં સરકાર બનાવવાના ભાજપના દાવાને માત્ર અતિશયોક્તિ તરીકે નકારી શકાય નહીં. ભાજપે 2021ની ચૂંટણી સમાન આત્મવિશ્વાસ સાથે લડી હોવા છતાં, તે તૃણમૂલ કોંગ્રેસથી ઘણી પાછળ રહી ગઈ. 2021ની તુલનામાં બંગાળમાં રાજકીય વાતાવરણ નોંધપાત્ર રીતે બદલાયું છે. પડોશી બાંગ્લાદેશમાં બનેલી ઘટનાઓએ સમગ્ર દેશને અસર કરી છે. સરહદી રાજ્ય હોવાને કારણે, બંગાળ ખાસ કરીને પ્રભાવિત છે. બંગાળમાં આશરે 30 ટકા મુસ્લિમ મતદાતાઓ અને ભાજપ વિરોધી, ડાબેરી મતદાતાઓનો મોટો ભાગ તૃણમૂલ કોંગ્રેસની તાકાત રહ્યો છે. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે સત્તા પરિવર્તન ત્યારે જ શક્ય છે જ્યારે મુસ્લિમ મતોમાં ઊંડો વિભાજન હોય અથવા ભાજપની તરફેણમાં હિન્દુ મતોનું વ્યાપક ધ્રુવીકરણ હોય. સરકાર સામે આક્રમક વલણ અપનાવનાર તૃણમૂલ કોંગ્રેસ બાંગ્લાદેશમાં હિંસા, ખાસ કરીને હિન્દુઓ વિરુદ્ધ હિંસા અંગે ન તો મજબૂત નિવેદનો આપી રહી છે કે ન તો મોટા વિરોધ પ્રદર્શનોનું આયોજન કરી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં બંગાળની બહાર પકડાયેલા ઘૂસણખોરો પર 24 પરગણા પ્રદેશમાંથી આધાર કાર્ડ અને મતદાર ઓળખ કાર્ડ મળી આવ્યા છે, જેનાથી પુષ્ટિ મળી છે કે બાંગ્લાદેશથી ઘૂસણખોરી ડાબેરી મોરચા અને પછી મમતા બેનર્જી સરકારો દરમિયાન થઈ હતી. સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવ્યૂ (SIR) દરમિયાન, ઘણા ઘૂસણખોરો દાવો કરતા જોવા મળ્યા કે તેઓ લાંબા સમયથી અહીં રહેતા હતા અને તેમની પાસે ઓળખ કાર્ડ હતા. તેઓએ મતદાન કરવાનું પણ સ્વીકાર્યું. 2021 માં આવું નહોતું. આમ છતાં, મમતા બેનર્જી દ્વારા આ હકીકતનો ઈનકાર અને ગૃહમંત્રી અમિત શાહને પ્રશ્ન કરવો કે શું તેમણે પહેલગામમાં આતંકવાદી હુમલો કરાવ્યો હતો કે નહીં તે ફક્ત ભાજપના કટ્ટર વિરોધીઓ માટે જ સ્વીકાર્ય હોઈ શકે છે. દરેક વ્યક્તિ જાણે છે કે જમ્મુ અને કાશ્મીરની પરિસ્થિતિ પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદ સાથે જોડાયેલી છે.

## ગુરુ મંદિર વનકવચ અને હાઈટેક નર્સરીનું કરાયું લોકાર્પણ

# મંત્રી પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને વાવ-થરાદના ચિત્રોડા ખાતે સરપંચ સંવાદ યોજાયો

મહેશ સોલંકી | પાલનપુર તા.09

રાજ્યના વન અને પર્યાવરણ, વાહનવ્યવહાર અને ક્લાયમેટ ચેન્જ રાજ્યમંત્રી પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને તથા ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ રાજ્ય મંત્રી સ્વરૂપજી ઠાકોરની ગરિમામય ઉપસ્થિતિમાં વાવ-થરાદ જિલ્લાના લાખણી તાલુકાના ચિત્રોડા ખાતે સરપંચ સંવાદ અને ગુરૂ મંદિર વનકવચ અને હાઈટેક નર્સરીનું લોકાર્પણ કરાયું હતું.



સામાજિક વનીકરણ વિભાગ દ્વારા વાવ - થરાદ જિલ્લાના ચિત્રોડા ગામે ખાતે આશરે ૧.૫ હેક્ટર વિસ્તારમાં ગુરુ મંદિર વન કવચનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ વન કવચમાં કુલ ૧૧૧ જાતોના ૧૫,૯૭૪ રોપાઓનું સંરક્ષણ કરવામાં આવ્યું છે. સમગ્ર વિસ્તારને ૧ થી ૭ બ્લોકમાં વિભાજિત કરવામાં આવ્યો છે. જેમાં અલગથી ઔષધીય તથા ફળાઉ બ્લોકનો સમાવેશ થાય છે. ઔષધીય બ્લોકમાં અંદાજે ૧,૨૦૦ અને ફળાઉ બ્લોકમાં ૯૧૮ રોપાઓ રોપવામાં આવ્યા છે. અહીં મહુડા, બહેડા, ખીજડો, પીલુ, ખેર જેવી સ્થાનિક જાતો ઉપરાંત આંબા, ફણશ, ચીકુ, પપૈયા જેવી ફળાઉ તથા કંચનાર, ગુગળ, નગોડ, તુલસી જેવી ઔષધીય જાતોનું સંરક્ષણ કરવામાં આવ્યું છે. આ સાથે જ સુશોભિત અને વેલ જાતો દ્વારા વિસ્તારને સૌંદર્યસભર બનાવવામાં આવ્યો છે. ચિત્રોડા નર્સરીમાં કુલ ૭૪ જાતના રોપા ઉછેરવામાં આવી રહ્યા છે. જે પર્યાવરણ સંવર્ધન અને સ્થાનિક જૈવ વૈવિધ્યના સંરક્ષણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.

આ પ્રસંગે મંત્રીઓના હસ્તે વાવ - થરાદ અને બનાસકાંઠા જિલ્લાની વૃક્ષારોપણ વાવેતર કામગીરીના ફોટોગ્રાફ્સને સંકલિત કરી કોફી ટેબલ બુક "બનાસ દર્શન" નું વિમોચન કરાયું હતું. સામાજિક વનીકરણ વિભાગ દ્વારા બનાસ દર્શન કોફી ટેબલ બુક બનાવવામાં આવી છે.

# બનાસકાંઠામાં મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ

મહેશ સોલંકી | પાલનપુર તા.09

મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ ૨૦૨૬ અંતર્ગત બૃહદ બનાસકાંઠા જિલ્લામાં જિલ્લા ચૂંટણી અધિકારી મિહિર પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ચૂંટણીપંચની ગાઈડલાઈન મુજબ તા.૧૯/૧૨/૨૦૨૫ ના રોજ મુસદ્દા મતદારયાદીની પ્રસિધ્ધિ કરવામાં આવેલ છે. SIR અન્વયે તા. ૧૯/૧૨/૨૦૨૫ થી તા.૧૮/૦૧/૨૦૨૬ સુધી હકક દાવા અને વાંધા-અરજીઓના સમયગાળો છે. બનાસકાંઠા અને વાવ-થરાદ જિલ્લામાં સમાવિષ્ટ તમામ ૯ મતદાર નોંધણી અધિકારીઓની કચેરીઓમાં તા.૦૮/૦૧/૨૦૨૬ સુધી નીચે મુજબના હકક-દાવા અને વાંધા-અરજીઓ નિયત નમુનાના ફોર્મ નં.૬, ૭, ૮માં રજુ થયેલ છે. પ્રાપ્ત થયેલ અરજીઓ મુજબ ફોર્મ નં. ૬ હેઠળ કુલ ૨૩,૦૦૩ અરજીઓ, ફોર્મ નં. ૭ હેઠળ કુલ ૨,૫૮૨ અરજીઓ તથા ફોર્મ નં. ૮ હેઠળ કુલ ૧૪,૫૪૦ અરજીઓ રજૂ કરવામાં આવી છે.

## "શાળાના બાળકો સાથે ગ્રામજનોને અભિયાનમાં જોડાવા કરાઈ અપીલ"

# પ્લાસ્ટિક મુક્ત અભિયાનમાં કલરાવાંઢ બાદ હવે ઓડિવાંઢ પ્રા. શાળા જોડાઈ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી) તા.09

લખપત તાલુકાને પ્લાસ્ટિક મુક્ત બનાવવા માટે તાલુકાની કલરાવાંઢ પ્રા. શાળાના બાળકો તેમજ શિક્ષકો દ્વારા શરૂ કરવામાં આવેલ અભિયાનમાં દરેક શાળાઓ જોડાય તે માટે કરવામાં આવેલ ને લઈને ઓડીવાંઢ પ્રા.શાળા આ અભિયાનમાં જ જોડાઈ છે આ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ગામમાંથી પ્લાસ્ટિકની ખાલી બોટલો એકઠી કરવાની સાથે ક્યાંય પણ પ્લાસ્ટિક કચરો નહીં ફેંકવા તેમજ આ અભિયાનમાં જોડાવા માટે મુખ્ય શિક્ષક દ્વારા ગ્રામજનોની સાથે બેઠક કરીને અપીલ કરવામાં આવી છે. ઓડીવાંઢ પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષિકા સંગીતાબેન વાળાએ જણાવ્યું હતું કે પર્યાવરણ જાગૃતિ અને ક્યારેય નાશ ન પામતા પ્લાસ્ટીકનો ઉપયોગ ટાળવા માટેની એક ઝુંબેશ ચાલુ કરી છે. પર્યાવરણ સંરક્ષણ આજના સમયની સૌથી મોટી જરૂરિયાત બની છે. પ્લાસ્ટિકના



વધતા ઉપયોગથી જમીન, પાણી અને પ્રાણીજીવન પર ગંભીર અસર પડી રહી છે. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને અમારા ગામ તથા શાળામાં "પ્લાસ્ટિક મુક્ત અભિયાન" ની શરૂઆત કરવામાં આવી છે. આ અભિયાન અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ ગામના નાગરિકોને પ્લાસ્ટિકના દૂષણ વિશે જાગૃત કરવામાં આવી રહ્યા છે. એકવાર ઉપયોગમાં લેવાતા પ્લાસ્ટિક થેલી, કપ, પ્લેટ અને બોટલનો ઉપયોગ ટાળવા માટે પ્રેરણા આપવામાં આવી રહી છે. તેના બદલે કાપડની થેલી, સ્ટીલના વાસણો અને પર્યાવરણમિત્ર વિકલ્પો અપનાવવાનો સંદેશ આપવામાં આવ્યો છે.

## 1 ઇંચ જમીન અમે કોરિડોર ના નામે આપવાના નથી

# ભચરવાડામાં યોજાયેલ ગ્રામસભામાં 6 લેન્ડ કોરિડોર રસ્તાનો ખેડૂતો-ગ્રામજનો દ્વારા વિરોધ

ભરત શાહ | નર્મદા તા.09

નર્મદા જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને ગ્રામસભાનું આયોજન ભચરવાડા ગામ ખાતે થયું જેમાં હજરપરા, ભચરવાડા અને કુંવરપરા ગામના ગ્રામજનો ખેડૂત મિત્રો સાથે અંકલેશ્વર થી રાજપીપળા આવતો 6 લેન્ડ કોરિડોર રસ્તાનો ખેડૂતો અને ગ્રામજનો દ્વારા ગ્રામસભામાં એનો વિરોધ કરવામાં આવ્યો અને ગયા મહિને પણ ગ્રામસભા યોજવામાં આવી હતી ત્યારે પણ તમામ ખેડૂત મિત્રોએ એક પણ ઈંચ જમીન અમે કોરિડોર ના નામે આપવાના નથી જે બાબતે પણ ઠરાવ કરવામાં આવ્યો હતો અને ગ્રામજનો દ્વારા આજરોજ બીજીવાર ઠરાવ કરવામાં આવ્યો કે અમને કોઈ પણ 6 લેન્ડ રસ્તાની જરૂર નથી, અગાઉ પણ વિકાસના નામે અમારી તેમજ અમારા વિસ્તારના ખેડૂતોની જમીનો લેવામાં આવી છે તેવા ખેડૂત ખાતેદારોને આજ દિન સુધી અમને યોગ્ય ન્યાય કે



વળતર ચૂકવવામાં આવ્યું નથી આજે પણ રાજપીપળા થી અંકલેશ્વર જે ફોર લેન્ડ રસ્તો 2017માં બનાવવામાં આવ્યો. આજે પણ એમાંથી એક પણ ખેડૂતો ખાતેદારોને વળતર ચૂકવવામાં આવ્યું નથી અને તમે સિક્સ લેન્ડના નામે કોરિડોર લઈને આવ્યા છો જેનો અમે તમામ ગ્રામજનો ગ્રામ પંચાયતમાં ઠરાવ કરી અને અમે એનો વિરોધ નોંધાવીએ છીએ કે અમારે એક પણ ઈંચ અમારા વિસ્તારની જમીન આ રોડ રસ્તા માટે કે કોઈપણ વિકાસ ના કામ માટે આપવી નથી તેમ નિરંજન ભાઈ વસાવા નર્મદા જિલ્લા પ્રમુખ, આમ આદમી પાર્ટી નાઓએ જણાવ્યું હતું.

## ભાજપના નેતાઓ ખોટી રેડો કરાવીને ખોટા કેસ કરાવે છે: ચૈતર વસાવા

# વડોદરાના ભાજપના 5 ધારાસભ્યોના પત્ર મુદ્દે ચૈતર વસાવાએ ભાજપ સરકારને ઘેરી

(એજન્સી) અમદાવાદ/સુરત/નર્મદા તા.09

આમ આદમી પાર્ટી દ્વારા સુરતમાં આયોજિત જનસભામાં ધારાસભ્ય ચૈતર વસાવાએ વડોદરાના ભાજપના પાંચ ધારાસભ્યોના પત્ર મુદ્દે ભાજપ સરકારને ઘેરી હતી. સભાને સંબોધન કરતા ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે વડોદરા જિલ્લાના ભાજપના પાંચ જેટલા ધારાસભ્યોએ મુખ્યમંત્રીને પત્ર લખ્યો અને વેદના વ્યક્ત કરી કે છેલ્લા 30 વર્ષથી તાલુકા- જિલ્લા પંચાયતથી લઈને મહાનગરપાલિકા, ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર પણ ભારતીય જનતા પાર્ટીની છે. શાસક પક્ષના ધારાસભ્ય તરીકે તમારી રજૂઆત કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, કમિશનર, એસપી



સહીત અધિકારીઓ સાંભળતા નથી. ધારાસભ્ય ચૈતર વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે, વિચાર કરો આ 30 વર્ષ એકધારુ શાસન કરતી ભારતીય જનતા પાર્ટીનાં પોતાના ધારાસભ્યોને કોઈ સાંભળતું નથી, તો તમારા અને અમારા જેવા સામાન્ય નાગરિકોને શું દશા થતી હશે? આજે ૩૦ વર્ષના શાસનમાં ભારતીય જનતા પાર્ટીએ માત્ર ને માત્ર ડર પેદા કર્યો છે. ભારતીય જનતા પાર્ટીને કોઈ સવાલ પૂછી શકતું નથી. થોડા દિવસ પહેલાં આંકલાવમાં એક ખેડૂતે ત્યાનાં સરપંચ વિરુદ્ધમાં મુખ્યમંત્રીને રજૂઆત કરી, તો એ ખેડૂતને સળગાવીને મારી નાખવાના પ્રયાસ કરવામાં આવ્યા. કોઈ વિદ્યાર્થી શિક્ષણ માટે અધિકાર માંગે, કોઈ યુવાન રોજગારી માંગે, કોઈ સ્વાસ્થ્ય માટેની રજૂઆત કરે, કોઈ પીવાનું શુદ્ધ પાણી માટે રજૂઆત કરે, કોઈ વીજળીની રજૂઆત કરે તો ભાજપના નેતાઓ તેમને ડરાવીને ધમકાવે છે. પોલીસનો ઉપયોગ કરીને રેડ પડાવી, ખોટા કેસ કરાવે છે અને તેમને દબાવવાનું કામ કરે છે.

# ભાવનગરનાં નારી ગામે 10 જાન્યુઆરી સાંજે 5 કલાકે AAPની પરિવર્તન સભા

(એજન્સી) અમદાવાદ / ભાવનગર તા.09

રાજ્યમાં જનતાનો અવાજ બનેલી આમ આદમી પાર્ટી દરેક ખૂણે ખૂણે જઈને લોકોની સમસ્યા જાણવાનો પ્રયાસ કરી રહી છે. લોકો સુધી પહોંચવા, લોકોની તકલીફો સમજવા અને લોકોની સમસ્યાનું સમાધાન લાવવાની દિશામાં કામ કરવા માટે અલગ- અલગ જનસભાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સુરતમાં પરિવર્તન સભાને શાનદાર પ્રતિસાદ મળ્યા બાદ હવે આમ આદમી પાર્ટી ભાવનગર જિલ્લામાં પરિવર્તન સભાનું આયોજન કરવા જઈ રહી છે. આ પરિવર્તન સભામાં સૌને આમંત્રણ આપતા આમ આદમી પાર્ટી પ્રદેશ યુવા પ્રમુખ બ્રિજરાજ સોલંકીએ જણાવ્યું હતું કે 10-1-2026 ,સાંજના 5 કલાકે ભાવનગર જિલ્લાના નારી ગામ મઢુલી પાસે આમ આદમી પાર્ટીની પરિવર્તન સભાનું આયોજન કરવામાં આવ્યું છે.

## ડાંગ જિલ્લા ભાજપ સંગઠન અને વિવિધ આદિવાસી સમાજો દ્વારા સમારોહ

# નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ ગણપત વસાવાનું ભવ્ય સન્માન, આહવા-સાપુતારા માર્ગ પર નીકળી રેલી

સુશિલ પવાર | ડાંગ તા.09

ગુજરાત ભાજપ આદિજાતિ મોરચાના નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ ગણપત વસાવાના સન્માનમાં ડાંગ જિલ્લા ભાજપ સંગઠન અને વિવિધ આદિવાસી સમાજો દ્વારા આહવા ખાતે એક ભવ્ય સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યુ હતુ. ગુજરાત આદિજાતિ મોરચાનાં પ્રદેશ અધ્યક્ષ બન્યા બાદ આદિવાસી જિલ્લાઓના પ્રવાસના ભાગરૂપે તેઓ ડાંગની મુલાકાતે પહોંચ્યા હતા. આહવા-સાપુતારા માર્ગ પરથી એક વિશાળ રેલી સાથે તેઓનું સન્માન કરવામાં આવ્યુ હતુ. આ રેલીમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો અને આદિવાસી સમાજના લોકો જોડાયા હતા. રેલી શહેરના મુખ્ય માર્ગો પર ફરીને 'રંગઉપવન' ખાતે એક જાહેર સભામાં પરિવર્તિત થઈ હતી. સમગ્ર માર્ગ દરમિયાન આદિવાસી પરંપરા



મુજબ વાજતે-ગાજતે અને નૃત્ય સાથે આદિવાસીઓનાં લોકપ્રિય નેતા એવા ગણપત વસાવા તથા અન્ય મહાનુભાવોનું આત્મીય સ્વાગત કરવામાં આવ્યું હતું.આ સન્માન સમારોહમાં રાજ્યના કેબિનેટ મંત્રી નરેશ પટેલ, સાંસદ ધવલ પટેલ, ડાંગ ધારાસભ્ય વિજય પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ નિર્મળાબેન ગાઈન, ડાંગ ભાજપા પાર્ટી પ્રમુખ કિશોરભાઈ ગાવીતિ, આદિજાતિ મોરચા મંત્રી સુભાષ ભાઈ ગાઈન તેમજ જિલ્લા ભાજપ સંગઠનના હોદ્દેદારો અને આદિવાસી સંગઠનોના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. જાહેર સભાને સંબોધતા ઉપસ્થિત નેતાઓએ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (AAP) ની નીતિઓ પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ભાજપ સરકારે હંમેશા આદિવાસી વિસ્તારોના વિકાસ અને કલ્યાણલક્ષી યોજનાઓને પ્રાધાન્ય આપ્યું છે. સરકારની યોજનાઓ છેવાડાના આદિવાસી માનવી સુધી પહોંચી રહી છે.શિક્ષણ, આરોગ્ય અને માળખાગત સુવિધાઓમાં ડાંગ જિલ્લો પ્રગતિ કરી રહ્યો છે.પોતાના સંબોધનમાં ગણપત વસાવાએ આ ભવ્ય સન્માન બદલ ડાંગ જિલ્લા ભાજપ પરિવાર અને આદિવાસી સમાજના તમામ લોકોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. તેમણે આવનારા સમયમાં સંગઠનને વધુ મજબૂત બનાવવા અને આદિવાસી સમાજના પ્રશ્નોના નિરાકરણ માટે કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

## વનવિભાગે વાહન ચાલકની અમદાવાદથી ધરપકડ કરી

# જાફરાબાદનાં હેમાળ ગામમાં વાહનની હડફેટે સિંહણનું મોત, વનવિભાગે આરોપીને ઝડપ્યો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.09

નાયબ વન સંરક્ષક શેત્રુંજી વન્યજીવ વિભાગ પાલીતાણા યોગેશકુમાર દેસાઈની સૂચના અને મદદનીશ વન સંરક્ષક વિરલસિંહ ચાવડા ના સીધા માર્ગદર્શન હેઠળ તા.૦૪/૦૧/૨૦૨૬ ના રોજ જાફરાબાદ વન્યજીવ રેન્જના કાર્યક્ષેત્ર હેઠળ ટીંબી રાઉન્ડ ની હેમાળ બિટમાં આવેલા હેમાળ ગામે રાજુલા-ઉના નેશનલ હાઈ-વે તા.૦૪/૦૧/૨૦૨૫ રાત્રીના ૨૩:૦૩ કલાક પહેલાના કોઈ પણ સમયે રવિ કનુભાઈ ભરવાડ, ઉ.વ-૨૩ રે. નોબલ નગર, સુભાષનગર શર્માજીની ચાલી, અમદાવાદ દ્વારા વન્યપ્રાણી સિંહ માદા-૧ નુ સ્વીફ્ટ મોટર કાર GJ-27-AP-7798 વાહન ચાલકે ગતિ અવરોધક બોર્ડ હોવા છતા



પુરપાટ ઝડપે વાહન ચલાવી સિંહ માદા-૧ ઉ.વ.૩ થી ૫ ને અડફેટે લઈ ગુન્હો આચરેલ છે અને આરોપી નાસી છૂટેલ છે જે તપાસ કરતાં આરોપીને અમદાવાદ ખાતેથી ઝડપી પાડેલ અને તપાસ હાથ ધરવામાં આવેલ છે.જેથી રવિ ભરવાડ આરોપી વિરુધ્ધ વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની જોગવાઈ મુજબ હેમાળ બીટ. ગુ.નં. ૦૧/૨૦૨૫-૨૬ થી ગુન્હો નોંધવામાં આવેલ છે.

## ઠેબી ડેમ નજીક એક શ્વાનનું મારણ પણ કરતા શહેરીજનોમાં ભય

# એરપોર્ટમાં દીપડીએ બચ્ચાને જન્મ આપ્યો અમરેલીમાં રાત્રે દીપડીના આટાફેરાથી ભય

કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.09

અમરેલી શહેરની આસપાસ સિંહ અને દીપડાનો વસવાટ વધી રહ્યો છે. જોકે સૌથી જોખમી બાબત એ છે કે હવે શહેરની મધ્યમાં દિપડાના આંટાફેરા વધ્યા છે. એરપોર્ટ વિસ્તારમાં દિપડીએ બચ્ચાને જન્મ આપ્યાની વાત મળતા વન તંત્રએ આ દિશામાં તપાસ શરૂ કરી છે. મધરાતે દિપડી ચિતલ રોડ પરની સોસાયટીઓમાં આંટા મારતી નજરે પડી હતી. અમરેલી જિલ્લો રીતે સાવજોનું ઘર છે તે જ રીતે અહીં દિપડાની વસ્તી પણ ફુલીફાલી છે. ખાસ કરીને અમરેલીના ઠેબી ડેમ આસપાસના વિસ્તારમાં અવાર નવાર દિપડા નજરે પડી રહ્યા છે. જો કે આ દિપડાની હાજરી માત્ર શહેરની ભાગોળ સુધી નોંધાઈ છે. ભાગ્યે જ દિપડા શહેરમાં આવી જાય છે પરંતુ પાછલા કેટલાક



સમયથી ચિતલ રોડ વિસ્તારમાં એક દિપડીના આંટાફેરા વધ્યા છે.ચિતલ રોડ પર આવેલા એરપોર્ટના પરીસરમાં એક દિપડીએ બચ્ચાને જન્મ આપ્યો હોવાની વન તંત્રને બાતમી મળી હતી. જેને પગલે એસીએફ અને આરએફઓ સહિતના સ્ટાફે એરપોર્ટના દરેક વિસ્તારમાં તપાસ કરી હતી. પરંતુ દિપડી કે બચ્ચાની ભાળ મળી નહતી. એરપોર્ટના તરલ ભાગે અહીં દિપડી આવી ચડી હોવાનું વન તંત્રનું દરમિયાન બે દિવસ પહેલા રાત્રીના સમયે માનવુંદિપડી ચિતલ રોડ પર છેક ગણેશ સોસાયટી સુધીના વિસ્તાર માં દેખાઈ હોવાનું કહેવાય છે. વન તંત્રએ પણ આ દિપડીની ભાળ મેળવવા ચિતલ રોડ પર જુદા જુદા વિસ્તારમાં લાગેલા સીસીટીવી કેમેરાની આમ અમરેલીમાં ઠેબી ડેમ આસપાસના વિસ્તારમાં દિપડાનો કાયમી વસવાટ છે અને ભૂતકાળમાં પણ આ દિપડા અવધ રેસીડેન્સી આસપાસના વિસ્તારમાં લટાર મારી જતા હતા. અગાઉ દિપડા દ્વારા શ્વાનનું મારણ કરાયાનું બહાર આવ્યું હતું. બે દિવસ પહેલા પેટ્રોલપંપ નજીક પણ એક શ્વાનનું મારણ થયું હતું. આ પ્રકારની ભયનો માહોલ છે. ખાસ કરીને વહેલી સવાર અને સાંજના સમયે મોટી સંખ્યામાં લોકો ઠેબી ઘટનાને લઈને અમરેલી શહેરના લોકોમાં ડેમ આસપાસ ના વિસ્તારમાં વોકીંગ માટે પણ જતા હોય છે.

# ઐતિહાસિક 'ઉલગુલાન' આંદોલનની 126મી વર્ષગાંઠ નિમિત્તે ત્રણેય તાલુકાઓમાં જનજાગૃતિ કાર્યક્રમો



સુશિલ પવાર | ડાંગ તા.09

૨૪ ડિસેમ્બર ૧૮૯૯ થી ૯ જાન્યુઆરી ૧૯૦૦ દરમિયાન ભગવાન બિરસા મુંડા દ્વારા કરવામાં આવેલા ઐતિહાસિક 'ઉલગુલાન' આંદોલનના એલાનને આ વર્ષે ૧૨૬ વર્ષ પૂર્ણ થયા છે.આ નિમિત્તે ડાંગ જિલ્લાના વઘઈ, આહવા અને સુબીર એમ ત્રણેય તાલુકાઓમાં 'ક્રાંતિકારી યુવા સંગઠન' અને 'ઓલ ઈન્ડિયા ડેમોક્રેટિક યુથ ઓર્ગેનાઈઝેશન'-ડાંગ યુનિટ દ્વારા ભવ્ય ઉજવણી અને પુષ્પાંજલિના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.કાર્યક્રમની શરૂઆત ૭ જાન્યુઆરીના રોજ વઘઈ ખાતે કરવામાં આવી હતી. જ્યાં સામાજિક કાર્યકર્તાઓ, વકીલો અને આદિવાસી અગ્રણીઓએ મોટી સંખ્યામાં હાજર રહી બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે 'ઉલગુલાનના મહાનાયક બિરસા મુંડા અમર રહો' ના ગગનભેદી નારા લગાવવામાં આવ્યા હતા.

## મહિલા અને બાળ અધિકારીએ વિભાગની કલ્યાણકારી યોજનાઓ પર પ્રકાશ પાડ્યો

# લુણાવાડા તાલુકાના મલેકપુર ખાતે 'બેટી બચાવો બેટી પઢાવો' યોજના અંતર્ગત જાગૃતિ સેમિનાર યોજાયો

જગદીશ ત્રિવેદી | મહીસાગર તા.09

મહીસાગર જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા 'બેટી બચાવો બેટી પઢાવો' યોજના અંતર્ગત શ્રી મહાત્મા ગાંધી વિનયમંદિર, મલેકપુર ખાતે સાયબર સેફ્ટી, સેલ્ફ ડિફેન્સ અને SHE ટીમ વિશે જાગૃતિ સેમિનાર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ફૂલ ટાઈમ સેક્રેટરી અને સિનિયર સિવિલ જજ શ્રી એચ.આર. પરમારના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સાયબર સિક્યોરીટી, શિક્ષણ અને સેલ્ફ ડિફેન્સ તથા કાયદાકીય રક્ષણ વિષે કિશોરીઓને સભાન કારવવાનો હતો.કાર્યક્રમ દરમિયાન વિવિધ વિષયો પર નિષ્ણાતો દ્વારા ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અધ્યક્ષ સ્થાનેથી માન. એચ.આર. પરમાર સાહેબે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળની કામગીરી વિશે જાણકારી આપી હતી, જ્યારે મહિલા અને બાળ અધિકારીએ વિભાગની કલ્યાણકારી યોજનાઓ પર પ્રકાશ પાડ્યો હતો. સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા સોશિયલ મીડિયાના સુરક્ષિત ઉપયોગ અને SHE ટીમ દ્વારા મહિલા સુરક્ષા અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, સેલ્ફ ડિફેન્સ ટ્રેનર દ્વારા દીકરીઓને



સ્વરક્ષણ માટેના જીવંત પ્રદર્શન આપી આત્મરક્ષણની તાલીમ અપાઈ હતી. સમાજ સુરક્ષા અધિકારીએ બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ અને કાયદાકીય પાસાઓ વિશે સમજૂતી આપી દીકરીઓને સશક્ત બનવા પ્રેરણા પૂરી પાડી હતી.

આ પ્રસંગે વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરવા માટે બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત IEC મટીરીયલનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં જિલ્લા મહિલા બાળ અધિકારી, સમાજ સુરક્ષા અધિકારી, સામાજિક કાર્યકર સોનલબેન પંડ્યા, લુણાવાડા મહિલા પોલીસ સ્ટેશનના PSI, સાયબર પોલીસ અને સેલ્ફ ડિફેન્સ ટ્રેનર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## મહીસાગર RTO દ્વારા ઉતરાયણ પૂર્વે માલવણમાં રોડ સેફટી જાગૃતિ કાર્યક્રમ

મહીસાગર જિલ્લા એ.આર.ટી.ઓ. મહીસાગર અને સુઆદ ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે એન. કે. મહેતા અને મતી એમ. એફ. દાણી આર્ટસ કોલેજ, માલવણ ખાતે આગામી ઉતરાયણ પર્વને ધ્યાનમાં રાખીને પતંગની દોરીથી થતા જીવલેણ અકસ્માતો નિવારવા માટે વિશેષ સુરક્ષા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.આ આયોજનનો મુખ્ય હેતુ તહેવારના ઉત્સાહમાં કોઈ અપ્રિય ઘટના ન બને અને લોકો સુરક્ષિત રીતે ઉતરાયણ ઉજવે તે માટેનો હતો. કાર્યક્રમ અંતર્ગત ટુ-વ્હીલર ચાલકોની સુરક્ષા માટે વાહનો પર સેફટી ગાર્ડ લગાવવામાં આવ્યા હતા, જેથી ગળાના ભાગે આવતી પતંગની ઘાતક દોરીથી ચાલકોને બચાવી શકાય. આ પ્રસંગે એઆરટીઓ એસ. બી. પટેલ દ્વારા ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને નાગરિકોને ઉતરાયણ દરમિયાન સાવચેતી રાખવા અને ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. તથા નિવૃત્ત આરટીઓ મહાનુભાવો દ્વારા માર્ગ સલામતી અને અકસ્માત નિવારણ અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ લોકોએ રોડ સેફ્ટી અંગેના શપથ લીધા હતા અને માર્ગ પર શિસ્તબદ્ધ વાહન ચલાવવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રસંગે આરટીઓ ઈન્સ્પેક્ટર એમ. એમ. પટેલ અને કોલેજના આચાર્યએ ખાસ હાજરી આપી હતી.

## 'માતા મરણ' ઘટાડવાના મક્કમ નિર્ધાર સાથે

# મહીસાગરમાં જિલ્લા કક્ષાનો PMSMA વર્કશોપ યોજાયો

જગદીશ ત્રિવેદી | મહીસાગર તા.09

મહીસાગર જિલ્લામાં જિલ્લા પંચાયત સભાખંડ ખાતે જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષ સ્થાને 'જિલ્લા કક્ષાના પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જિલ્લા આર.સી.એચ. અધિકારીની નોડલશીપ હેઠળ અને અર્બન હેલ્થ સેન્ટર-બાલાસિનોરના મેડિકલ ઓફિસરના પ્રેરણાદાયી એન્કરિંગ દ્વારા કરવામાં આવ્યું હતું. વર્કશોપ દરમિયાન જિલ્લામાં માતા મરણના દરમાં ઘટાડો લાવવા માટે વિગતવાર ચિતાર રજૂ કરવામાં આવ્યો હતો. ઉપસ્થિત નિષ્ણાતો દ્વારા આગામી સમયમાં આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ બનાવવા અને અસરકારક અમલીકરણ માટે જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા. અંતમાં, દરેક સ્તરે માતા મરણ અટકાવવા માટે લેવાવા જોઈતા પગલાઓ અંગે ચર્ચા



કરવામાં આવી હતી અને સમાજમાં જાગૃતિ લાવવા માટે જાહેર અપીલ પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, વિભાગીય નાયબ નિયામક કચેરી-વડોદરાના મેડિકલ ઓફિસર તેમજ પંચમહાલ મેડિકલ કોલેજની ટીમ, જિલ્લાના તમામ પ્રોગ્રામ ઓફિસરો, સિવિલ હોસ્પિટલ, સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ અને CHCના અધિક્ષકો, તાલુકા હેલ્થ ઓફિસરો તેમજ PHC અને અર્બન હેલ્થ સેન્ટરના મેડિકલ ઓફિસરો હાજર રહ્યા હતા. આ ઉપરાંત, IMA અને FOGSI ના પ્રમુખ સહિત સરકારી અને ખાનગી હોસ્પિટલોના ગાયનેકોલોજીસ્ટો મળી કુલ ૮૯ જેટલા પ્રતિભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# સુરતનું 10,000 કરોડનું બજેટ કોણ ખાઈ જાય છે? 2027માં સુરતમાં ભાજપના સૂપડાં સાફ થશે: ઈસુદાન ગઢવી

## ઈસુદાન ગઢવી, ગોપાલ ઈટાલીયા, ચૈતર વસાવા, મનોજ સોરઠીયા સહિત કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં જનમેદની ઉમટતા ભાજપ બેડામાં ફફડાટ

(એજન્સી) અમદાવાદ / સુરત | તા.09

આમ આદમી પાર્ટી દ્વારા સુરતમાં 'પરિવર્તન સભા"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા, ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, પ્રદેશ સંગઠન મંત્રી રામ ધડુક, સુરત શહેર વિપક્ષ નેતા પાયલ સાકરીયા, નવસારી લોકસભા ઈન્ચાર્જ પંકજ તાયડે, સુરત લોકસભા ઈન્ચાર્જ રજનીકાંત વાઘાણી અને સુરત શહેર પ્રમુખ ધર્મેશ ભંડેરી સહિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં અને મોટી સંખ્યામાં જનમેદની ઉમટી પડી હતી.

સુરતના ગોડાદરા ખાતે વિશાળ 'પરિવર્તન સભા'માં પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ સુરતની જનતા સમક્ષ પોતાની વાત રજુ કરતા જણાવ્યું હતું કે, થોડા સમય પહેલા જ્યારે હું સુરતમાં આવ્યો હતો ત્યારે મેં જોયું હતું કે સારા સારા બંગલાઓમાં પણ પાણી ભરાઈ ગયા હતા. તો સુરતનું 10,000 કરોડનું બજેટ છે, આ 10,000 કરોડનું બજેટ કોણ ખાઈ જાય છે? અમે ખેડૂતો, ગરીબો, મધ્યમવર્ગ, દલિત, આદિવાસી, વંચિત, યુવાનો અને મહિલાઓનો અવાજ બનીએ છીએ એટલા માટે ભાજપના પેટમાં દુખે છે. કતલખાનાઓ ચલાવનારા લોકોના ફંડથી કમલમ બન્યા છે. સૌરાષ્ટ્રના ખેડૂતો રોજગારી માટે સુરત આવે છે અને બીજી બાજુ સુરતમાં રત્ન કલાકારો પાસે પોતાના બાળકોની ફી ભરવાના પણ પૈસા નથી. પણ હવે મને પૂરો વિશ્વાસ છે કે 2027માં સુરતની જનતા સુરતમાં ભાજપની એક પણ સીટ આવવા નહીં દે. સુરતમાંથી ભાજપના સૂપડાં સાફ થવાના છે.

વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ સભાને સંબોધન કરતા જણાવ્યું હતું કે ભાજપના લોકો એવું ઈચ્છે છે કે તમારા બાળકોના હાથમાં દારૂ અને ડ્રગ્સ, છરા અને તલવારો હોય. અમે ઈચ્છીએ છીએ કે તમારા બાળકોના હાથમાં કમ્પ્યુટર અને લેપટોપ હોય, તેમને સારી શિક્ષા મળે. કોઈ ડોક્ટર બને, કોઈ ઈજનેર બને, કોઈ ઈન્સ્પેક્ટર બને. આ લડાઈ બે વિચારધારાઓ વચ્ચે છે. એક એવી પાર્ટી છે જે તમારા બાળકોને ખોટા રસ્તે દોરવા માગે છે, અને બીજી આમ આદમી પાર્ટી છે જે તમારા બાળકોને આગળ વધારવા માગે છે. હવે નિર્ણય તમારે કરવો છે કે તમારે આશીર્વાદ કઈ પાર્ટીને આપવા. જ્યારે સત્તા ખૂબ શક્તિશાળી બની જાય છે, ત્યારે તે તાનાશાહ બની જાય છે, સૌથી પહેલા જનતાને નહીં, પરંતુ વિરોધ પક્ષને ખતમ કરે છે. વિરોધ નહીં રહે તો તમારો અવાજ ઉઠાવનાર કોઈ નહીં રહે. એટલા માટે એવું ન વિચારો કે "શ્રવણ જોશી



જેલમાં છે તો મને શું?", "ગોપાલ ઈટાલિયાને ગાળો આપી તો મને શું?" એ વિચારો કે જો વિરોધ પક્ષની દિવાલ તૂટી જશે તો આવતીકાલે આ તાનાશાહી સત્તાનો પંજો તમારા સુધી પણ આવી શકે છે. AAP નેતાઓ પર દયા ન ખાવ, અમને મત ન આપો તો ચાલશે, પરંતુ તમારા બાળકોના ભવિષ્ય વિશે તો વિચારો. જો ભાજપની સરકાર આવતી જ રહી તો તમારા બાળકોનું ભવિષ્ય શું થશે? ચારેય બાજુ દારૂના અડ્ડા ખુલ્લા છે, કોઈ પૂછતું નથી. પરંતુ જો તમે ખોટી રીતે ગાડી પાર્ક કરો તો આખું તંત્ર જાગી જાય છે. આ કેવી વ્યવસ્થા છે? આજની જનસભામાં તમારી હાજરી બતાવે છે કે કંઈક મોટો બદલાવ થવાનો છે. રાત્રે 10 વાગ્યા સુધી માતાઓ, બહેનો, વેપારીઓ અહીં બેઠા છે, આ સામાન્ય વાત નથી. આ પરિવર્તનનો સંકેત છે. સામાન્ય માણસનું ભલુ કરવા માટે આમ આદમી પાર્ટી રાજકારણમાં આવી છે. તમારા આર્શીવાદનો એક હાથ અમારા માથા પર પડશે તો ગુજરાતની કાયાપલટ થઈ શકે છે. AAP ધારાસભ્ય ચૈતર વસાવાએ પરિવર્તન સભામાં ભાજપ પર આકાશ પ્રહાર કરતાં કહ્યું હતું કે, આજે ભાજપના શાસનમાં ભાજપના ધારાસભ્યોનો જ અવાજ સાંભળવામાં આવતો નથી, તો સામાન્ય જનતાનો અવાજ કોણ સાંભળશે? જો કોઈ સરકારને સવાલ કરે છે તો ભાજપના નેતાઓ સવાલ કરનારને ડરાવે ધમકાવે છે અને પોલીસનો દુરુપયોગ કરે છે. શ્રવણભાઈ જોશીએ સુરતના લોકો માટે અવાજ ઉઠાવ્યો, માટે ભાજપે તેમના પર ખોટો કેસ કરીને તેમને જેલમાં મોકલ્યા. તો અમે ભાજપની આ તાનાશાહી સામે લડીશું. આ સભામાં ઉપસ્થિત હજારો લોકોને હું સલામ કરવા માગું છું કારણ કે તેઓએ ભાજપની ગુંડાગીરીથી ડર્યા વગર સભામાં આવીને ભાજપના લોકોના ગાલ પર તમાચો માર્યો છે. અમે ભાજપની નિમ્ન કક્ષાની રાજનીતિ સામે લડીશું અને જનતાની ન્યાય અપાવીશું. અરવિંદ કેજરીવાલજી અને ઈસુદાન ગઢવીજીના માર્ગદર્શનમાં સમગ્ર ગુજરાતમાં પરિવર્તન આવવા જઈ રહ્યું છે. વિશાળ જનમેદનીને સંબોધન કરતા આમ આદમી પાર્ટી પ્રદેશ મહામંત્રી મનોજ સોરઠીયા જણાવ્યું હતું કે અહીં બેઠેલા સૌ લોકોએ ક્યારેકને ક્યારેક ભાજપને મત આપ્યા હશે. પરંતુ આજે એ ભાજપ રહી નથી જેને તમે મત આપ્યા હતા. આજે ગુંડાઓ, દારૂ માફિયા અને ડ્રગ્સ માફિયાઓની પાર્ટી બની ગઈ છે. એટલા માટે આપણે મુશ્કેલીઓ વેઠી રહ્યા છીએ. આમ આદમી પાર્ટી સામાન્ય જનતાની વાત કરી રહી છે, અને ભાજપે આમ આદમી પાર્ટીના નેતાઓને બેનરમાં ટોપી લગાવીને અમારો વિરોધ કર્યો. અત્યાર સુધી આ વિસ્તારમાં ભાજપથી લોકો ડરતા હતા પરંતુ આજની સભામાં ઉમટેલી જનમેદની સાબિત કરે છે કે હવેથી અહીં ભાજપનાં એક એક કાર્યકર્તાઓ ડરશે, ભાજપનાં ગુંડાઓ ડરશે. જે ભ્રષ્ટાચાર કરે છે, લોકોને દબાવે છે, તેવા લોકો જેલમાં હોવા જોઈએ. પરંતુ આજે અમારા રાજુભાઈ કરપડા, પ્રવીણ રામ અને શ્રવણ જોશી જેલમાં છે. આમ આદમી પાર્ટી તમારી જેલ,લાઠી કે ગોળીથી ડરતી નથી. જો તમારા આશીર્વાદ રહ્યા તો આવનારી ચૂંટણીમાં સુરત મહાનગરપાલિકામાં આમ આદમી પાર્ટીની જીત નક્કી છે. હું દાવા સાથે કહી શકું છું કે આવનારા દિવસોમાં ભાજપના બધા જ ભ્રષ્ટાચારી નેતાઓ જેલમાં હશે.

## ઈંગ્લેન્ડના પ્રવાસીએ કચ્છની સંસ્કૃતિ અને ગ્રામીણ જીવનશૈલી વિશે વખાણ કર્યા



મહેશ એલ. સોની | નખત્રાણા

કચ્છ અજોડ પ્રદેશ છે અવનવાં સંશોધનો અને નવા ઉમેરાતાં પ્રવાસન સ્થળોથી કચ્છ ઈન્ટરનેશનલ ટુરીઝમના નકશા પણ છવાયેલો છે. પરંતુ પૈસા કમાવવાથી વધારે એ મહત્વનું છે કે આવનાર પ્રવાસી કચ્છની સંસ્કૃતિ અને ખાસ કરી મહેમાનગતિ, પુરતી માહિતી અને માનવતા જળવાઈ રહે એ જરૂરી બન્યું છે.

હમણાં જ બે દિવસ અગાઉ કચ્છના પ્રવાસે આવેલા મુળ મોરોક્કો આફ્રિકા ના વતની અને હાલ લંડન ઈંગ્લેન્ડ રહેતા પ્રવાસી ઓલફેર આમેન એ કચ્છની સંસ્કૃતિ, ગામડાઓ અને ખાસ કરી મીઠું પકવતા અગરીયાઓને મળી તેઓ દ્વારા થતાં કઠીન કામ અંગે માહિતગાર થઈ તેઓ દ્વારા મળેલા પ્રેમના વખાણ કર્યા..

ચાર દિવસ ના ગુજરાત અને કચ્છના પ્રવાસે આવેલ વિદેશી પ્રવાસીએ ગુજરાત ના ગામડાઓ નો પ્રવાસ કરેલ. બદલાતાં યુગમાં પણ ગામડાઓ ના લોકો મહેમાનગતિ કરે છે. તેમણે કહ્યું ઘરે લંડનમાં હું ઈન્ટરનેટ પર વાંચતો હતો કે ગુજરાતમાં શું જોવા જેવું છે જે અજાણ્યું હોય અને અવનવું હોય. મીઠાના અગરીયાઓ ના જીવન વિશે લેખો વાંચી તેમને મળી, તેમના જીવન અને પરીશ્રમ વિશે જાણવાની ખેવના જાગી મેં ગુજરાત ના ૨૦ ટુર ગાઈડોનો સંપર્ક કરી આવા પ્રવાસ પ્લાન માટે માંગણી કરી જોકે કચ્છના ગાઈડ લિયાકતઅલીએ મને જે જોઈએ એ પ્રમાણે ટુર આઈટનરી ઓફર કરેલ. રણના લોકો ખુબ પ્રેમાળ હતાં અને તેમનું જીવન પરીશ્રમથી ભરેલું હતું. ગામડાઓ ની સંસ્કૃતિ, જીવનશૈલી થી ખુબ શીખવા મળ્યું. લોકો ચા, જમવાનું કહેતાં જે વેસ્ટર્ન કલ્ચરથી અલગ છે. મને અહીંનું ખોરાક પણ ખુબ ગમ્યું. ધીસ પ્લેસસ આર લાઈક લાઈફટાઈમ એડવેન્ચર, પીપલ આર વેરી કાઈન્ડ એન્ડ બેસ્ટ.

**વોટ્સએપ ગ્રુપમાં ફરતાં વિડિયો માં કચ્છી ગાઈડની પ્રશંસા કરી...** વોટ્સએપ ગ્રુપમાં ફરતાં એક વિડિયો માં ઈંગ્લેન્ડ ના પ્રવાસી ઓલફેરે ગુજરાતના ઓછા જાણીતા સ્થળો, ગામડાઓ અને કચ્છના ટુર ગાઈડ લિયાકતઅલી નોતિયાર વિશે ભરપૂર વખાણ કરી આ પ્રવાસ યાદગાર અને રીમોટ પ્લેસ પર મુલાકાતો, ગુજરાતી ફુડ, સોલ્ટ વર્કર ના પ્રસંગો વાગોળ્યા. તેમણે કહ્યું ગુજરાત આવવાથી પહેલાં ૨૦ ટુરીસ્ટ ગાઈડોનો સંપર્ક કરેલ કે આ પ્રકારનો પ્રવાસ કરવું છે. ગાઈડ લિયાકતઅલીએ એ જ પ્રકારનો પ્રવાસ ગોઠવેલ જે સેવા બદલ સંતોષ વ્યક્ત કરેલ. ગાઈડ લિયાકતઅલી એ જણાવ્યું કે, વિદેશી પ્રવાસીઓ હાલમાં ઓછાં થયાં છે કારણ કે, લોકો પોતાની જવાબદારી સમજતાં નથી.

## ધરમોડા-લક્ષ્મીપુરા-બ્રાહ્મણવાડા રોડની સાઈડોમાં ઝાડીઝાંખળાં વધી જતાં રોડ પર પસાર થતાં વાહન ચાલકો પરેશાન



નિતીન ઠાકર | ચાણસ્મા

ધરમોડાથી લક્ષ્મીપુરા-બ્રાહ્મણવાડા રોડની. બંન્ને બાજુની સાઈડો પર ઝાડીઝાંખળાં વધી જતાં રોડ પર પસાર થતાં વાહનો માટે સાઈડ લઈ પસાર થવામાં વાહન ચાલકો અકસ્માત થવાના ભયથી પરેશાન થઈ રહ્યા છે ધરમોડા' - લક્ષ્મીપુરા- બ્રાહમણવાડા રોડ સેઢાલ ધરમોડા-ચંદુમાણા સહિતના ગામોના લોકો બેચરાજી મણીયારી મીઠી ધારીયાલ જવા માટે ટૂંકા અંતરનો રસ્તો હોઈ આ રોડ પર વાહનોની અવરજવર વધારે રહે છે જેથી માર્ગમકાન વિભાગ દ્વારા ઘરમોડા-લક્ષ્મીપુરા- બ્રાહ્મણવાડા રોડની બંન્ને બાજુની સાઈડો ની સફાઈ કરાવાય તેવી વાહનચાલકોની માંગ ઉઠવા પામી છે.

## ABVP ના ૫૭મા અધિવેશનમાં નર્મદાના અક્ષયભાઈ તડવીને ગુજરાત પ્રદેશ સહમંત્રીની જવાબદારી સોંપાઈ



ભરત શાહ | નર્મદા

આણંદ ખાતે યોજાયેલા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) ના ૫૭મા અધિવેશનમાં મહત્વપૂર્ણ સંગઠનાત્મક નિર્ણયો લેવાયા હતા. આ અધિવેશન દરમિયાન નર્મદા જિલ્લાના યુવા કાર્યકર્તા અક્ષયભાઈ તડવીને ગુજરાત પ્રદેશ સહમંત્રી તરીકે નવી જવાબદારી સોંપવામાં આવી છે.

અક્ષયભાઈ તડવી લાંબા સમયથી વિદ્યાર્થી હિત, રાષ્ટ્રનિર્માણ અને સંગઠન કાર્યમાં સક્રિય રીતે જોડાયેલા છે. વિદ્યાર્થી જીવનથી જ તેઓ ABVP સાથે સંકળાઈ વિવિધ જવાબદારીઓ સફળતાપૂર્વક નિભાવતા આવ્યા છે. તેમના કાર્યકાળ દરમિયાન નર્મદા જિલ્લામાં વિદ્યાર્થી સંગઠન મજબૂત બન્યું છે અને શૈક્ષણિક તેમજ સામાજિક વિષયોમાં સકારાત્મક કામગીરી જોવા મળી છે.

## દેશલપર (ગું) ગામે રોડની સાફ-સફાઈ માટે દાતાશ્રીએ કર્યું શ્રમયજ્ઞ



મહેશ એલ. સોની | નખત્રાણા

દેશલપર (ગું) ગામ થી ગુંતલી માતાજી મંદિર તરફ જતા ત્રણેક કિમી અંતર ધરાવતા રોડ પર બાવળની વધેલી ઝાડીના સામ્રાજ્યનું એક સેવાભાવી દાતાશ્રી દ્વારા કોઈ પણ જાતની પ્રસિદ્ધિ વિના રોડની બન્ને સાઈડમાં સાફ-સફાઈ કરવામાં આવતા મંદિરે દર્શનાર્થે આવતા જતા ભાવિક ભક્તોમાં આનંદની લાગણી ફેલાઈ હતી. આ પ્રેરણારૂપ કાર્ય બદલ ગામના પૂર્વ ઉપ સરપંચ શ્રી પ્રવિણસિંહ સોઢાએ આભાર વ્યક્ત કર્યો હતો એવું ગામના જાગૃત નાગરિક જગદીશભાઈ દવેએ જણાવ્યું હતું

## AAPએ કોન્ટ્રાક્ટરોની ખરાબ કામગીરી મુદ્દે ભરૂચ જિ. પંચાયત ખાતે રજુઆત કરી

(એજન્સી) અમદાવાદ/ભરૂચ | તા.09

આમ આદમી પાર્ટીના ભરૂચ જિલ્લા પ્રમુખ પિયુષ પટેલની આગેવાનીમાં આજે જિલ્લા પંચાયત ખાતે નાયબ કાર્યપાલક ઈજનેરને ગંભીર મુદ્દા પર રજૂઆત કરવામાં આવી હતી અને ત્યારબાદ AAP નેતા પિયુષ પટેલે વીડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટી દ્વારા આજરોજ ભરૂચ નાયબ કાર્યપાલક ઈજનેરને એક મહત્વપૂર્ણ મુદ્દે અરજી કરવામાં આવી છે. આગામી સમયમાં જે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ આવી રહી છે, તેને ધ્યાનમાં રાખીને ભાજપ સરકારે તાત્કાલિક ધોરણે બધા જ ટેન્ડરોની પ્રક્રિયા પૂર્ણ કરી અને એ હંગામી ધોરણે કામને ચાલુ કરી દીધું છે.

તંત્ર દ્વારા કામ કરવામાં આવે છે એ સારી બાબત છે અને જનતાના પ્રશ્નોનું નિરાકરણ આવે એ ખૂબ જ સારી બાબત છે. પરંતુ જ્યારે અમુક અધિકારીઓના કારણે કોન્ટ્રાક્ટરો એકદમ બેઈમાની કરે છે અને નિયમો અનુસાર કામ નથી કરતા. જેને લઈને અમે આજે રજૂઆત કરવા ગયા હતા.

વધુમાં AAP નેતા પિયુષ પટેલે જણાવ્યું હતું કે, અમે રજૂઆત કરવા ગયા તો અધિકારીઓ દ્વારા અમને જણાવવામાં આવ્યું કે કોઈ નિયમનો ભંગ થયો નથી. જનતા ટેક્સ ભરી રહી છે અને ટેક્સના પૈસેથી રોડ બની રહ્યા છે, તો જનતાને આ કામકાજની માહિતી જાણવાનો પૂરેપૂરો હક છે, છતાં પણ અધિકારીઓ ઉડાવ જવાબ આપે છે અને સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે કે તેઓ કોન્ટ્રાક્ટરોને છાવરી રહ્યા છે. પરંતુ આમ આદમી પાર્ટી આ જરા પણ ચલાવી દેશે નહીં. તો આગામી સમયમાં આમ આદમી પાર્ટી દ્વારા દ્વારા અધિકારીઓને હજુ વધુ રજૂઆત કરવામાં આવશે અને જરૂર પડે તો ઉગ્ર કાર્યક્રમ પણ કરવામાં આવશે.

## ગુજરાતના ખૂબ જાણીતા પતંગોત્સવમાં ગુજરાત ટાઈટન્સ સામેલ થશે

(એજન્સી) અમદાવાદ | ગુજરાત ટાઈટન્સ અમદાવાદમાં ઉત્તરાયણના પર્વના ભાગરૂપે 12થી 14 જાન્યુઆરી દરમિયાન યોજાનારા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં હાજરી આપશે. ગુજરાતમાં પતંગોત્સવનું અનેરું મહત્વ છે અને તેથી જ પતંગોત્સવ દરમિયાન સ્થાનિક લોકોને મળવું ફ્રેન્ચાઈઝી માટે સરળ બની જશે. આ એક્ટિવેશનના ભાગરૂપે મહોત્સવના ત્રણેય દિવસોમાં ખાસ ડિઝાઈન કરાયેલો મોટો ગુજરાત ટાઈટન્સનો પતંગ ઉડાડવામાં આવશે. ચાહકો ગુજરાત ટાઈટન્સના ફેન એન્ગેજમેન્ટ સ્ટોલની મુલાકાત લઈ જીટી બ્રાન્ડેડ પતંગો મેળવી શકશે, ઈન્ટરએક્ટિવ ગેમ્સ અને સ્પર્ધાઓમાં ભાગ લઈ શકશે તેમજ અધિકૃત મર્ચેન્ડાઈઝ જીતવાની તક મળશે. આ ઉપરાંત મહોત્સવ સ્થળે લાઈફ-સાઈઝ ગુજરાત ટાઈટન્સ ઈન્સ્ટોલેશન અને ફોટો લેવાની તક પણ ઉપલબ્ધ રહેશે.

### રાજપીપળા ખાતે કેળા પાકમાં આવતા...

## પનામા, સિકાટોકા અને કરપા જેવા રોગોના જૈવિક નિયંત્રણ અંગે ખેડૂતોનું ચર્ચાસત્ર સંપન્ન થયું

ભરત શાહ | નર્મદા



તા. ૯ તારીખ ૮ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ કેન બાયોસિસ (Kan Biosys) પુણે અને નર્મદા એગ્રો, રાજપીપળાના સંયુક્ત ઉપક્રમે કેળાની ખેતી માટે ખેડૂત સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સંમેલનના માધ્યમથી ઉપસ્થિત ખેડૂત મિત્રોને રાસાયણિક ખેતીની આડઅસરો વિશે સમજ આપવામાં આવી હતી અને સાથે જ જમીન બચાવવા માટે જૈવિક ખેતી અપનાવવા માટે આહવાન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં કેળાના પાકમાં આવતા પનામા વિલ્ટ (પનામા સુકારો) અને સિગાટોકા જેવા રોગોના નિવારણ માટે જૈવિક ઉપાયો વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. કેન બાયોસિસના ઉત્પાદનો સુડો (Sudo) અને મિલાસ્ટિન (Milastin K) આ રોગો સામે કેવી અસરકારક રીતે કામ કરે છે તેની સંપૂર્ણ ટેકનિકલ માહિતી ખેડૂતોને આપવામાં આવી હતી. આ પ્રસંગે કંપનીના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. રીજનલ મેનેજર પ્રદીપ પાનસરે, ડો. વૈભવ બોન્દ્રે અને એરિયા મેનેજર અજયભાઈ પાટીલ દ્વારા ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના સફળ આયોજન માટે નર્મદા એગ્રો - રાજપીપળા ના સંચાલક યઝુવેન્દ્રસિંહ ગોહિલ અને વિજયસિંહ ચૌહાણ નો અમૂલ્ય સહયોગ પ્રાપ્ત થયો હતો.

## દેવપર (યક્ષ) ના રસીલાબેન લોંચાની મોરબી ખાતે સરકારી શિક્ષક તરીકે વરણી

મહેશ એલ. સોની | નખત્રાણા



શિક્ષણ ક્ષેત્રે પોતાની કારકિર્દી બનાવવા મથતા ગ્રામીણ વિસ્તારના પ્રતિભાશાળી ઉમેદવારોમાં વધુ એક યશકલગી ઉમેરાઈ છે. દેવપર (યક્ષ) ના વતની શ્રીમતી રસીલાબેન મનજીભાઈ લોંચાએ પોતાની મહેનત અને સમર્પણ દ્વારા સરકારી ક્ષેત્રે સફળતા પ્રાપ્ત કરી છે. તાજેતરમાં હાથ ધરાયેલ વિદ્યાસહાયક ભરતી પ્રક્રિયા અંતર્ગત રસીલાબેન લોન્ચાની મોરબી જિલ્લામાં ધોરણ ૧ થી ૫ માં સરકારી શિક્ષક તરીકે પસંદગી કરવામાં આવતા છે. પરિવારમાં ખુશીનો માહોલ છવાયો હતો. એક સામાન્ય પરિવારમાંથી આવતા અને પારિવારિક જવાબદારીઓ સાથે શિક્ષણ ક્ષેત્રે આ સ્થાન પ્રાપ્ત કરવું તે અન્ય મહિલાઓ માટે પણ પ્રેરણારૂપ છે. રસીલાબેનની આ સફળતા પાછળ તેમના માતા-પિતાના આશીર્વાદ અને જીવનસાથીના સહકારનું મહત્વનું યોગદાન રહ્યું છે. તેમની આ સિદ્ધિ બદલ દેવપર (યક્ષ) ગ્રામજનો, મિત્ર વર્તુળ અને સ્નેહીજનો દ્વારા તેમને સોશિયલ મીડિયા અને રૂબરૂ મુલાકાત દ્વારા અભિનંદન વર્ષા થઈ રહી છે. તેઓ આગામી સમયમાં મોરબી ખાતે પોતાની ફરજ પર હાજર થઈ રાષ્ટ્રના ભાવિ પેઢીના ઘડતરનું કાર્ય સંભાળશે.

# મૌન શબ્દોને હાથ-પગ નથી હોતા એતો વિના આવજે રડ્યા કરતા હોય છે

ભવિષ્યથી અજાણ ખડખડાટ હસ્તી શિવા નું હાસ્ય પાકટ વય કરતા અલ્લડ તોફાની નાની બાળકી જેવું વધારે હતું. અચાનક બે વર્ષ બાદ શિવાનું મન સાસરે જવા થનગનવા લાગ્યું,કેમ? બે વર્ષ દરમિયાન સામાજિક કડક નિયમો ના લીધે મહેશ એની પત્ની ને મળવા એના સાસરે આવવાનો કે એને ફોન કરવાનો પ્રયત્ન કર્યો નહતો. છતાંય શિવા નું મન મહેશ ના વિચારો માં ખોવાઈ ને એના પતિ ને યાદ કર્યા કરતું હતું. સખી સુશીલા ના મુખે થી મહેશ ના ઉપનામ લાંબું કે કાળિયો શબ્દ સાંભળતા જ એ નારાજ થઈ જતી હતી.અચાનક એવું તે શું થયું કે જેને દિલ થી પસંદ નહતી કરતી એ વ્યક્તિ શિવા ના દિલ ને ગમવા લાગી હતી.ભણવા માં હોશિયાર શિવા કાયમ અવ્વલ જ આવતી હતી પણ લગ્ન બાદ માંડ માંડ એસ એસ સી ની પરીક્ષાની તૈયારીઓ કરી ને પાસ થઈ હતી. નિયમિત સુશીલા ની સાથે ભણવા ને બદલે સાસરીયા ની વાતો કર્યા કરતી હતી. રમતિયાળ અને તોફાની શિવા માં એકાએક આવેલ ગંભીરતા થી એને ખુદ ને આશ્ચર્ય થતું હતું,કેમ?

બંગલા નાં ધબા પર આરામ ખુરશી પર લંબાવી ને ૬૫ વર્ષ ની શિવા આકાશ સામુ જોતા બોલી કે સ્ત્રી છું એટલે તો ૧૮ વર્ષ ની ઉંમરે સ્ત્રીત્વ ના આગમન બાદ કન્યા માંથી અચાનક મહેશ ની પત્ની બની ગઈ હતી.

બે વર્ષ બાદ માતા પિતાની લાડકી અને ભાઈઓની જાન શિવા પિયર છોડી પુનઃ સાસરે કાયમ માટે સાસરે જઈ રહી હતી. પરિવાર ની લાડલી ની વિદાઈ ના પ્રસંગ નો ઉમંગ બધાના ચહેરા પર દર્દ બની ને છલકાતો હતો.

મૌન શબ્દોને હાથ-પગ નથી હોતા એતો વિના આવજે રડ્યા કરતા હોય છે.ભૂતકાળ ના ઝખ્મો દિલ માં એવા ઘા બની ને વાગ્યા છે ને કે હજુ સુધી રૂઝાયા નથી. કેવું મોટું આશ્ચર્ય છે કે દિકરી સાસરે વિદાઈ થાય ત્યારે પિયર ને દુઃખ માં રડવું તો ખૂબ આવે છે પણ દિકરી ને સાસરે જતા રોકતા નથી. લાડલી શિવા સાસરે પુનઃ વિદાઈ થઈ રહી હતી ત્યારે ખુશીઓના વાતાવરણ સમજાતું નહતું. શિવા ના મૌન સંવાદ ને સાંભળતા જ આકાશ માંથી ઋતુ વગર વરસાદ દર્દ માં રડી ને વરસવા લાગ્યો. વરસાદી પાણીના ટીપાં શિવા ના ચમકતા મોટા ગાલ પર પડતાં જ શિવા નું દિલમાં પુનઃ ભૂતકાળ ના સ્મરણો માં સાસરિયે વિદાઈ થઈ રહેલ શિવા ના દિલ માં મહેશ ના મિલન માટે ઉત્સુકતા અનુભવી ને હરખાઈ ગયું..

વકીલ સાહેબ એ મોંઘી મીઠાઈઓના પાંચ પાંચ કિલોના પેકેટની સાથે નમકીનના કિલો કિલોના પેકેટ અને ફ્રૂટ નો ટોપલો પ્યુંન રામુપ્રસાદ દ્વારા ઘરે મોકલાવ્યું હતું. એ પોતે અચાનક કામ સર ભાવનગર જવાનું થયું છે નું બહાનું બતાવી ને ઘરે જવાની હિંમત કરી શક્યા નહી. "દીકરી ને સાસરે મોકલવી પડશે" આ વાતથી બાપની આંખ માં દીકરી જન્મે ત્યારે આંસુ આવતા હોય છે. પરાણે પરાણે વહાલી લાગતી દીકરી એ પિતા ના માટે બોજ નથી હોતી અંત સમય સુધીની હદય માં સાચવી રાખેલ અતિપ્રિય પાત્ર હોય છે એટલે તો સાસરે દીકરી સમૃદ્ધ હોવા છતાંય પિતા ની લેશ માત્ર ચિંતા દીકરી માટે ઓછી થતી હોતી નથી. ઊંડો નિસાસો નાખતા શિવા મનોમન બોલી કે પપ્પા ના દિલ માં મૃત્યુ સમયે પણ ખેદ હતો કે એણે પત્ની ની જીદ ને વશ થઈને એની લાડલી શિવા ના લગ્ન ચૌદ પંદર વર્ષ ની ઉંમરે કરી નાખ્યા ત્યારે પત્ની ની જીદ માનવી પડી એવા લાચર નહતા પપ્પા એ મૃત્યુ સમયે પણ "શિવા ના અસ્તિત્વ ની લડાઈ" માટે ખુદ ને દોષી માન્યા હતા...



અસ્તિત્વ ભાગ : ૧૫

- રુપાલી દવે

લાલ ચટક સાડી,લાંબો સાગર ચોટલો ને સેંથી મા છેક સુધી લાલ સિંદૂર ભર્યું હતું,પ્રથમ રાતે મહેશે આપેલ કુંદનનો સેટ પહેરીને તૈયાર થઈ ને દસ વાગ્યા ની રાહ જોઈને બેઠી હતી.ભાઈઓ સાથે સાસરે જવાનું હતું એટલે દસ વાગ્યા ના શુભ મુહૂર્ત એ સાસરે પ્રસ્થાન કરવા નું હતું. કુસુમ કાકી એ એની દીકરી શિવા ની પીઠ પર વ્હાલ થી હાથ ફેરવતા કહ્યું કે બેટા,ભાઈઓ ને આવતા મોડું થશે તું જમી લે તને ભૂખ લાગી હશે.પિયર ની મોજ મજામાં ભાભીઓ અને ટ્વિંકલ સાથે મળવાનો મોકો ફરી ક્યારે મળશે.. એમ જલદી જમાઈ રાજા પિયર આવવા દેશે નહિ. મોટાં ભાભી એ આવીને ફટાફટ મમ્મી ના કહેવાથી મારી નજર ઉતારી ને મજાક કરતા બોલ્યાં હતા વાહ!!!નણંદ બા,સાસરે જવાની ભારે ઉતાવળ માં છો પહેલી જમાઈ રાજ ની લાગવાની છે.ત્યારે નાનકડી શિવા શરમાઈ ને નીચું જોઈને બોલી હતી કે જમાઈ રાજ ની માટે કોણ સાસરે જાય છે? મને તો સાસરે મારી જેઠાણી અને બન્ને દેરાણી ઓને મળવાની ઉતાવળ વધારે છે.. દીકરીની વાત સાંભળીને કુસુમ કાકી એ સહેજ સ્મિત કરી ને મીઠ્ઠી દાટ આપતા સમજાવ્યું હતું કે બેટા!!!પતિ માટે આમ વિચાર્યા વગર ના બોલાય,તારા એની સાથે લગ્ન થયા છે.એ તારા માટે ભગવાન સમાન ગણાય સમજી..

મોટા ભાભી એ નણંદ ના માંથા પર પ્રેમથી હાથ મૂકીને સમજાવ્યું હતું કે બેટા,પતિની સેવા અન્ય સદસ્યો પર છોડવાની નહી પતિની સેવા તો ખૂદે જ કરવાની.શિવા ની બાજુ માં બેઠેલ નાના ભાભી એ શિવા ને પૂછ્યું કે સાસરે તમને કોની સાથે વધારે ફાવે છે?તમારા સાસુ સસરા નો સ્વભાવ કેવો છે? અમારા બાં બાપુજી જેવો કે અલગ..નાના ભાભી ની વાત સાંભળીને ખડખડાટ હસતા હસતા શિવા બોલી કે મારા સાસુ કરતાંય વધારે દોઢ સાસુ સાસરી માં ફઈજી છે એને બા ના કાન ભરવા માટે દરેક વાતમાં કઈક ને કઈક વહુઓ માં ભૂલ દેખાય.

અચાનક શિવા ખડખડાટ હસતા હસતાં બોલી હતી કે ભાભી, ફઈબા એ મુહ દિખાઈ ના પ્રસંગ માં મારી સાસુ નાં હોશ ઉડાડી દીધા હતા. બધા વચ્ચે મોટે મોટેથી મારો ચહરો જોતાજ બોલ્યાં હતા કે ભાભી!! મહેશ ની વહુના ચહેરા પર પ્રથમ રાત ની નિશાની દેખાતી નથી,ભલે વહુ તો રૂપકડી લાવ્યા પણ એના લક્ષણ જલદી જલ્દી તમને દાદી બનાવવા ના દેખાતા નથી.મને નથી લાગતું બિચારા મહેશ ને ખાસ ખુશ રાખી શકે .કદાચ ફૈબા ની વાત સાચી હતી પણ એ વખતે બા એ એની વાત પર વિશ્વાસ કર્યો નહતો. ૬૫ વર્ષની શિવાને એના ૧૮ માં વર્ષે સાસરે પગ મૂકતા ની સાથે જ થોડા દિવસો માં સમજાય ગયું હતું કે મહેશ જેવા અતિ પ્રેમાળ પતિ મેળવ્યા બાદ શિવા ને બધું જ મળી ગયું છે.મહેશ નો દેખાવ કદાચ રાજ કપૂર જેવો નહતો પણ એનો સ્વભાવ ભગવાન ભોળાનાથ જેવો તો હતો. મહેશે તો દસ વર્ષ ના લગ્ન જીવન ને ખુશીઓ અને આનંદથી ભરી દીધું હતું..પરંતુ..પરંતુ.. શિવા એ એના બદલા માં મહેશ ને શું આપ્યું? જ્યાં સુધી સ્ત્રી બાળક ને જન્મ ન આપે ત્યાં સુધી એનું સ્ત્રીત્વ અપૂર્ણ રહેતું હોય છે..લગ્ન ના બાર વર્ષે સુખી દાંપત્ય જીવન માં...

## ભારતની ઓસ્કરમાં સિદ્ધિઓ



**1982**
'ગાંધી' ફિલ્મ માટે ભાનુ અથૈયાને શ્રેષ્ઠ કોસ્ચ્યૂમ-ડિઝાઈનરનો એવોર્ડ મળ્યો



**1991**
ફિલ્મ-નિર્માતા સત્યજિત રેને 'ઓનરરી લાઈફટાઈમ અચીવમેન્ટ' એવોર્ડ મળ્યો



**2008**
એ. આર. રહેમાનને ફિલ્મ 'સ્લમડોગ મિલિયોનેર'ના ગીત 'જય હો' માટે બેસ્ટ ઓરિજિનલ સ્કોરની કેટેગરીમાં 2 એવોર્ડ મળ્યા હતા. બીજો બેસ્ટ ઓરિજિનલ ગીતનો પુરસ્કાર: એ. આર. રહેમાને એને ગુલઝાર સાથે શેર કર્યો હતો



**2008**
'સ્લમડોગ મિલિયોનેર' માટે રેસલ પોકુટ્ટીને બેસ્ટ સાઉન્ડ મિક્સિંગનો એવોર્ડ મળ્યો





**2023**
ભારતે પ્રથમ વખત બે એવોર્ડ જીત્યા. ચંદ્રબોઝ-એમએમ કીરવાનીને ફિલ્મ 'RRR' ના 'નાટુ-નાટુ' ગીત માટે બેસ્ટ ઓરિજિનલ સોંગનો એવોર્ડ મળ્યો. જ્યારે ગુનીત મોંગા-કાર્તિકી ગોન્સાલ્વિસની ધ એલિફન્ટ વ્હીસ્પર્સે શ્રેષ્ઠ ડોક્યુમેન્ટરી શોર્ટ ફિલ્મનો એવોર્ડ જીત્યો હતો

# ઓસ્કર 2026: 10 ભારતીય ફિલ્મો, એક વૈશ્વિક મંચ...!

## 'કાંતારા', 'હોમબાઉન્ડ' અને 'મહાવતાર નરસિમ્હા' સહિતની ફિલ્મો રેસમાં, 22 જાન્યુઆરીએ લાગશે ફાઈનલ મહોર...




(એજન્સી) મુંબઈ | તા.09

વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત ઓસ્કર ફિલ્મ સમારોહનો ભાગ બનવું એ દરેક ફિલ્મ નિર્માતાનું સ્વપ્ન હોય છે. આ વર્ષે ભારત માટે આ એક મોટી સિદ્ધિ છે, કારણ કે એક કે બે નહીં પણ 10 ભારતીય ફિલ્મો આ પ્રતિષ્ઠિત પુરસ્કાર સમારોહ સુધી પહોંચી છે.

સૌથી ખાસ વાત એ છે કે રિષભ શેટ્ટીની 'કાંતારા: એ લેજન્ડ - ચેપ્ટર 1' અને અનુપમ ખેરની 'તન્વી ધ ગ્રેટ' એ ઓસ્કરની સૌથી મહત્વપૂર્ણ કેટેગરી, બેસ્ટ પિક્ચર માટે પોતાનું સ્થાન બનાવ્યું છે. આ બંને ફિલ્મોએ એકેડમીના સખત એલિજિબિલિટી નિયમો પાસ કરી લીધા છે અને તે 98મા એકેડમી એવોર્ડ્સ માટે લાયક 201 ફીચર ફિલ્મોની યાદીમાં સામેલ થઈ ગઈ છે.

બેસ્ટ પિક્ચરની રેસમાં સામેલ ભારતીય ફિલ્મો રિષભ શેટ્ટીની 'કાંતારા: એ લેજન્ડ - ચેપ્ટર 1' અને અનુપમ ખેરની 'તન્વી ધ ગ્રેટ' તે 201 ફીચર ફિલ્મોમાંથી છે, જેના પર બેસ્ટ પિક્ચર કેટેગરીમાં વિચાર કરવામાં આવશે. એકેડમી ઓફ મોશન પિક્ચર આર્ટસ એન્ડ સાયન્સિસ (AMPAS) દ્વારા જાહેર કરાયેલી આ યાદીમાં સામેલ થવા માટે ફિલ્મોએ માત્ર બેઝિક એલિજિબિલિટી જ નહીં પરંતુ તમામ વધારાની જરૂરિયાતો પણ પૂરી કરવી પડી છે.

ભારતની અન્ય નોમિનેટેડ ફિલ્મો બેસ્ટ પિક્ચર કેટેગરી સિવાય, ભારતની અન્ય ઘણી ફિલ્મો પણ ઓસ્કરની રેસમાં છે. એલિજિબલ એન્ટ્રીની કુલ સંખ્યા 317 સુધી પહોંચી ગઈ છે, જેમાં બેસ્ટ ડોક્યુમેન્ટરી ફીચર, એનિમેટેડ ફીચર અને ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મ માટે અલગથી યાદી જાહેર કરવામાં આવી હતી.

**ફિલ્મો વિશે સંક્ષિપ્ત માહિતી 'કાંતારા: એ લેજન્ડ – ચેપ્ટર 1': હોમ્બલે ફિલ્મ્સ દ્વારા નિર્મિત આ ફિલ્મ ચોથી સદીના કદમ્બ રાજવંશ દરમિયાન તુલુનાડુમાં દૈવ પૂજાની શરૂઆતની વાર્તા કહે છે.**

# સરોજિની નાયડુની બાયોપિકનું ટ્રેલર રિલીઝ : ઈન્દિરા તિવારીની દમદાર એક્ટિંગ

## ફિલ્મના રાઈટર બોલ્યા- રાજકીય નહીં પણ તેમના જીવન પર આધારિત સ્ટોરી

(એજન્સી) મુંબઈ | તા.09

મહાન કવયિત્રી અને સ્વતંત્રતા સંગ્રામ સેનાની સરોજિની પર બનેલી પહેલી હિન્દી ફિલ્મ 'સરોજિની'નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે.

'સરોજિની'નું ટ્રેલર મુંબઈમાં એક ભવ્ય સમારોહમાં રિલીઝ કરવામાં આવ્યું હતું જેમાં ફિલ્મની આખી કાસ્ટ અને ક્રૂ હાજર હતી. ફિલ્મને વિનય ચંદ્રાએ ડિરેક્ટ કરી છે અને તેણે તેનું સંગીત પણ આપ્યું છે. ફિલ્મનો સ્ક્રિનપ્લે અને ડાયલોગ્સ ધીરજ મિશ્રાએ લખ્યા છે. કલાકારોની વાત કરીએ તો મુખ્ય કલાકારોમાં ઈન્દ્રા તિવારી, સોનલ, હિતેન તેજવાણી, ઝરીના વહાબનો સમાવેશ થાય છે.

ફિલ્મના લેખક ધીરજ મિશ્રા બોલિવૂડમાં સતત સક્રિય છે. તેણે ઘણી દેશભક્તિ અને બાયોપિક ફિલ્મો લખી છે. ફિલ્મના લેખક ધીરજ મુજબ, 'ફિલ્મમાં સરોજિની નાયડુના જીવનને ખૂબ જ સરળતાથી દર્શાવવામાં આવ્યું છે. ફિલ્મ રાજકીય ન હોઈને એક પિતા-પુત્રીના સંબંધ, એક મહાન કવયિત્રી જેમને સ્વર કોકિલા પણ કહેવામાં આવ્યા તેમના જીવનમાં



આવેલા ઉતાર-ચઢાવ ઉપરાંત સરોજિનીના સ્વતંત્રતા સંગ્રામ પર આધારિત છે.'

ફિલ્મના નિર્માતાઓની વાત કરીએ તો ચરણ સ્વર્ણા, વિજય ચૌધરી, હેમંત ગૌડા છે અને બેનર વિશિકા ફિલ્મનું છે. ધીરજ આ પહેલા જય જવાન જય કિસાન અને ચાપેકર બ્રધર્સ જેવી ફિલ્મો લખી ચૂક્યા છે. ફિલ્મની રિલીઝ તારીખની જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે અને તેને દેશભરમાં રિલીઝ કરવામાં આવશે.




## કાર્તિક આર્યનની નાગઝિલ્લા ફિલ્મ પાછી ઠેલાય તેવી સંભાવના

મુંબઈ : કાર્તિક આર્યનની 'નાગઝિલ્લા' ફિલ્મ આગામી ઓગસ્ટમાં રીલિઝ કરવાનું નક્કી કરાયું હતું પરંતુ હવે આ ફિલ્મ પાછી ઠેલાય તેવી સંભાવના છે.

કાર્તિકની હાલમાં રજૂ થયેલી ફિલ્મ 'તુ મેરી મૈ તેરા, મૈ તેરા તુ મેરી' બોક્સ ઓફિસ પર પીટાઈ ગઈ હતી. તેના કારણે હવે 'નાગઝિલ્લા'માં અનેક ફેરફારોનો નિર્ણય લેવાયો હોવાનું કહેવાય છે. કાર્તિકના કેટલાક સીન રીશૂટ થાય અથવા તો સ્ક્રિપ્ટમાં પણ કેટલાક ફેરફારો કરાય કે ફિલ્મમાં નવાં આકર્ષણો ઉમેરવા પ્રયાસ થાય તેવી શક્યતા છે.

જોકે, ફિલ્મની ટીમના દાવા અનુસાર ફિલ્મમાં વીએફએક્સનો બહુ મોટાપાયે ઉપયોગ થવાનો છે અને તેના કારણે જ આ ફિલ્મની રીલિઝ મોડી થઈ શકે છે.

## ગણેશ આચાર્ય-પૂજા ચોપરાએ 'મજા લે લે' સોંગ લોન્ચ કર્યું

(એજન્સી) મુંબઈ | તા.09

પ્રતિભાશાળી ગાયિકા પૂનમ ઝાનું નવું ડાન્સ પાર્ટી એન્થમ "મજા લે લે" કામાખ્યા બીટ્સ દ્વારા રિલીઝ કરવામાં આવ્યું છે જેને દર્શકોનો શાનદાર પ્રતિસાદ મળી રહ્યો છે.

આ ધમાકેદાર ગીતનું સ્પેશિયલ સ્ક્રીનિંગ PVR આઈકોન અંધેરી મુંબઈમાં કરવામાં આવ્યું હતું જેમાં ગીતની આખી ટીમની સાથે મુખ્ય અતિથિ બોલિવૂડના વિખ્યાત કોરિયોગ્રાફર ગણેશ આચાર્ય, પૂજા ચોપરા પણ ઉપસ્થિત હતાં.

ફિલ્મ આશિકીના હીરો અને બિગ બોસ ફેમ રાહુલ રોય અને તેમની બહેન 'હરિ માં' પણ ત્યાં હાજર હતાં. પ્રિયંકાએ મનોજ ઝા અને પૂનમ ઝાને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા.

આ ગીતના સિંગર પૂનમ ઝા અને દેવ નેગી છે જ્યારે વીડિયોનું નિર્દેશન ડાયરેક્ટર અભિષેક શર્માએ કર્યું છે. કોરિયોગ્રાફર વિષ્ણુ દેવા છે અને ડીઓપી ડડલી (ફિલ્મ ચેન્નઈ એક્સપ્રેસના સિનેમેટોગ્રાફર) છે.

આ પહેલા પૂનમ ઝાના ઘણા ગીતો રિલીઝ થઈને લોકપ્રિયતા અને મિલિયન્સ વ્યૂઝ મેળવી ચૂક્યા છે. ઝી મ્યુઝિક કંપની દ્વારા રિલીઝ થયેલ તેમનો પાર્ટી નંબર 'નશે મેં હાઈ' એક્ટ્રેસ પૂજા બત્રાએ લોન્ચ કર્યો હતો.

આ નવા ગીત 'મજા લે લે'માં પૂનમ ઝા, અનાયરા ગુપ્તા અને ઈશાન શંકરે અભિનય કર્યો છે અને તેને કામાખ્યા બીટ્સ દ્વારા રજૂ કરવામાં આવ્યું છે. 'મજા લે લે'નું સંગીત પવન મુરાદપુરીએ કમ્પોઝ કર્યું છે અને ગીતો એસ આર ભારતીએ લખ્યા છે. વીડિયોના જ્વેલરી પાર્ટનર કામાખ્યા જ્વેલ્સ લિમિટેડ છે.



## 'ટોક્સિક' ફિવર ઓન!: ટીઝર જોઈ રામુ-સંદીપ રેડ્ડી વાંગાની આંખો પહોળી થઈ ગઈ

(એજન્સી) મુંબઈ | તા.09 એક્ટર યશના જન્મદિવસના અવસરે તેની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'ટોક્સિક: એ ફેરીટેલ ફોર ગ્રોન અપ્સ'નું ટીઝર રિલીઝ કરવામાં આવ્યું. લગભગ 3 મિનિટના આ ટીઝરમાં ભરપૂર એક્શન છે. 'ટોક્સિક'ના ટીઝરની માત્ર ચાહકો જ નહીં પરંતુ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા લોકો પણ ખૂબ પ્રશંસા કરી રહ્યા છે. ફિલ્મમેકર રામ ગોપાલ વર્માએ ટીઝર પર પ્રતિક્રિયા આપતા ડિરેક્ટર ગીતુ મોહનદાસને 'વુમન એમ્પાવરમેન્ટનું પ્રતીક' ગણાવ્યા છે.

રામ ગોપાલ વર્માએ પોતાના X એકાઉન્ટ પર ગીતુનો એક ફોટો શેર કરતા કેપ્શનમાં લખ્યું- 'યશ સ્ટારર ફિલ્મ 'ટોક્સિક'નું ટ્રેલર જોયા પછી મને એમાં કોઈ શંકા નથી કે ગીતુ મોહન મહિલા સશક્તિકરણના સાક્ષાત પ્રતીક છે.

કોઈ પણ પુરુષ ડિરેક્ટર તેની જેમ ડિરેક્શન કરી શકતો નથી, જેવું તેણે આ ફિલ્મમાં કર્યું છે. મને હજુ પણ વિશ્વાસ નથી થઈ રહ્યો કે તેણે આ ફિલ્મનું શૂટિંગ કર્યું છે.'

સંદીપ રેડ્ડી વાંગા અને કરણ જોહરે પણ ટોક્સિકના ટીઝર પર પ્રતિક્રિયા આપતા તેની પ્રશંસા કરી છે. કરણ જોહરે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર ટીઝર શેર કરતા લખ્યું- 'વાહ... જન્મદિવસની કેટલી શાનદાર જાહેરાત છે. ખરેખર અદ્ભુત. યશ જન્મદિવસ મુબારક અને આ ખૂબ સરસ છે.' જ્યારે, ફિલ્મ 'એનિમલ'ના ડિરેક્ટર સંદીપ રેડ્ડી વાંગાએ ટ્વીટ કર્યું - 'ટોક્સિક'નું ટીઝર જોઈને હું દંગ રહી ગયો. સ્ટાઈલ. એટીટ્યુડ. તબાહી. યશને જન્મદિવસની શુભકામનાઓ.'

# શાર્ક ટેન્ક ઈન્ડિયામાં મેન્સ ઈનરવેર બ્રાન્ડની મજાક ઉડાવવામાં આવી

(એજન્સી) મુંબઈ | તા.09

'શાર્ક ટેન્ક ઈન્ડિયા'ની પાંચમી સીઝન સોની લિવ પર 5 જાન્યુઆરીથી ઓન એર છે. શોના લેટેસ્ટ એપિસોડમાં દિલ્હીના બે મિત્રો વિકાસ દહિયા અને પ્રવીણ મિશ્રા તેની મેન્સ ઈનરવેર બ્રાન્ડ 'પેન્ટીજી'ને પિચ કરવા પહોંચ્યા.

પેનલમાં હાજર શાર્ક અમન ગુપ્તા, અનુપમ મિત્તલ, નમિતા થાપર, મોહિત યાદવ અને કુણાલ બહલે આ પિચ સાંભળીને તેમની ખૂબ મજાક ઉડાવી.

બ્રાન્ડની ટેગલાઈન 'અંદર કી બાત હોગી સુંદર' સાંભળીને શાર્ક હસવા લાગ્યા. શાર્ક મોહિતે મજાકમાં પૂછ્યું કે શું તે અનુપમ મિત્તલને તેમના બ્રાન્ડ એમ્બેસેડર બનાવશે. આના પર પિચર્સે કહ્યું- 'ચોક્કસ. તે સૂટ પણ કરશે, સૌથી વધુ અતરંગી અને સ્ટાઈલિશ.'

આ જવાબ પર અનુપમે હસતાં હસતાં કહ્યું- 'ફેંકીને મારીશ.' તેની આ વાત પછી બાકીના ફાઉન્ડર્સે આગળ વધીને કહ્યું કે કોઈપણ શાર્ક બ્રાન્ડ એમ્બેસેડર બની શકે છે કારણ કે અન્ડરવેર તો દરેક જણ પહેરે છે. જ્યારે, અમન ગુપ્તાએ બ્રાન્ડના નામ 'પેન્ટીજી' પર સવાલ ઉઠાવતા કહ્યું કે આ નામ 'ફેન્ટેસી' જેવું સંભળાય છે.

આના પર સ્પર્ધકે જવાબ આપ્યો, 'વિથ ડ્યુ રિસ્પેક્ટ સર, નામમાં કંઈ નથી હોતું. ટેકનિકલી તો ઓડિયો માટે બોટ પણ એવું કોઈ નામ નથી.' તેણે અમનની જ બ્રાન્ડ બોટનું ઉદાહરણ આપતા કહ્યું કે જો તે મોબાઈલ ફોન પણ વેચવા લાગે તો તે પણ સ્વીકાર્ય હશે.

સ્પર્ધકે એ પણ જણાવ્યું કે બ્રાન્ડના 80 ટકા ગ્રાહકો પુરુષો છે અને 20 ટકા મહિલાઓ. વેચાણના આંકડા સાંભળ્યા પછી શાર્કે સ્વીકાર્યું કે આ આંકડા બહુ પ્રભાવશાળી નહોતા. અમન ગુપ્તાએ વાતચીતમાંથી પોતાને અલગ કરી લીધા. પછી ધીમે ધીમે બાકીના શાર્ક પણ પાછા હટી ગયા.

જોકે, આ પહેલીવાર નથી કે જ્યારે શોમાં પિચર્સને બોલાવીને તેમની મજાક ઉડાવવામાં આવી હોય અથવા શોના પિચર્સ સાથે આવો વ્યવહાર કરવામાં આવ્યો હોય.

જ્યારે અશ્નીર ગ્રોવર શોમાં જજ હતા, ત્યારે તેઓ અવારનવાર સ્પર્ધકો પર ગુસ્સો કરતા હતા. ક્યારેક તેઓ સ્પર્ધકો સાથે ખોટી ભાષાનો પણ ઉપયોગ કરતા હતા. એકવાર તેણે એક પિચ દરમિયાન એક સ્પર્ધકને 'દોગલા' (બેવડા) સુધી કહી દીધું હતું.

અનુપમ મિત્તલ પણ ઘણી વખત સ્પર્ધકો સાથે ખરાબ વર્તન કરી ચૂક્યા છે. શાર્ક ટેન્ક ઈન્ડિયાની સીઝન 2માં અનુપમ એક મસાલા બ્રાન્ડના પિચ દરમિયાન ખૂબ ગુસ્સે થયા હતા. અને એક કરોડ રૂપિયાથી વધુનો ચેક ફાડીને ફેંકી દીધો હતો.



# કોન્સર્ટ, કિસ અને બ્રેકઅપ....!

(એજન્સી) મુંબઈ | તા.09 બોલિવૂડ એક્ટ્રેસ તારા સુતારિયા અને એક્ટર વીર પહારિયાના અલગ થવાના સમાચાર સામે આવ્યા છે. વેબસાઈટ ફિલ્મફેરે પોતાના રિપોર્ટમાં દાવો કર્યો છે કે બંનેના રિલેશનશિપનો અંત આવ્યો છે. તાજેતરમાં જ બંનેએ પોતાના સંબંધને સાર્વજનિક કર્યો હતો. તારા અને વીરની ડેટિંગની શરૂઆત વર્ષ 2025ની શરૂઆતમાં થઈ હતી. બંનેને ઘણી વાર ખાનગી સ્થળોએ સાથે જોવામાં આવ્યા હતા. આ પછી તેના સંબંધોને લઈને ચર્ચાઓ તેજ બની હતી. માર્ચ 2025માં બંનેએ એક ફેશન ઈવેન્ટમાં સાથે હાજરી આપી હતી. આ ઉપરાંત ગણેશ ચતુર્થીના અવસરે પણ બંને સાથે જોવા મળ્યા હતા.

### તારા-વીર બંને ચર્ચામાં હતા

તાજેતરમાં જ તારા-વીર બંને ચર્ચામાં હતા. ડિસેમ્બર 2025ના અંતમાં મુંબઈમાં થયેલા એપી ધિલ્લોનના એક કોન્સર્ટનો એક વીડિયો વાઈરલ થયો હતો. આ વીડિયોમાં તારા સ્ટેજ પર સિંગર સાથે જોવા મળી હતી. તારા અને એપીએ કોન્સર્ટમાં સાથે પરફોર્મ કર્યું. પરફોર્મન્સ દરમિયાન એપીએ તારાને ગળે લગાવી અને ગાલ પર કિસ કરી હતી.

આ જ કોન્સર્ટમાં દર્શકોમાં હાજર વીરના રિએક્શનનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો, જેમાં તેને કથિત રીતે અસ્વસ્થ બતાવવામાં આવ્યા હતા.

જોકે, આ વીડિયોને લઈને તારાએ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને કહ્યું હતું કે ખોટી વાતો અને પેઈડ પીઆરથી સત્ય બદલાતું નથી.

વીરે પણ આ દાવાઓને નકારી કાઢતા સ્પષ્ટ કર્યું હતું કે વાઈરલ વીડિયોમાં તેનું જે રિએક્શન બતાવવામાં આવ્યો છે, તે તે ગીત (થોડી સી દારૂ) ના સમયનો ન હતો. તેણે કહ્યું કે તેમનો રિએક્શન કોઈ બીજા ગીત દરમિયાનનો હતો, જેને ખોટી રીતે એડિટ કરીને વાઈરલ કરવામાં આવ્યું છે.

હવે સૂત્રોના હવાલાથી કહેવામાં આવી રહ્યું છે કે બંનેએ પરસ્પર સહમતિથી અલગ થવાનો નિર્ણય કર્યો છે. જોકે, બ્રેકઅપનું કારણ શું છે, તે સ્પષ્ટ થઈ શક્યું નથી.

તારા-વીર, બંનેએ હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી.

વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, તારા ટૂંક સમયમાં ફિલ્મ 'ટોક્સિક'માં જોવા મળશે. ફિલ્મમાં યશ, કિયારા અડવાણી અને હુમા કુરેશી પણ છે. ફિલ્મ 19 માર્ચે રિલીઝ થશે.

જ્યારે, વીરની વાત કરીએ તો તેણે ગયા વર્ષે અક્ષય કુમાર સાથે ફિલ્મ 'સ્કાય ફોર્સ'થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું.



**અચાનક 'વીર-તારા' અલગ થયાં; બોયફ્રેન્ડની સામે એક્ટ્રેસ અને એપી ધિલ્લોનનો રોમાન્સ ચર્ચામાં આવ્યો હતો**

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## એસ્પોર્ટ્સ નેશન્સ કપ ૨૦૨૬ માટે રાષ્ટ્રીય ટીમોનું નવું માળખું જાહેર

**નેશનલ ટીમ પાર્ટનર ફ્રેમવર્ક માટે અરજીઓ શરૂ, આંતરરાષ્ટ્રીય ગેમિંગ ટુર્નામેન્ટમાં ૧૬ ગેમ ટાઇટલ સામેલ**




(એજન્સી) રિયાધ । તા. 09

એસ્પોર્ટ્સ વર્લ્ડ કપ ફાઉન્ડેશન (EWCF) દ્વારા આજે આગામી 'એસ્પોર્ટ્સ નેશન્સ કપ ૨૦૨૬' (ENC) માટે રાષ્ટ્રીય ટીમ પ્રતિનિધિત્વના માળખાની જાહેરાત કરવામાં આવી છે. સાઉદી અરેબિયાના રિયાધમાં નવેમ્બર ૨૦૨૬માં યોજાનારી આ ભવ્ય ટુર્નામેન્ટ માટે સત્તાવાર 'નેશનલ ટીમ પાર્ટનર'ની પસંદગી પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. આ નવું માળખું ખેલાડીઓને પોતાના દેશના રાષ્ટ્રધ્વજ નીચે રમવાની તક આપશે, જે ગેમિંગ જગતમાં રાષ્ટ્રીય અસ્મિતા અને ચાહકોના જોડાણને એક નવા સ્તરે લઈ જશે.

ઐતિહાસિક રોકાણ અને વિકાસ ભંડોળ મીડિયા અહેવાલ મુજબ, આંતરરાષ્ટ્રીય ગેમિંગ ટુર્નામેન્ટના લાંબા ગાળાના વિકાસ માટે EWCF એ વાર્ષિક ૨૦ મિલિયન ડોલર (આશરે ૧૬૬ કરોડ રૂપિયા) ના 'ENC ડેવલપમેન્ટ ફંડ'ની જાહેરાત કરી છે. આ ભંડોળનો ઉપયોગ રાષ્ટ્રીય ટીમોના પ્રવાસ, લોજિસ્ટિક્સ, ટ્રેનિંગ કેમ્પ અને પ્રદર્શન મેચોના આયોજન માટે કરવામાં આવશે. ફાઉન્ડેશનના સીઈઓ રાલ્ફ રીકર્ટના જણાવ્યા મુજબ, આ પગલાનો હેતુ એસ્પોર્ટ્સને વિશ્વ સ્તરે વધુ ટકાઉ અને ગંભીર રમત તરીકે સ્થાપિત કરવાનો છે.

## વુમન પ્રીમિયર લીગ સીઝન 4 એક વર્લ્ડ કપથી સંતોષ નથી



(એજન્સી) મુંબઈ । તા. 09

ક્રિકેટ ચાહકો માટે રોમાંચની નવી મોસમ શરૂ થઈ રહી છે. મહિલા ક્રિકેટની સૌથી લોકપ્રિય ટુર્નામેન્ટ 'વુમન પ્રીમિયર લીગ' (WPL) ની ચોથી સીઝનનો આજથી પ્રારંભ થઈ રહ્યો છે. નવી મુંબઈના ડીવાય પાટિલ સ્ટેડિયમ ખાતે રમાનારા ઉદઘાટન મુકાબલામાં ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચે ખરાખરીનો જંગ જામશે. આ મેચ પૂર્વે મુંબઈ ઈન્ડિયન્સની સુકાની હરમનપ્રીત કૌરે વિરોધી ટીમોને ચેતવણી આપતા જણાવ્યું છે કે ભારતીય ટીમ માત્ર એક વર્લ્ડ કપ જીતવાથી સંતુષ્ટ નથી, અમારું લક્ષ્ય વિશ્વની સર્વશ્રેષ્ઠ ટીમ બનવાનું છે.

અત્યાર સુધીની પરિસ્થિતિ પર નજર કરીએ તો, આજની મેચ બે દિગ્ગજ ખેલાડીઓ વચ્ચેની રણનીતિની લડાઈ હશે. એક તરફ બે વાર ચેમ્પિયન બનેલી મુંબઈની ટીમની કમાન હરમનપ્રીત પાસે છે, તો બીજી તરફ ૨૦૨૪ ની ચેમ્પિયન બેંગલુરુની આગેવાની સ્મૃતિ મંધાના કરી રહી છે. હરમનપ્રીતે મેચ પૂર્વેની પત્રકાર પરિષદમાં સ્પષ્ટ કર્યું કે ગત વર્ષે વર્લ્ડ કપ જીતીને અમે ઈતિહાસ તો રચ્યો છે, પરંતુ આગામી બે-ત્રણ વર્ષમાં અમારે સતત જીત મેળવવાની છે. ખાસ કરીને જૂન-જુલાઈમાં યોજાનારા ટી-૨૦ વર્લ્ડ કપ અને ત્યારબાદ ચેમ્પિયન્સ ટ્રોફી પર અમારી નજર છે. જાણો સમગ્ર ઘટનાક્રમ કે કેવી રીતે આ લીગ ભારતીય મહિલા ક્રિકેટને બદલી રહી છે. હરમનપ્રીતના મતે, વુમન પ્રીમિયર લીગના કારણે ખેલાડીઓ હવે પોતાની 'કમ્ફર્ટ ઝોન' માંથી બહાર આવ્યા છે. આંતરરાષ્ટ્રીય સ્તરના સ્ટાર ખેલાડીઓ સાથે રમવાથી યુવા ખેલાડીઓનો આત્મવિશ્વાસ વધ્યો છે.

## વિરાટ કોહલી વડોદરા વનડેમાં તોફાની પ્રેક્ટિસ શરૂ



(એજન્સી) વડોદરા । તા. 09

સંસ્કારી નગરી વડોદરામાં ૧૫ વર્ષના લાંબા અંતરાલ બાદ આંતરરાષ્ટ્રીય ક્રિકેટનું આગમન થઈ રહ્યું છે. ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે રવિવારથી શરૂ થનારી ત્રણ મેચોની વનડે શ્રેણીની પ્રથમ મેચ કોટંબી સ્થિત બીસીએ સ્ટેડિયમમાં રમાશે. આ મેચ માટે ભારતીય ટીમના રન મશીન વિરાટ કોહલીએ નેટ્સમાં પરસેવો પાડવાનું શરૂ કરી દીધું છે. કોહલીના આગમન સાથે જ વડોદરામાં ક્રિકેટ ફીવર ચરમસીમાએ પહોંચ્યો છે અને ચાહકો પોતાના પ્રિય ખેલાડીને મેદાન પર જોવા માટે આતુર છે.

અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, વિરાટ કોહલીએ ગુરુવાર રાતથી જ વડોદરામાં પડાવ નાખ્યો છે અને શુક્રવારે સવારે કેએલ રાહુલ, યશસ્વી જયસ્વાલ તથા હર્ષિત રાણા સાથે સઘન પ્રેક્ટિસ કરી હતી. વિરાટે ઈન્સ્ટાગ્રામ પર પ્રેક્ટિસ સેશનની તસવીરો શેર કરી છે, જેમાં તે લયબદ્ધ ડ્રાઈવ્સ અને ક્લાસિક શોટ્સ રમતો જોવા મળે છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, કોહલી હાલમાં પોતાની કારકિર્દીના શ્રેષ્ઠ ફોર્મમાં છે. ગત ડિસેમ્બરમાં દક્ષિણ આફ્રિકા સામેની શ્રેણીમાં તેણે ૧૫૧ની સરેરાશથી ૩૦૨ રન બનાવીને 'પ્લેયર ઓફ ધ સીરીઝ' નો ખિતાબ મેળવ્યો હતો.

ન્યુઝીલેન્ડ સામે વિરાટનો રેકોર્ડ હંમેશા શાનદાર રહ્યો છે. તેણે કીવી ટીમ સામે ૩૩ વનડેમાં ૫૫.૨૩ની સરેરાશથી ૧,૬૫૭ રન બનાવ્યા છે, જેમાં ૬ સદી અને ૯ અર્ધસદી સામેલ છે. ખાસ કરીને ભારતીય ધરતી પર ન્યુઝીલેન્ડ સામે તેની સરેરાશ ૭૪ થી પણ વધુ છે.

### ઐતિહાસિક ૨૮,૦૦૦ રનના માઈલસ્ટોનથી માત્ર ૨૫ રન દૂર

જાણો સમગ્ર ઘટનાક્રમ તો આ મેચ વિરાટ માટે માત્ર એક સામાન્ય મુકાબલો નથી, પરંતુ તે ઈતિહાસ રચવાની ઉંબરે ઊભો છે. વિરાટ કોહલી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૨૮,૦૦૦ રન પૂરા કરવાથી માત્ર ૨૫ રન દૂર છે. જો તે રવિવારની મેચમાં આ આંકડો સ્પર્શી લેશે, તો તે સચિન તેંડુલકર અને કુમાર સંગાકારા પછી આ સિદ્ધિ મેળવનાર વિશ્વનો ત્રીજો અને સૌથી ઝડપી બેટ્સમેન બની જશે. મીડિયા અહેવાલ મુજબ, સચિને ૬૪૪ ઈનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી હતી, જ્યારે વિરાટ અત્યારે માત્ર ૬૨૩ ઈનિંગ્સમાં ૨૭,૯૭૫ રન ધરાવે છે.

## અભિષેક શર્માનું નબળું ફોર્મ વર્લ્ડ કપ પહેલા ભારત માટે ખતરાની ઘંટડી



(એજન્સી) નવી દિલ્હી । તા. 09

આગામી ૭ ફેબ્રુઆરીથી શરૂ થનારા આઈસીસી ટી-20 વર્લ્ડ કપ આડે હવે એક મહિનાથી પણ ઓછો સમય બાકી છે, ત્યારે ભારતીય છાવણીમાં અભિષેક શર્માનું નબળું ફોર્મ ચર્ચાનો વિષય બન્યું છે. ટી-20 ફોર્મેટમાં વિશ્વના નંબર-1 બેટર તરીકે ઉભરી આવેલા આ આક્રમક ઓપનરનું બેટ છેલ્લા કેટલાક સમયથી શાંત છે.

શિખર ધવન અને શુભમન ગિલની ગેરહાજરીમાં જ્યારે ભારતને એક વિસ્ફોટક ઓપનરની જરૂર છે, ત્યારે અભિષેક શર્માના આંકડા ચિંતા જગાવનારા છે.

આંકડામાં અભિષેકનો કથળતો ગ્રાફ સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, અભિષેક શર્માએ તેની છેલ્લી ૧૦ ઈનિંગ્સમાં માત્ર એક જ અડધી સદી ફટકારી છે. બીજી ડિસેમ્બરે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં ફિફ્ટી ફટકાર્યા બાદ તે સતત સંઘર્ષ કરી રહ્યો છે. દક્ષિણ આફ્રિકા સામેની મહત્વની પાંચ મેચની સીરિઝમાં પણ તેનો સર્વોચ્ચ સ્કોર માત્ર ૩૫ રન રહ્યો હતો. ઘરેલુ ક્રિકેટમાં પણ તેની નિષ્ફળતા ચાલુ રહી છે, જ્યાં તાજેતરમાં વિજય હઝારે ટ્રોફીમાં તે માત્ર ૮ રન બનાવી પેવેલિયન ભેગો થયો હતો.

ટીમ મેનેજમેન્ટની મુશ્કેલીઓ ભારતીય ટીમનું ટેન્શન એટલે પણ વધ્યું છે કારણ કે કેપ્ટન સૂર્યકુમાર યાદવ પોતે લય મેળવવા મથામણ કરી રહ્યા છે અને તિલક વર્માની ફિટનેસ પર શંકા છે. વર્લ્ડ કપ જેવી મેગા ઈવેન્ટમાં જો પાવર-પ્લેમાં સારી શરૂઆત નહીં મળે, તો મિડલ ઓર્ડર પર દબાણ વધી શકે છે. એશિયા કપમાં જે ભય વિરોધી બોલરોમાં અભિષેકના નામે હતો, તે હવે ક્યાંક ખોવાઈ રહ્યો હોય તેવું જણાય છે.

ન્યુઝીલેન્ડ સામે 'કરો યા મરો' ટી-20 વર્લ્ડ કપ પહેલા ન્યુઝીલેન્ડ સામેની આગામી ૫ મેચની હોમ સીરિઝ અભિષેક શર્મા માટે લિટમસ ટેસ્ટ સમાન રહેશે. આ સીરિઝમાં તેને પોતાનું ખોવાયેલું ફોર્મ પરત મેળવવાની છેલ્લી તક મળશે. જો તે ન્યુઝીલેન્ડ સામે નિષ્ફળ જશે, તો પસંદગીકારોને વર્લ્ડ કપની પ્લેઈંગ ઈલેવનમાં ઈશાન કિશન કે સંજુ સેમસન જેવા અન્ય વિકલ્પો પર વિચાર કરવાની ફરજ પડી શકે છે.

## UPKL પ્લેઓફ રેસમાં ઉલટફેર મિર્ઝાપુરની ટીમે ગાઝિયાબાદનું સપનું તોડ્યું




નોઈડા | ઉત્તર પ્રદેશ કબડ્ડી લીગ સીઝન ૨ ના 'ડુ-ઓર-ડાય' વીકના ૧૫મા દિવસે નોઈડા ઈન્ડોર સ્ટેડિયમ ખાતે એક મોટો ઉલટફેર જોવા મળ્યો હતો. પ્લેઓફની રેસમાંથી પહેલેથી જ બહાર થઈ ચૂકેલી 'ગંગા કિંગ્સ ઓફ મિર્ઝાપુર'ની ટીમે ચોથા સ્થાને રહેલી 'ગજબ ગાઝિયાબાદ'ને ૪૪-૩૮ થી હરાવીને તેના ટોપ-૪ માં પહોંચવાના સપના પર પાણી ફેરવી દીધું છે. આ જીત સાથે મિર્ઝાપુરે સાબિત કર્યું કે ભલે તેઓ રેસમાં નથી, પરંતુ તેઓ અન્ય ટીમો માટે ખતરો બની શકે છે. દિનેશ શર્માની પ્રેરક ઉપસ્થિતિ આ મહત્વપૂર્ણ મેચના સાક્ષી બનવા ઉત્તર પ્રદેશના પૂર્વ નાયબ મુખ્યમંત્રી દિનેશ શર્મા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## SA20 પોઈન્ટ ટેબલ જંગ વીજળીના કડાકા સાથે મેચ રદ, સુપર કિંગ્સ ટોપ પર



જોહાનિસબર્ગ | SA20 2025-26 ની સીઝનમાં ગુરુવારે સાંજે જોહાનિસબર્ગના ઐતિહાસિક 'બુલરિંગ' ખાતે જોબર્ગ સુપર કિંગ્સ અને પાર્લ રોયલ્સ વચ્ચેનો મુકાબલો ભારે ઉત્તેજના બાદ વરસાદ અને વીજળીના કડાકાને કારણે રદ કરવો પડ્યો હતો. બંને ટીમોને ૨-૨ પોઈન્ટની વહેંચણી કરવામાં આવતા જોબર્ગ સુપર કિંગ્સ ૧૭ પોઈન્ટ સાથે ટેબલમાં સનરાઈઝર્સ ઈસ્ટર્ન કેપ સાથે સંયુક્ત રીતે પ્રથમ ક્રમે પહોંચી ગઈ છે, જ્યારે પાર્લ રોયલ્સ ૧૫ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે. વિન્સ અને ડુપ્લેસીની તોફાની શરૂઆત ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી જોબર્ગ સુપર કિંગ્સની શરૂઆત શાનદાર રહી હતી. કેપ્ટન ફાફ ડુપ્લેસી (૩૯ રન, ૨૪ બોલ) અને તેના નવા ઓપનિંગ પાર્ટનર જેમ્સ વિન્સે માત્ર ૭.૩ ઓવરમાં ૭૩ રનની ભાગીદારી નોંધાવી હતી. જેમ્સ વિન્સે શાનદાર બેટિંગ કરતા તેની પ્રથમ SA20 અડધી સદી ફટકારી હતી.

## પીવી સિંધુ સેમીફાઈનલમાં મલેશિયા ઓપનમાં વિજય કૂચ



(એજન્સી) કુઆલાલમ્પુર । તા. 09

ભારતની બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા પીવી સિંધુએ વર્ષ ૨૦૨૬ની શાનદાર શરૂઆત કરતા મલેશિયા ઓપન સુપર ૧૦૦૦ બેડમિન્ટન ટુર્નામેન્ટની સેમીફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. શુક્રવારે રમાયેલી મહિલા સિંગલ્સની ક્વાર્ટર ફાઈનલ મેચમાં જાપાનની દિગ્ગજ ખેલાડી અકાને યામાગુચી ઈજાગ્રસ્ત થઈને મેચમાંથી ખસી જતાં સિંધુને વિજેતા જાહેર કરવામાં આવી હતી. આ જીત સાથે જ સિંધુ હવે આ પ્રતિષ્ઠિત ખિતાબ જીતવાની પ્રબળ દાવેદાર બની ગઈ છે.

અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, પીવી સિંધુ અને જાપાનની ત્રીજી ક્રમાંકિત અકાને યામાગુચી વચ્ચે રમાયેલી આ મેચ અત્યંત રોમાંચક રહેવાની અપેક્ષા હતી. મેચની શરૂઆતથી જ સિંધુએ આક્રમક રમત બતાવી હતી અને પ્રથમ ગેમ ૨૧-૧૧ થી આસાનીથી જીતી લીધી હતી. જોકે, પ્રથમ ગેમ બાદ યામાગુચીને ઈજા થતા તેણે મેચ અધવચ્ચે જ છોડી દેવાનો નિર્ણય લીધો હતો. મીડિયા અહેવાલ અનુસાર, સિંધુએ આ અગાઉ આઠમી ક્રમાંકિત તોમોકા મિયાઝાકીને પણ પરાજય આપીને પોતાની લય સાબિત કરી દીધી હતી.

જાણો સમગ્ર ઘટનાક્રમ તો હવે સેમીફાઈનલમાં સિંધુનો મુકાબલો ચીનની વાંગ ઝિયી અથવા ઈન્ડોનેશિયાની પીકે વારદાની વચ્ચે રમાનારી મેચના વિજેતા સાથે થશે. વિશ્વ ક્રમાંકમાં ૧૮મા સ્થાને રહેલી સિંધુએ આ ટુર્નામેન્ટના પ્રથમ રાઉન્ડમાં ચાઈનીઝ તાઈપેઈની સુંગ શુઓ-યુનને હરાવીને પોતાના અભિયાનની શરૂઆત કરી હતી.

## ટાઇગર્સ ઓફ કોલકાતા સીઝન ૩ માં દાદાનો પાવર જોવા મળશે

### સૌરવ ગાંગુલી મેન્ટર ભૂમિકામાં નવી રણનીતિ ઘડશે

(એજન્સી) સુરત । તા. 09

ઈન્ડિયન સ્ટ્રીટ પ્રીમિયર લીગ (ISPL) ની ત્રીજી સીઝન માટે પૂર્વ ચેમ્પિયન 'ટાઇગર્સ ઓફ કોલકાતા' એ કમર કસી લીધી છે. મુંબઈ અને સુરતમાં ચાલી રહેલા હાઈ-પરફોર્મન્સ પ્રી-સીઝન કેમ્પમાં ખેલાડીઓ મેચ સિમ્યુલેશન અને કૌશલ્ય આધારિત ડ્રીલ્સ દ્વારા પરસેવો પાડી રહ્યા છે. આ વર્ષે ટીમની સૌથી મોટી તાકાત ભારતીય ક્રિકેટના આઈકોન સૌરવ ગાંગુલી છે, જેઓ સહ-માલિક અને મેન્ટર તરીકે ટીમ સાથે જોડાયા છે. ગાંગુલીના આવવાથી ટીમના આત્મવિશ્વાસમાં અનેકગણો વધારો થયો છે.



દાદાનું માર્ગદર્શન અને વિઝન સૌરવ ગાંગુલીએ ટાઇગર્સ ઓફ કોલકાતા સીઝન ૩ માટે ટીમને સંબોધતા જણાવ્યું હતું કે, આ લીગનો પાયો વૃત્તિ અને ભૂખ પર ટકેલો છે. તેમણે ઉમેર્યું કે Believing (વિશ્વાસ) અને સ્વતંત્રતા સાથે રમવું સૌથી મહત્વનું છે. ટીમ માલિક અક્ષ કમ્બોજે જણાવ્યું કે તેમનું વિઝન એવા સ્ટ્રીટ અને ટેનિસ બોલ ક્રિકેટરોને પ્લેટફોર્મ પૂરું પાડવાનું છે જેઓ મોટા સપના જોઈ શકે. આ ફ્રેન્ચાઈઝી માત્ર મેચ જીતવા નહીં, પણ લાંબા ગાળાની પ્રતિભા શોધવા પર ધ્યાન આપી રહી છે. ટીમનું સંતુલન અને મુખ્ય ખેલાડીઓ મેદાન પર ટાઈગર્સ ઓફ કોલકાતા પાસે અનુભવ અને યુવા જોશનું અદભૂત મિશ્રણ છે. ત્રણેય સીઝન માટે રિટેન કરવામાં આવેલા એકમાત્ર ખેલાડી ભાવેશ પવાર ટીમનું નેતૃત્વ કરશે. ભાવેશ પવારની સાથે સૈફ અલી, રજત મુંઢે અને સરોજ પરમાણિક જેવા ઓલરાઉન્ડરો ટીમની કરોડરજ્જુ સમાન છે. આ ઉપરાંત, અંડર-૧૯ પ્રતિભાઓને પણ ટીમમાં સ્થાન આપીને પાયાના સ્તરેથી ખેલાડીઓને આગળ લાવવાની કટિબદ્ધતા દર્શાવવામાં આવી છે. ટૂર્નામેન્ટનો પ્રારંભ અને પ્રથમ મુકાબલો મીડિયા અહેવાલ મુજબ, ISPL નો ભવ્ય ઉદઘાટન સમારોહ ૯ જાન્યુઆરીએ યોજાશે.

**તૈયારીઓ પૂર્ણ** // **વિક્રમી સહભાગીઓની નોંધણી સાથે આયોજન સજ્જ**

## મુંબઈ મેરેથોન જનસેલાબ ઉમટશે રેકોર્ડબ્રેક ૬૯ હજાર દોડવીરો તૈયાર

(એજન્સી) મુંબઈ । તા. 09

માયાનગરી મુંબઈ ફરી એકવાર ઉત્સાહ અને જીજીવિષાના રંગે રંગાવા માટે તૈયાર છે. આગામી ૧૮ જાન્યુઆરીના રોજ યોજાનારી ૨૧મી ટાટા મુંબઈ મેરેથોન (TMM) માં આ વર્ષે રેકોર્ડબ્રેક ૬૯,૧૦૦ થી વધુ સહભાગીઓ જોડાશે. 'વર્લ્ડ એથ્લેટિક્સ ગોલ્ડ લેબલ' ધરાવતી આ દોડમાં ૬૫,૪૦૦ થી વધુ લોકો પ્રત્યક્ષ મેદાન પર ઉતરશે, જ્યારે ૩,૭૦૦ થી વધુ દોડવીરો ડિજિટલ માધ્યમથી વર્ચ્યુઅલ રનમાં ભાગ લેશે. મુંબઈ મેરેથોન જનસેલાબ ઉમટશે ત્યારે શહેરની રસ્તાઓ પર માનવ મહેરામણની અદભૂત ઝલક જોવા મળશે.



વિક્રમી નોંધણી અને આર્થિક ગતિશીલતા સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ વર્ષે કુલ ૧૪,૦૫૯ દોડવીરોએ પૂર્ણ મેરેથોનના અંતર માટે નોંધણી કરાવી છે, જે અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે. મહારાષ્ટ્ર સરકારના મુખ્ય સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું છે કે આ મેરેથોન માત્ર શારીરિક તંદુરસ્તી જ નહીં, પરંતુ શહેરના અર્થતંત્રને પણ વેગ આપે છે. હોટલ, એરલાઈન્સ અને સ્થાનિક વિક્રેતાઓ માટે આ ઈવેન્ટ મોટો આર્થિક સ્રોત બની રહે છે. મુંબઈ પોલીસ અને પ્રશાસન સુરક્ષા અને સુચારુ આયોજન માટે મક્કમ છે. ટેકનોલોજી અને સામાજિક ઉમદા ઉદ્દેશ્ય મીડિયા અહેવાલ મુજબ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS) દ્વારા આ વર્ષે મેરેથોન એપમાં 'ઓગમેન્ટેડ રિયાલિટી' (AR) જેવા આધુનિક ફિચર્સ ઉમેરવામાં આવ્યા છે, જેનાથી દોડવીરો પોતાના વિજયી ક્ષણોને ડિજિટલી કેપ્ચર કરી શકશે. IDFC ફર્સ્ટ બેંકના સહયોગ સાથે 'સોશિયલ ગુડ'ના વિચારને આગળ ધપાવતા આ મેરેથોન અનેક સેવાકીય પ્રવૃત્તિઓ માટે પણ ફંડ એકત્ર કરશે. મહિલાઓની વધતી ભાગીદારી આ વર્ષે આકર્ષણનું કેન્દ્ર બની છે.

પરિશ્રમ અને એકતાનું પર્વ આ મેરેથોન માત્ર રમતગમતની સ્પર્ધા નથી, પરંતુ મુંબઈની હિંમત અને એકતાનું પ્રતીક છે. હાફ મેરેથોન, ઓપન ૧૦કે અને ડ્રીમ રન જેવી વિવિધ શ્રેણીઓમાં ભાગ લેનારા લોકો તમામ ઉંમર અને જ્ઞાતિના ભેદભાવ ભૂલીને 'દોડશે મુંબઈ જીતશે મુંબઈ'ના નારા સાથે રસ્તા પર ઉતરશે. શહેરના ખૂણેખૂણેથી આવનારા હજારો મુંબઈગરાઓ આ દોડને એક ઉત્સવમાં ફેરવી દેશે, જે મુંબઈના જીવંત વારસાને વધુ પ્રગાઢ બનાવશે.

**૧૬ જાન્યુઆરીથી રિંઢાણાથી થશે ઐતિહાસિક શરૂઆત**

## કબડ્ડી ચેમ્પિયન્સ લીગ ટ્રોફી ટૂર હરિયાણાના ગામડે-ગામડે ગજવશે નાદ

(એજન્સી) નવી દિલ્હી/સોનીપત । તા. 09

હરિયાણામાં કબડ્ડી માત્ર એક રમત નથી, પરંતુ તે જીવનશૈલી અને પરંપરા છે. આ અતૂટ સંબંધની ઉજવણી કરવા માટે 'કબડ્ડી ચેમ્પિયન્સ લીગ' (KCL) દ્વારા સૌપ્રથમવાર 'ટ્રોફી ટૂર'નું આયોજન કરવામાં આવ્યું છે. આ ટૂરનો મુખ્ય ઉદ્દેશ્ય રમત પ્રત્યેના જુસ્સાને તે સ્થાનો સુધી પહોંચાડવાનો છે જ્યાંથી ભારતીય કબડ્ડીના સ્ટાર્સ તૈયાર થાય છે. હરિયાણાની ધરતીએ દેશને અનેક દિગ્ગજ કબડ્ડી ખેલાડીઓ આપ્યા છે, ત્યારે આ ટૂર એ રાજ્યના ખેલાડીઓની પ્રતિભા અને સંઘર્ષને વંદન કરવાની એક રીત છે.




૮ શહેરોમાં ભવ્ય શોકેસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ ટ્રોફી પ્રવાસની શરૂઆત ૧૬ જાન્યુઆરીએ રિંઢાણાથી થશે. ત્યારબાદ આગામી દિવસોમાં આ ટ્રોફી હરિયાણાના મહત્વના શહેરો જેવા કે પાણીપત, કરનાલ, હિસ્સાર, ભિવાની, રોહતક, ગુરુગ્રામ, ફરીદાબાદ અને સોનીપતની મુલાકાત લેશે.

દરેક શહેરમાં બપોરે ૧૨ વાગ્યે ટ્રોફીનું પ્રદર્શન કરવામાં આવશે, જ્યાં સ્થાનિક ચાહકો અને ઉભરતા ખેલાડીઓને આ પ્રતિષ્ઠિત ટ્રોફીને નજીકથી જોવાની અને તેની સાથે ફોટા પડાવવાની તક મળશે.

યુવા એથ્લેટ્સ માટે પ્રેરણા મીડિયા અહેવાલ અનુસાર, આ ટ્રોફી ટૂર દ્વારા લીગનો હેતુ નવી પેઢીના ખેલાડીઓને પ્રોત્સાહિત કરવાનો અને રમત પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો છે. કબડ્ડી ચેમ્પિયન્સ લીગ ટ્રોફી ટૂર જ્યારે શહેરોમાંથી પસાર થશે, ત્યારે તે રમત પ્રત્યેની દીવાનગીને ફરી જીવંત કરશે. હરિયાણાના ખૂણેખૂણે ફેલાયેલી કબડ્ડીની ઊર્જાને એકત્રિત કરી તેને રાષ્ટ્રીય મંચ પર રજૂ કરવાની આ એક સુવર્ણ તક છે.

આંતરરાષ્ટ્રીય સમુદ્રી કાયદાનું ઉલ્લંઘન કરી જહાજ જપ્ત, મેરીનેરા જહાજની જપ્તી બાદ રશિયાનો અમેરિકા પર પ્રહાર

# અમેરિકા રશિયા વચ્ચે તણાવ વધ્યો અને યુદ્ધના ભણકારા

(એજન્સી) મોસ્કો । તા. 09

ઉત્તર એટલાન્ટિક મહાસાગરમાં અમેરિકન નૌકાદળ દ્વારા રશિયન ધ્વજ ધરાવતા તેલ ટેન્કર 'મેરીનેરા' ને બળજબરીપૂર્વક અટકાવ્યા બાદ વૈશ્વિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. રશિયાના વિદેશ મંત્રાલયે આ ઘટનાને અત્યંત ગંભીર ગણાવીને અમેરિકાને તેની "ગેરકાયદેસર પ્રવૃત્તિઓ" તાત્કાલિક બંધ કરવા આકરી ચેતવણી આપી છે. રશિયાએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે આ પ્રકારની ઉશ્કેરણીજનક કાર્યવાહીથી યુરો-એટલાન્ટિક ક્ષેત્રમાં સૈન્ય અને રાજકીય તણાવમાં ભયાનક વધારો થશે, જેની જવાબદારી સંપૂર્ણપણે વોશિંગ્ટનની રહેશે.

અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, ૭ જાન્યુઆરીના રોજ અમેરિકન સશસ્ત્ર દળોએ આંતરરાષ્ટ્રીય જળસીમામાં શાંતિપૂર્ણ રીતે પસાર થઈ રહેલા રશિયન ટેન્કર મેરીનેરા પર હુમલો કરીને તેને પોતાના કબજામાં લીધું હતું. રશિયાના વિદેશ મંત્રાલયના સત્તાવાર નિવેદન અનુસાર, આ જહાજ રશિયન બંદરે જઈ રહ્યું હતું અને તેની પાસે તમામ કાયદેસરના દસ્તાવેજો ઉપલબ્ધ હતા. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, અમેરિકાએ રશિયાની વારંવારની સ્પષ્ટતા છતાં આ જહાજને 'નકલી ધ્વજ' હેઠળ ચાલતું હોવાનું જણાવીને આંતરરાષ્ટ્રીય સમુદ્રી કાયદાનું ઉલ્લંઘન કર્યું છે.

### પર્યાવરણ અને માનવીય જીવ જોખમમાં મૂકતી અમેરિકન કાર્યવાહી

જાણો સમગ્ર ઘટનાક્રમ અને રશિયાના આક્ષેપો વિશે, તો મોસ્કોએ આરોપ લગાવ્યો છે કે ખરાબ હવામાન હોવા છતાં અમેરિકન સૈનિકોએ તેલ ટેન્કરનો પીછો કરીને હથિયારોના જોરે તેના પર કબજો કર્યો છે. આ કાર્યવાહીથી ઉત્તર એટલાન્ટિકમાં મોટી પર્યાવરણીય હોનારત સર્જાવાનું જોખમ ઉભું થયું હતું. મીડિયા અહેવાલ મુજબ, જહાજ પર સવાર વિવિધ દેશોના ક્રૂ મેમ્બર્સને પણ અમેરિકાએ અટકાયતમાં લીધા છે, જે



રશિયાના મતે સંપૂર્ણપણે ગેરકાયદેસર અને અસ્વીકાર્ય છે. રશિયાએ તેને અમેરિકાની "નવ-વસાહતી માનસિકતા" ગણાવી છે.

### વેનેઝુએલાના સંસાધનો પર કબજો કરવાની અમેરિકન વ્યૂહરચના?

રશિયાએ આક્ષેપ કર્યો છે કે અમેરિકા આ પ્રકારની કાર્યવાહી દ્વારા વેનેઝુએલાના કુદરતી સંસાધનો પર પોતાનું વર્ચસ્વ જમાવવા માંગે છે. અમેરિકન અધિકારીઓના સંકેતો મુજબ, મેરીનેરાની જપ્તી એ વોશિંગ્ટનની તે વ્યૂહરચનાનો ભાગ છે જેમાં તે વિશ્વભરના તેલ પુરવઠા પર પોતાનું અબાધિત નિયંત્રણ સ્થાપવા માંગે છે. રશિયન વિદેશ મંત્રાલયે જણાવ્યું કે અમેરિકા પોતાના સ્થાનિક 'સેન્ક્શન એક્ટ' (પ્રતિબંધ કાયદા) નો ઉપયોગ કરીને આંતરરાષ્ટ્રીય જળસીમામાં જહાજો જપ્ત કરી શકે નહીં.

રશિયાના મતે, સમુદ્રી લૂંટફાટનો ઈતિહાસ ધરાવતું બ્રિટન પણ અમેરિકાની આ ગેરકાયદે લશ્કરી કાર્યવાહીમાં સામેલ છે, જે ચિંતાજનક બાબત છે. અત્યારે બંને મહાસત્તાઓ વચ્ચેના સંબંધો જે પહેલાથી જ ખરાબ હતા, તે હવે તૂટવાના આરે પહોંચી ગયા છે. જો આ વિવાદ જલ્દી ઉકેલાશે નહીં, તો તેની અસર વૈશ્વિક તેલ બજાર અને સમુદ્રી વેપારના માર્ગો પર પણ જોવા મળશે. રશિયાએ અંતમાં ઉમેર્યું હતું કે તેઓ પોતાના નાગરિકો અને હિતોની રક્ષા માટે કોઈપણ હદ સુધી જવા તૈયાર છે.

અમેરિકી આક્રમણ સામે રોષ વચ્ચે નિવેદન

## વેનેઝુએલા સૈન્ય સંઘર્ષ શહીદ સ્મારક બનાવવાની મોટી જાહેરાત

(એજન્સી) કારાકાસ । તા. 09



વેનેઝુએલાના વચગાળાના રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝે અમેરિકાના સૈન્ય હસ્તક્ષેપ સામે આકરા પ્રહારો કરતા જણાવ્યું છે કે વેનેઝુએલાના નાગરિકો આ પ્રકારના ક્રૂર અને યુદ્ધખોર આક્રમણને લાયક નહોતા. ૩ જાન્યુઆરીના રોજ અમેરિકી સૈન્યની ઘૂસણખોરી દરમિયાન જીવ ગુમાવનારા નાગરિકોના માનમાં દેશમાં એક ભવ્ય સ્મારક બનાવવાની પણ તેમણે જાહેરાત કરી છે. રોડ્રિગ્ઝે સ્પષ્ટ કર્યું કે વેનેઝુએલાની ધરતી પર કોઈએ શરણાગતિ સ્વીકારી નથી અને દેશની સાર્વભૌમત્વ રક્ષણ માટે લોહી વહાવનારાઓનું બલિદાન એળે જશે નહીં.

રાષ્ટ્રવાદ અને ડિપ્લોમસીનો પાઠ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, રોડ્રિગ્ઝે અમેરિકાને રાજદ્વારી પાઠ ભણાવવાની વાત કરતા કહ્યું કે વેનેઝુએલા પાસે સિમોન બોલિવરનો ભવ્ય વારસો છે, જે ક્યારેય અન્યાય સામે ઝૂકવાનું શીખવતો નથી. તેમણે ઉમેર્યું કે વેનેઝુએલાના શસ્ત્રો અન્ય દેશો પર આક્રમણ કરવા માટે નહીં પરંતુ પોતાની ગરિમા અને જનતાની સુરક્ષા માટે છે. મીડિયા અહેવાલ મુજબ, મૃતક નાગરિકોના પરિવારોને સહાય પૂરી પાડવા માટે એક ખાસ કમિશનની રચના પણ કરવામાં આવી છે જે શહીદ પરિવારોની દેખરેખ રાખશે. રાજકીય કેદીઓની મુક્તિ માટે મચાડોની હાકલ બીજી તરફ, નોબેલ પુરસ્કાર વિજેતા વિપક્ષી નેતા મારિયા કોરિના મચાડોએ પણ મહત્વનું નિવેદન આપતા જણાવ્યું છે કે જ્યાં સુધી દેશના તમામ 'રાજકીય કેદીઓ' મુક્ત નહીં થાય ત્યાં સુધી તેઓ શાંતિથી બેસશે નહીં. સરકારે કેદીઓના એક સમૂહને મુક્ત કરવાની જાહેરાત કરી છે, જેને મચાડોએ નૈતિક વિજય ગણાવ્યો છે.

## ન્યૂઝ બ્રીફ

### તાજિકિસ્તાન ભૂકંપના આંચકાથી ધરા ધ્રૂજી લોકોમાં ભારે ફફડાટ



દુશામ્બે | તાજિકિસ્તાનમાં શુક્રવારની વહેલી સવારે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાતા સમગ્ર પંથક ફફડી ઉઠ્યો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી દ્વારા જારી કરવામાં આવેલા અહેવાલ મુજબ, રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા ૫.૩ માપવામાં આવી હતી. ભૂકંપનું કેન્દ્રબિંદુ જમીનથી ૧૧૦ કિલોમીટરની ઊંડાઈએ નોંધાયું હતું. ઉલ્લેખનીય છે કે, છેલ્લા ૪૮ કલાકમાં આ બીજો મોટો આંચકો છે, જેણે સ્થાનિક રહેવાસીઓની ચિંતામાં વધારો કર્યો છે. ભૂસ્તરશાસ્ત્રીય અહેવાલ અને તીવ્રતા ભારતીય સમય અનુસાર સવારે ૨:૪૪ વાગ્યે આવેલા આ ભૂકંપના કારણે અનેક રહેણાંક મકાનોમાં તિરાડો પડી હોવાના સમાચાર મીડિયા અહેવાલ દ્વારા પ્રાપ્ત થયા છે.

### સંયુક્ત રાષ્ટ્ર અમેરિકા વિખવાદ ટ્રમ્પના એક નિર્ણયથી ખળભળાટ

જિનીવા | વિશ્વની સર્વોચ્ચ સંસ્થા સંયુક્ત રાષ્ટ્ર (UN) અને અમેરિકા વચ્ચેના સંબંધોમાં અત્યાર સુધીનો સૌથી મોટો પલટો આવ્યો છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે એક પ્રેસિડેન્શિયલ મેમોરેન્ડમ પર હસ્તાક્ષર કરીને કુલ ૬૬ આંતરરાષ્ટ્રીય સંગઠનો અને સંધિઓમાંથી બહાર નીકળવાની સત્તાવાર જાહેરાત કરી છે. આ નિર્ણય પર સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે ભારે ખેદ વ્યક્ત કર્યો છે અને વોશિંગ્ટનને તેની કાયદેસરની જવાબદારીઓ યાદ અપાવી છે. ઐતિહાસિક પીછેહઠ અને તેની અસરો મીડિયા અહેવાલ મુજબ, અમેરિકાએ જે ૬૬ સંગઠનો છોડ્યા છે તેમાં ૩૧ સંયુક્ત રાષ્ટ્રના પેટા-એકમો છે. આ યાદીમાં આંતરરાષ્ટ્રીય વેપાર કેન્દ્ર, શાંતિ નિર્માણ પંચ અને યુએન વૉટર જેવા મહત્વના વિભાગોનો સમાવેશ થાય છે.

### અમેરિકા મહિલા હત્યા કાંડથી મિનીયાપોલિસમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ



મિનીયાપોલિસ | અમેરિકાના મિનેસોટા રાજ્યમાં એક હૃદયદ્રાવક ઘટનામાં ઈમિગ્રેશન અધિકારીએ ૩૭ વર્ષીય અમેરિકન નાગરિક મહિલાની ગોળી મારીને હત્યા કરી દેતા સમગ્ર દેશમાં ખળભળાટ મચી ગયો છે. પોતાની કાર ચલાવીને ઘરે જઈ રહેલી ત્રણ સંતાનોની માતા રેની નિકોલ ગુડને અધિકારીએ અકારણ અટકાવી હતી અને ત્યારબાદ નિર્મમ રીતે ગોળીબાર કર્યો હતો. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ વાયરલ થતા જ સ્થાનિકોમાં પ્રચંડ આક્રોશ ફાટી નીકળ્યો છે અને મિનીયાપોલિસમાં સ્થિતિ કાબૂ બહાર જઈ રહી છે. રેની નિકોલ તેના ઘરની અત્યંત નજીક પહોંચી હતી ત્યારે ઈમિગ્રેશન વિભાગના અધિકારી સાથે તેની કોઈ બાબતે દલીલ થઈ હતી.

તેહરાનમાં સત્તા વિરોધી આંદોલન હવે આરપારની લડાઈ

# ઈરાનમાં જનઆક્રોશ, તેહરાન ઘેર્યું અને એરસ્પેસ બંધ થયું, ઈરાનમાં ઈન્ટરનેટ બ્લેકઆઉટ અને સુરક્ષા હાઈએલર્ટ

(એજન્સી) તેહરાન । તા. 09

ઈરાનમાં આર્થિક કંગાળિયત અને વધતી મોંઘવારી સામે શરૂ થયેલું આંદોલન હવે લોહિયાળ વિદ્રોહમાં ફેરવાઈ ગયું છે. રાજધાની તેહરાન સહિત મશહદ અને ઈસ્ફહાન જેવા મુખ્ય શહેરોમાં લાખો લોકો રસ્તા પર ઉતરી આવતા ખામૈની શાસન હચમચી ગયું છે. સુરક્ષાદળો અને દેખાવકારો વચ્ચે થયેલી હિંસક અથડામણોમાં અનેક લોકોના મોત થયા હોવાના અહેવાલ મળી રહ્યા છે. પરિસ્થિતિ સંપૂર્ણપણે કાબૂ બહાર જતી જોઈને ઈરાન સરકારે સમગ્ર દેશનું એરસ્પેસ બંધ કરી દીધું છે અને દેશવ્યાપી ઈન્ટરનેટ સેવાઓ પર પ્રતિબંધ લાદી દીધો છે.

### ઐતિહાસિક ધ્વજ અને પહલવીના નારા સાથે તેહરાન ગુંજ્યું

અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, પ્રદર્શનકારીઓ હવે માત્ર આર્થિક સુધારાની નહીં પરંતુ સત્તા પરિવર્તનની માંગ કરી રહ્યા છે. તેહરાનના રસ્તાઓ પર 'આ અંતિમ લડાઈ છે' ના નારા ગુંજી રહ્યા છે. આ આંદોલનનું સૌથી ચોંકાવનારું પાસું એ છે કે દેખાવકારો ઈરાનના પૂર્વ શાહના સમયનો 'લાયન એન્ડ સન' ધ્વજ લહેરાવી રહ્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, દેશના અનેક ભાગોમાં નિર્વાસિત પ્રિન્સ રેઝા પહલવીના સમર્થનમાં નારા લાગી રહ્યા છે, જે ઈરાનમાં રાજાશાહીના પુનરાગમનની ઈચ્છા દર્શાવે છે.

### ટ્રમ્પની ખુલ્લી ચેતવણી અને વૈશ્વિક દબાણ

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાની શાસનને અત્યંત કડક શબ્દોમાં ચેતવણી આપી છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર જણાવ્યું છે કે જો શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓ પર ગોળીબાર કરવામાં આવશે અથવા તેમની હત્યા કરવામાં આવશે, તો અમેરિકા શાંત બેસશે નહીં અને ઈરાનને ભારે કિંમત ચૂકવવી પડશે. આ ઉપરાંત અમેરિકન ઉપપ્રમુખ જેડી વેન્સે પણ પ્રદર્શનકારીઓને સમર્થન જાહેર કર્યું છે. અમેરિકાની આ 'લોક એન્ડ



લોડેડ' નીતિને કારણે ઈરાને સાવચેતીના ભાગરૂપે પોતાની એર ડિફેન્સ સિસ્ટમને સક્રિય કરી દીધી છે.

### મોંઘવારી અને બેરોજગારીએ લગાડી વિદ્રોહની આગ

આ ભયાનક જનઆક્રોશની શરૂઆત તેહરાનના ગ્રાન્ડ બઝારથી થઈ હતી. ઈરાની ચલણ રિયાલના મૂલ્યમાં થયેલા ઐતિહાસિક ઘટાડા અને આકાશે આંબતી મોંઘવારીને કારણે વેપારીઓ અને સામાન્ય જનતા પાયમાલ થઈ ગઈ છે. મીડિયા અહેવાલ મુજબ, પશ્ચિમી દેશોના કડક આર્થિક પ્રતિબંધો અને સરકારની નિષ્ફળ આર્થિક નીતિઓએ જનતાને મરવા અથવા લડવા માટે મજબૂર કરી દીધી છે. હાલમાં ઈરાનના મુખ્ય એરપોર્ટ ઠપ છે અને સરકારે વિદેશી પ્રસારણ માધ્યમો પર પણ કડક નજર રાખી છે.

ભારત સરકારે પણ ઈરાનમાં રહેતા પોતાના નાગરિકો માટે ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરી છે અને બિનજરૂરી મુસાફરી ટાળવાની સલાહ આપી છે. જો આ વિદ્રોહ વધુ લાંબો ચાલશે તો પશ્ચિમ એશિયામાં સત્તાનું સંતુલન સંપૂર્ણપણે બદલાઈ શકે છે. ખામૈની શાસન અત્યારે ઈતિહાસના સૌથી મોટા અસ્તિત્વના સંકટનો સામનો કરી રહ્યું છે.

### ઈરાન સરકાર વિરોધી દેખાવોથી તેહરાનમાં ભભકતી જ્વાળા



વોશિંગ્ટન/તેહરાન: ઈરાનમાં ઈસ્લામિક શાસન વિરુદ્ધ ચાલી રહેલા જનઆંદોલને બારમા દિવસે ભયાનક સ્વરૂપ ધારણ કર્યું છે. પ્રખ્યાત કાર્યકર મસીહ અલીનેજાદે આંતરરાષ્ટ્રીય સમુદાયને હસ્તક્ષેપ કરવા હાકલ કરતા જણાવ્યું છે કે ઈરાની જનતા હવે આ શાસનથી મુક્તિ ઈચ્છે છે. તેહરાન સહિત અનેક શહેરોમાં પ્રદર્શનકારીઓએ રસ્તા પર આગજની કરી છે, જ્યારે સુરક્ષા દળોએ દેખાવકારોને કચડવા માટે સૈન્ય વાહનોનો ઉપયોગ શરૂ કર્યો છે. શિરાઝમાં દેખાવકારોએ 'અમે ભૂખના કારણે બળવો કર્યો છે' તેવા સૂત્રોચ્ચાર સાથે સત્તા સામે મોરચો માંડ્યો છે. ડિજિટલ સેન્સરશીપ અને આંતરરાષ્ટ્રીય મદદ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ઈરાની સત્તાધીશોએ વિરોધ પ્રદર્શનોની વિગતો બહાર આવતી રોકવા માટે ઈરાન ઈન્ટરનેટ બ્લેકઆઉટ લાદી દીધું છે. નેટબ્લોક્સ (NetBlocks) સંસ્થાએ દેશવ્યાપી ડિજિટલ શટડાઉનની પુષ્ટિ કરી છે. મસીહ અલીનેજાદે એલોન મસ્કને સ્ટારલિંક દ્વારા ઈન્ટરનેટ સુવિધા પૂરી પાડવા અને ડોનાલ્ડ ટ્રમ્પને લોકશાહી પુનઃસ્થાપિત કરવા માટે મદદની વિનંતી કરી છે. ઈરાનના ચીફ જસ્ટિસે ચેતવણી આપી છે કે જે પણ રસ્તા પર આવશે તેને ગંભીર પરિણામો ભોગવવા પડશે. આર્થિક પતન અને જનતાની હાડમારી મીડિયા અહેવાલ મુજબ, ઈરાની ચલણ 'રિયાલ'ના ભારે ધોવાણ અને પશ્ચિમી પ્રતિબંધોને કારણે દેશમાં મોંઘવારી આસમાને પહોંચી છે.

ભારત ચીન વેપાર સંબંધોમાં પાંચ વર્ષ બાદ મોટો વળાંક

## ભારતનો ચીની કંપનીઓ પર પ્રતિબંધ હટાવવાનો મોટો નિર્ણય



(એજન્સી) નવી દિલ્હી । તા. 09

ભારત સરકાર પાંચ વર્ષ અગાઉ ચીની કંપનીઓ પર લાદવામાં આવેલા કડક આર્થિક પ્રતિબંધોમાં મોટી છૂટછાટ આપવા પર ગંભીરતાથી વિચારણા કરી રહી છે. બદલાતા ભૌગોલિક-રાજકીય સમીકરણો અને દેશના આંતરિક વિકાસલક્ષી પ્રોજેક્ટ્સની ગતિ જાળવી રાખવા માટે નાણા મંત્રાલય હવે ચીની કંપનીઓને સરકારી કોન્ટ્રાક્ટમાં બોલી લગાવવાની મંજૂરી આપવાની યોજના બનાવી રહ્યું છે. આ નિર્ણય માત્ર આર્થિક નથી, પરંતુ અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પના પુનરાગમન અને ચીન સાથેના સરહદી વિવાદમાં આવેલી નરમાશ વચ્ચે ભારતની એક નવી કૂટનીતિનો ભાગ હોવાનું પણ માનવામાં આવે છે.

વર્ષ ૨૦૨૦માં ગલવાન ઘાટીમાં થયેલી હિંસક અથડામણ બાદ ભારતે સુરક્ષાના કારણોસર ચીની કંપનીઓને સરકારી પ્રોજેક્ટ્સમાંથી બહાર રાખવા માટે કડક નોંધણી પ્રક્રિયા ફરજિયાત કરી હતી. જોકે, અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, આ પ્રતિબંધોને કારણે ભારતના પાવર પ્લાન્ટ્સ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં મોટા વિલંબનો સામનો કરવો પડી રહ્યો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, વીજળી ઉત્પાદન માટે જરૂરી મશીનરીનો મોટો હિસ્સો ચીનથી આયાત કરવામાં આવે છે. આ જટિલતાને દૂર કરવા માટે પૂર્વ કેબિનેટ સચિવ રાજીવ ગૌબાની અધ્યક્ષતાવાળી સમિતિએ પણ ચીની કંપનીઓ માટેના નિયમો હળવા કરવાની ભલામણ કરી છે.

ભારત સરકારના આ સંભવિત નિર્ણય પાછળ અમેરિકા સાથેના તંગ બનતા વ્યાપારી સંબંધો પણ જવાબદાર છે. મીડિયા અહેવાલ મુજબ, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય વસ્તુઓ પર ૫૦% જેટલો આકરો ટેરિફ લાદી દીધો છે. આવી સ્થિતિમાં ભારત પોતાનું બજાર માત્ર પશ્ચિમ પર નિર્ભર રાખવા માંગતું નથી.

## વેનેઝુએલાના તેલ ભંડાર પર કબજો લેવા ટ્રમ્પનો માસ્ટર પ્લાન તૈયાર

(એજન્સી) વોશિંગ્ટન । તા. 09

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે વેનેઝુએલાના નોબેલ પુરસ્કાર વિજેતા વિપક્ષી નેતા મારિયા કોરિના મચાડો આગામી સપ્તાહે વોશિંગ્ટન ડીસીની મુલાકાતે આવશે. નિકોલસ માદુરોની ધરપકડ બાદ સર્જાયેલી સ્થિતિમાં આ મુલાકાત અત્યંત નિર્ણાયક માનવામાં આવી રહી છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે તેઓ મચાડોને મળવા આતુર છે, જોકે તેમણે ભૂતકાળમાં મચાડો પાસે પૂરતું જનસમર્થન ન હોવા અંગે ટિપ્પણી કરી હતી, પરંતુ હવે બદલાયેલા સંજોગોમાં આ બેઠક નવી સરકારની રૂપરેખા નક્કી કરી શકે છે.

તેલ ઉદ્યોગમાં ઐતિહાસિક પરિવર્તન મીડિયા અહેવાલ અનુસાર, ટ્રમ્પે વેનેઝુએલાના ધરાશાયી થયેલા અર્થતંત્રને બેઠું કરવા માટે 'ઓઈલ ડિપ્લોમસી'નો સહારો લીધો છે. વ્હાઈટ હાઉસમાં ટોચની ૧૪ તેલ કંપનીઓના એક્ઝિક્યુટિવ્સ સાથે



બેઠક યોજીને વેનેઝુએલાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાછળ ૧૦૦ અબજ ડોલર (આશરે ૮.૩૦ લાખ કરોડ રૂપિયા) ખર્ચવાની યોજના બનાવવામાં આવી છે. ટ્રમ્પના મતે, વેનેઝુએલા પાસે વિશ્વનો સૌથી મોટો તેલ ભંડાર હોવા છતાં ગેરવહીવટને કારણે ઉત્પાદન નગણ્ય હતું, જે હવે અમેરિકાના હસ્તક્ષેપથી પુનઃજીવિત થશે.

## અફઘાન શાંતિ મંત્રણા નિષ્ફળ જતાં પાકિસ્તાન માટે માઠા સમાચાર

નવી દિલ્હી | મહિનાઓથી ચાલી રહેલા પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેના તણાવને ઉકેલવાના તમામ પ્રયાસો પર પાણી ફરી વળ્યું છે. ઈસ્તંબુલ ખાતે આયોજિત શાંતિ મંત્રણામાંથી મધ્યસ્થી તરીકે તૂર્કીએ સત્તાવાર રીતે ખસી જવાની જાહેરાત કરી છે. તૂર્કીએ સ્પષ્ટ કર્યું છે કે બંને દેશો વચ્ચેના મંતવ્યોમાં એટલી ઊંડી ખાઈ છે કે કોઈ પણ સમજૂતી શક્ય જણાતી નથી. આ ઘટનાક્રમ પાકિસ્તાન માટે મોટો રાજદ્વારી આંચકો માનવામાં આવી રહ્યો છે, કારણ કે પાકિસ્તાન સતત કાબુલ પર પોતાની શરતો લાદવાનો પ્રયાસ કરી રહ્યું હતું. પાકિસ્તાનની અવાસ્તવિક અને કડક શરતો મીડિયા અહેવાલ મુજબ, પાકિસ્તાને અફઘાનિસ્તાન સામે કેટલીક એવી માગણીઓ મૂકી હતી જે સાર્વભૌમત્વ પર સીધો પ્રહાર સમાન છે. પાકિસ્તાનનું કહેવું છે કે અફઘાનિસ્તાનમાં આશરો લઈ રહેલા ટીટીપી આતંકીઓને તાત્કાલિક સોંપવામાં આવે.

## મોટો ઝટકો : બ્રિટનમાં એક્સ પર પ્રતિબંધ લાગવાની તૈયારી

### ગ્રોક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિવાદથી ખળભળાટ

(એજન્સી) નવી દિલ્હી । તા. 09

એલોન મસ્કની માલિકીની સોશિયલ મીડિયા એપ 'એક્સ' (ભૂતપૂર્વ ટ્વિટર) પર બ્રિટનમાં કાયમી પ્રતિબંધ લાગવાનું જોખમ તોળાઈ રહ્યું છે. બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટારમરે મીડિયા રેગ્યુલેટર 'ઓફકોમ'ને એક્સ વિરુદ્ધ તમામ કડક વિકલ્પો ખુલ્લા રાખવા આદેશ આપ્યો છે. આ વિવાદનું મુખ્ય કારણ એક્સના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ચેટબોટ 'ગ્રોક' દ્વારા મહિલાઓ અને બાળકોની વાંધાજનક અને અશ્લીલ તસવીરો જનરેટ કરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે.

ગેરકાયદે સામગ્રી અને સુરક્ષાનો ભંગ મીડિયા અહેવાલ મુજબ, ગ્રોક એઆઈનો ઉપયોગ કરીને બાળકોના જાતીય શોષણની સામગ્રી અને મહિલાઓની નગ્ન તસવીરો બનાવવામાં આવી હોવાનું તપાસમાં ખુલ્યું છે. બ્રિટિશ ઈન્ટરનેટ વોચડોગે ચેતવણી આપી છે કે આવી તસવીરો ડાર્ક વેબ પર શેર કરવામાં આવી રહી છે, જે સદંતર ગેરકાયદે છે. પીએમ સ્ટારમરે આ બાબતને 'અસહ્ય' ગણાવી છે અને એક્સને તાકીદે આવી સામગ્રી દૂર કરવા તાકીદ કરી છે.

કાયદાકીય સકંજો અને અબજોનો દંડ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, બ્રિટનના નવા 'ઓનલાઈન સેફ્ટી એક્ટ' હેઠળ જો કોઈ કંપની વારંવાર નિયમોનું ઉલ્લંઘન કરે, તો તેની પર અબજો પાઉન્ડનો દંડ અથવા દેશમાં તેની એક્સેસ બ્લોક કરવાની સત્તા સરકાર પાસે છે. બ્રિટનમાં એક્સના અંદાજે ૨ કરોડ યુઝર્સ છે, જેમના માટે આ સમાચાર આંચકાજનક છે. એલોન મસ્કે આ કાયદાને જનતાના અવાજને દબાવવાનો પ્રયાસ ગણાવીને તેની ટીકા કરી છે.

ભયનો માહોલ | ડ્રેગનની યુદ્ધખોર નીતિ તાઈવાનની સરહદે ભય, ચીન તાઈવાન તણાવ વચ્ચે ટ્રમ્પનું મોટું નિવેદન

# તાઈવાન ફરતે ચીની સૈન્યની ઘેરાબંધી ૨૩ વિમાનો તૈનાત

(એજન્સી) તાઈપેઈ । તા. 09

પૂર્વ એશિયામાં ફરી એકવાર યુદ્ધના વાદળો ઘેરાવા લાગ્યા છે. તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે શુક્રવારે વહેલી સવારે સત્તાવાર રીતે જાહેર કર્યું છે કે ચીનના ૨૩ સૈન્ય વિમાનો, ૬ યુદ્ધ જહાજો અને એક સરકારી જહાજ તાઈવાનની આસપાસના જળક્ષેત્રમાં અને આકાશમાં ભયજનક રીતે ઘૂમી રહ્યા છે. આ ઘટનાક્રમ બાદ તાઈવાનની સેના હાઈએલર્ટ પર મૂકવામાં આવી છે. ખાસ કરીને ચીની વાયુસેનાના ૧૯ વિમાનોએ મધ્યરેખા ઓળંગીને તાઈવાનના સંરક્ષણ ક્ષેત્રમાં ઘૂસણખોરી કરી છે, જે સીધો સૈન્ય પડકાર માનવામાં આવી રહ્યો છે. અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, ચીની સૈન્ય દ્વારા કરવામાં આવેલી આ ઘૂસણખોરીમાં જે-૧૦ લડાકુ વિમાનો, એચ-૬કે બોમ્બર અને કેજે-૫૦૦ સર્વેલન્સ વિમાનોનો સમાવેશ થાય છે. તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે સોશિયલ મીડિયા પર માહિતી આપતા જણાવ્યું છે કે, ચીની વિમાનોએ તાઈવાનના ઉત્તર, મધ્ય, દક્ષિણ-પશ્ચિમ અને પૂર્વ એર



ડિફેન્સ આઈડેન્ટિફિકેશન ઝોન (ADIZ) માં પ્રવેશ કર્યો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં ચીને સતત બીજા દિવસે આટલી મોટી સંખ્યામાં સૈન્ય તાકાતનું પ્રદર્શન કર્યું છે, જેના કારણે પ્રશાંત મહાસાગરમાં તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. તાઈવાનની સશસ્ત્ર દળોએ ચીની ગતિવિધિઓ પર સતત નજર રાખવા માટે પોતાની મિસાઈલ સિસ્ટમ અને યુદ્ધ જહાજોને સક્રિય કર્યા છે. ચીની સૈન્ય માત્ર આકાશમાં જ નહીં, પરંતુ સમુદ્રમાં પણ સંયુક્ત તાલીમ લશ્કરી કવાયત કરી રહ્યું છે.

### ટ્રમ્પનો આત્મવિશ્વાસ: 'મારા શાસનમાં ચીન હુમલો નહીં કરે'

જાણો સમગ્ર ઘટનાક્રમ અને આંતરરાષ્ટ્રીય પ્રતિક્રિયાઓ વિશે, તો અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક તાજેતરના ઈન્ટરવ્યુમાં ચીન અને તાઈવાનના વિવાદ પર મોટું નિવેદન આપ્યું છે. ટ્રમ્પે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, જ્યાં સુધી તેઓ સત્તા પર છે ત્યાં સુધી ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ તાઈવાન સામે કોઈ સૈન્ય કાર્યવાહી કરવાની હિંમત નહીં કરે. ટ્રમ્પના મતે, જિનપિંગ તાઈવાનને અલગતાવાદી જોખમ માને છે તે વાત સાચી છે, પરંતુ અમેરિકાની વર્તમાન શાસન વ્યવસ્થા અને દબાણ હેઠળ ચીન હુમલાનો વિચાર પણ નહીં કરે. જોકે, તેમણે એમ પણ ઉમેર્યું કે જો અમેરિકામાં રાષ્ટ્રપતિ બદલાશે, તો કદાચ ચીન તાઈવાનને ગળી જવાનો પ્રયાસ કરી શકે છે.

## પેરિસમાં જયશંકર મેક્રોનની મુલાકાત, હૂંફાળો પ્રતિસાદ

(એજન્સી) પેરિસ । તા. 09

ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે ગુરુવારે પેરિસ ખાતે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સાથે ઉચ્ચ સ્તરીય મુલાકાત કરી હતી. આ બેઠક દરમિયાન જયશંકરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શુભેચ્છાઓ પાઠવી હતી અને બંને નેતાઓ વચ્ચે વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિઓ અંગે ગહન ચર્ચા થઈ હતી. મેક્રોને ભારત-ફ્રાન્સ વચ્ચેની ગાઢ મૈત્રીની પ્રશંસા કરતા ભારત માટે હકારાત્મક લાગણીઓ વ્યક્ત કરી હતી, જે આગામી સમયમાં બંને દેશો વચ્ચેના સંરક્ષણ અને આર્થિક સંબંધોને નવી ઊંચાઈએ લઈ જશે.

વૈશ્વિક પરિવર્તન અને વ્યૂહાત્મક સ્વાયત્તતા વિદેશ મંત્રીએ પેરિસમાં આયોજિત 'એમ્બેસેડર્સ કોન્ફરન્સ'ને સંબોધિત કરતા જણાવ્યું હતું કે વર્તમાન વિશ્વ વેપાર, ટેકનોલોજી, ઉર્જા અને કનેક્ટિવિટીના ક્ષેત્રમાં મોટા પરિવર્તનોમાંથી પસાર થઈ રહ્યું છે. ભારત ફ્રાન્સ વ્યુહાત્મક ભાગીદારી આ પરિવર્તનો વચ્ચે બહુધ્રુવીય વિશ્વ વ્યવસ્થા સ્થાપિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. તેમણે ઉમેર્યું કે ભારત અને ફ્રાન્સ બંને વ્યુહાત્મક સ્વાયત્તતાના પક્ષધર છે, જે વૈશ્વિક સ્થિરતા માટે અનિવાર્ય છે.

મેક્રોનની ભારત મુલાકાતની જાહેરાત મીડિયા અહેવાલ મુજબ, રાષ્ટ્રપતિ મેક્રોન આવતા મહિને ભારતની મુલાકાત લેશે. નવી દિલ્હીમાં યોજાનારા 'એઆઈ ઈમ્પેક્ટ સમિટ'માં તેઓ વિશેષ અતિથિ તરીકે હાજરી આપશે.

અગાઉ જયશંકરે ફ્રાન્સના વિદેશ મંત્રી જીન-નોએલ બેરોટ સાથે પણ વિસ્તૃત ચર્ચા કરી હતી, જેમાં ભારત-યુરોપિયન યુનિયન (EU) વચ્ચેના જોડાણને વધુ પ્રગાઢ બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

## નેતા વિપક્ષ આતિશીના નિવેદન મુદ્દે હંગામો

# દિલ્હીમાં ભાજપ અને આપના કોર્પોરેટરો વચ્ચે ભારે હોબાળો

(એજન્સી) નવી દિલ્હી | તા 09

દિલ્હી મહાનગરપાલિકા (MCD) ના ગૃહમાં શુક્રવારે રાજકીય ડ્રામા અને હોબાળો જોવા મળ્યો હતો. ભારતીય જનતા પાર્ટી (BJP) અને આમ આદમી પાર્ટી (AAP) ના કોર્પોરેટરો એકબીજા પર આક્ષેપબાજી કરતા ગૃહમાં સામસામે આવી ગયા હતા. ભાજપના કોર્પોરેટરોએ દિલ્હી વિધાનસભાના વિરોધ પક્ષના નેતા આતિશી દ્વારા ગુરુ તેગ બહાદુરજી વિશે કથિત રીતે અપમાનજનક ટિપ્પણી કરવાના મુદ્દે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. બીજી તરફ, આપના કોર્પોરેટરોએ દિલ્હી સરકારના કેબિનેટ મંત્રી કપિલ મિશ્રાના રાજીનામાની માંગ સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા.



આમ આદમી પાર્ટીના ધારાસભ્ય સંજીવ ઝાએ ભાજપ શાસિત રાજ્ય સરકાર પર ગંભીર આરોપ લગાવતા કહ્યું કે, દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થા, દૂષિત પાણી, પ્રદૂષણ અને યમુનાની સફાઈ જેવા મુખ્ય મુદ્દાઓ પરથી ધ્યાન ભટકાવવા માટે આતિશીનો એક 'બનાવટી' વીડિયો વાયરલ કરવામાં આવ્યો છે. ઝાએ દાવો કર્યો હતો કે કપિલ મિશ્રાએ સોશિયલ મીડિયા પર ખોટા ટ્રાન્સક્રિપ્શન સાથેનો વીડિયો પોસ્ટ કરીને ગુરુ સાહેબના નામને વિવાદમાં ખેંચ્યું છે. આપના ધારાસભ્યોએ કપિલ મિશ્રા અને આ વીડિયો શેર કરનાર તમામ સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે.આ વિવાદની શરૂઆત દિલ્હી વિધાનસભામાં થઈ હતી, જ્યાં ભાજપના ધારાસભ્યોએ આતિશીના નિવેદન સામે વાંધો ઉઠાવ્યો હતો. ત્યારબાદ, આપના ધારાસભ્યો પોસ્ટરો સાથે વિધાનસભામાં પ્રવેશ્યા અને કપિલ મિશ્રાના રાજીનામાની માંગ કરી. વિરોધ પક્ષના ઉપનેતા મુકેશ અહલાવતે સ્પીકર વિજેન્દ્ર ગુપ્તાને પત્ર લખીને આક્ષેપ કર્યો છે કે કપિલ મિશ્રાએ ટ્વીટ કરેલો વીડિયો સત્તાવાર રેકોર્ડનો ભાગ નથી, જે સુરક્ષા અને ગોપનીયતાના પ્રશ્નો ઉભા કરે છે.

આમ આદમી પાર્ટીએ માંગ કરી છે કે વિધાનસભાના કેમેરાના સંપૂર્ણ ફૂટેજ જાહેર કરવામાં આવે, જેથી આતિશીનું સાચું નિવેદન લોકો સામે આવી શકે. મીડિયા અહેવાલ મુજબ, આપ પાર્ટીએ કપિલ મિશ્રાની સદસ્યતા રદ કરવાની અને ખોટો વીડિયો શેર કરનાર અન્ય ધારાસભ્યોને છ મહિના માટે સસ્પેન્ડ કરવાની રજૂઆત કરી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, નગરપાલિકા ગૃહમાં બંને પક્ષો વચ્ચે થયેલી ધાંધલધમાલને કારણે ગૃહની કાર્યવાહીમાં વારંવાર અડચણો આવી હતી.

આ રાજકીય ખેંચતાણ વચ્ચે દિલ્હીના નાગરિકોના મૂળભૂત પ્રશ્નો દબાઈ રહ્યા હોય તેવું જણાય છે. એક તરફ ભાજપ આસ્થાના નામે આક્રમક છે, તો બીજી તરફ આપ પાર્ટી તેને ષડયંત્ર ગણાવી રહી છે. જોકે, આ આક્ષેપ-પ્રતિઆક્ષેપની લડાઈ હવે દિલ્હી મહાનગરપાલિકાના કામકાજને પણ પ્રભાવિત કરી રહી છે, જેના કારણે સામાન્ય જનતાના કામો અટવાઈ પડવાની ભીતિ સેવાઈ રહી છે.

## આમ આદમી પાર્ટીના ધારાસભ્યોનો દિલ્હી વિધાનસભા બહાર ઉગ્ર વિરોધ પ્રદર્શન



નવી દિલ્હી: દિલ્હી વિધાનસભાના શિયાળુ સત્રના અંતિમ તબક્કામાં રાજકીય ગરમાવો તેની ચરમસીમાએ પહોંચ્યો છે. શુક્રવારે આમ આદમી પાર્ટી (AAP) ના ધારાસભ્યોએ વિધાનસભા સંકુલની બહાર ભાજપ સંચાલિત રાજ્ય સરકાર વિરુદ્ધ જોરદાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ વિરોધ પ્રદર્શન પાછળ નેતા વિપક્ષ આતિશીનો એક કથિત વીડિયો અને તેના 'ખોટા' ટ્રાન્સક્રિપ્શનને જવાબદાર ગણાવવામાં આવી રહ્યો છે. આપના ધારાસભ્યોએ ભાજપ પર દિલ્હીના મૂળ પ્રશ્નો પરથી ધ્યાન ભટકાવવા માટે ગુરુ સાહેબના નામે ખોટો વિવાદ ઉભો કરવાનો ગંભીર આરોપ લગાવ્યો છે.વિરોધ પ્રદર્શન દરમિયાન 'આપ' ધારાસભ્ય સંજીવ ઝાએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, "દિલ્હીમાં અત્યારે કાયદો અને વ્યવસ્થા, પ્રદૂષિત પાણી, યમુનાની સફાઈ અને પ્રદૂષણ જેવા અતિ મહત્વના પ્રશ્નો છે. આ મુદ્દાઓ પર ચર્ચા ન કરવી પડે તે માટે ભાજપે આતિશીનો એક બનાવટી વીડિયો બનાવીને તેમાં ગુરુ સાહેબનું નામ ઘસેડ્યું છે." તેમણે વધુમાં ઉમેર્યું કે, દિલ્હી સરકારના મંત્રી કપિલ મિશ્રાએ ખોટા ટ્રાન્સક્રિપ્શન સાથે આ વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે, જે બદલ તેમને અને આ વીડિયો ફેલાવનાર અન્ય ધારાસભ્યોને છ મહિના માટે સસ્પેન્ડ કરવા જોઈએ.

### સત્તાવાર ફૂટેજ જાહેર કરવાની માંગ

મુકેશ અહલાવતે પોતાના પત્રમાં સ્પષ્ટતા કરી છે કે વાયરલ વીડિયોમાં આતિશી સ્પષ્ટપણે કહી રહ્યા છે કે, "ચર્ચા કરો, તમે સવારથી કેમ ભાગી રહ્યા છો? તમે કહી રહ્યા છો 'કૂતરાઓનું સન્માન કરો, કૂતરાઓનું સન્માન કરો'. માનનીય સ્પીકર, કૃપા કરીને આ વિષય પર ચર્ચાની મંજૂરી આપો." આમ આદમી પાર્ટીએ માંગ કરી છે કે વિધાનસભાના કેમેરાના તમામ ફૂટેજ જાહેર કરવામાં આવે જેથી સત્ય સામે આવી શકે. આ ઉપરાંત, ખોટા વીડિયો ફેલાવનાર બદલ કપિલ મિશ્રાનું સભ્યપદ રદ કરવાની પણ માંગ કરવામાં આવી છે.

## News Brief

### ચીન સામે સરકારની નીતિમાં 'યુ-ટર્ન' પર કોંગ્રેસનો આક્રોશ



(એજન્સી) નવી દિલ્હી | તા 09

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને સંચાર પ્રભારી જયરામ રમેશે શુક્રવારે કેન્દ્ર સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. અહેવાલો મુજબ, ભારત સરકાર ચીની કંપનીઓ પર સરકારી કોન્ટ્રાક્ટ માટે બિડિંગ કરવા પર લાગેલા પાંચ વર્ષ જૂના પ્રતિબંધોને હટાવવાની વિચારણા કરી રહી છે. રમેશે આ પગલાને ચીની આક્રમકતા સામે ભારતનું "સુનિયોજિત આત્મસમર્પણ" ગણાવ્યું છે. જયરામ રમેશે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ટીકા કરી હતી. તેમણે લખ્યું કે, "ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનને સંપૂર્ણ લશ્કરી ટેકો આપ્યાના માત્ર આઠ મહિના બાદ, જ્યારે ભારતીય સેનાના નાયબ વડા લેફ્ટનન્ટ જનરલ રાહુલ આર સિંઘે ચીનને ભારતનો 'દુશ્મન' ગણાવ્યો હતો, ત્યારે મોદી સરકાર હવે ચીની કંપનીઓ માટે પ્રતિબંધો હટાવવાનો પ્રસ્તાવ મૂકી રહી છે." તેમણે વધુમાં ઉમેર્યું કે પૂર્વી લદ્દાખમાં ચીની સેનાની હાજરી અને અરુણાચલ પ્રદેશમાં સતત ઉશ્કેરણી છતાં આ પ્રકારનું "અપમાનજનક લળી જવું" અસ્વીકાર્ય છે.કોંગ્રેસ નેતાએ દાવો કર્યો હતો કે ચીની કંપનીઓ માટેની આ છૂટછાટો નીતિ આયોગ દ્વારા પ્રસ્તાવિત ભલામણોનો એક ભાગ છે. રમેશના જણાવ્યા અનુસાર, સરકાર અગાઉ ચીની કંપનીઓને ઈલેક્ટ્રોનિક્સ સેક્ટરમાં રોકાણ કરવા અને ચીની કામદારોને સરળતાથી વિઝા આપવા જેવા નિર્ણયો લઈ ચૂકી છે.

## લાલુ પ્રસાદ અને પરિવાર સામે કૌભાંડના આરોપો

# લાલુ યાદવ અને પરિવાર સામે જમીનના બદલામાં નોકરી કૌભાંડમાં આરોપો નક્કી

(એજન્સી) નવી દિલ્હી | તા 09

દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે શુક્રવારે એક ઐતિહાસિક અને અત્યંત મહત્વપૂર્ણ ચુકાદો આપતા પૂર્વ રેલવે મંત્રી લાલુ પ્રસાદ યાદવ અને તેમના પરિવારના સભ્યો સામે 'જમીનના બદલામાં નોકરી' (Land for Job) કૌભાંડમાં આરોપો નક્કી કરવાનો આદેશ આપ્યો છે. સ્પેશિયલ જજ વિશાલ ગોગ્નેએ આ કેસની સુનાવણી દરમિયાન આકરી ટિપ્પણી કરતા જણાવ્યું હતું કે લાલુ પ્રસાદ યાદવ અને તેમના પરિવારે આ કૌભાંડમાં એક 'સિન્ડિકેટ' તરીકે કામ કર્યું હતું. કોર્ટે લાલુ યાદવ ઉપરાંત પૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવી, તેજસ્વી યાદવ, તેજ પ્રતાપ યાદવ અને મીસા ભારતી સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, છેતરપિંડી અને કાવતરાની કલમો હેઠળ આરોપો ઘડવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટમાં સુનાવણી દરમિયાન તેજસ્વી યાદવ, તેજ પ્રતાપ યાદવ અને મીસા ભારતી વ્યક્તિગત રીતે હાજર રહ્યા હતા, જ્યારે લાલુ પ્રસાદ યાદવ અને રાબડી દેવી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જોડાયા હતા. સ્પેશિયલ જજ વિશાલ ગોગ્નેએ અવલોકન કર્યું કે સીબીઆઈની



ચાર્જશીટ જમીન મેળવવાના બદલામાં નોકરી આપવાની સમગ્ર સાંકળને સ્પષ્ટપણે દર્શાવે છે. કોર્ટે જણાવ્યું હતું કે પ્રથમ દૃષ્ટિએ લાલુ અને તેમના પરિવાર દ્વારા કરવામાં આવેલા આ વ્યવસ્થિત કાવતરાના પુરાવા મળી આવ્યા છે. આ કેસમાં આગામી ૨૯ જાન્યુઆરીએ ઔપચારિક રીતે આરોપો નક્કી કરવામાં આવશે, જ્યાં આરોપીઓએ જણાવવું પડશે કે તેઓ આ ગુનાનો સ્વીકાર કરે છે કે નકાર કરે છે.સીબીઆઈએ આ કેસમાં કુલ ૧૦૩ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરી હતી. જોકે, કોર્ટે રેલવેના અધિકારીઓ અને સીપીઓ સહિત ૫૨ આરોપીઓને ડિસ્ચાર્જ એટલે કે દોષમુક્ત કર્યા છે. સુનાવણી દરમિયાન પાંચ આરોપીઓના નિધન પણ થયા છે. લાલુ યાદવના વકીલે કોર્ટમાં દલીલ કરી હતી કે આ કેસ રાજકીય પ્રેરિત છે અને જમીનના બદલામાં નોકરી આપવામાં આવી હોય તેવા કોઈ નક્કર પુરાવા નથી. બચાવ પક્ષે દાવો કર્યો હતો કે જમીન પૈસા આપીને ખરીદવામાં આવી હતી અને તેમાં રેલવેના કોઈ નિયમોનું ઉલ્લંઘન થયું નથી. આ કૌભાંડ લાલુ પ્રસાદ યાદવ રેલવે મંત્રી હતા તે સમયનું છે. આરોપ છે કે ૨૦૦૪ થી ૨૦૦૯ ના સમયગાળા દરમિયાન રેલવેના ગ્રેડ-ડીમાં ઉમેદવારોને નોકરી આપવાના બદલામાં તેમની કિંમતી જમીન અત્યંત ઓછી કિંમતે અથવા મફતમાં લાલુ પરિવારના સભ્યો અને તેમની માલિકીની કંપનીઓના નામે ટ્રાન્સફર કરવામાં આવી હતી. મીડિયા અહેવાલ મુજબ, સીબીઆઈએ એવો દાવો કર્યો છે કે જમીન વેચાણના દસ્તાવેજો માત્ર કાગળ પર હતા અને હકીકતમાં તે લાંચ સ્વરૂપે લેવામાં આવી હતી. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, કોર્ટના આ આદેશ બાદ બિહારના રાજકારણમાં પણ ગરમાવો આવી ગયો છે. લાલુ પ્રસાદના પરિવારના વકીલે દલીલ કરી હતી કે રાબડી દેવીએ જમીન ખરીદવા માટે નાણાં ચૂકવ્યા હતા.

## રાજકીય જાસૂસી અને ડેટા ચોરીના આરોપોથી ગરમાયું રાજકારણ

નવી દિલ્હી:તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના સાંસદ મહુઆ મોઈત્રાએ શુક્રવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પર ગંભીર આરોપ લગાવતા જણાવ્યું હતું કે, તેઓ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) નો ઉપયોગ કરીને વિપક્ષી પક્ષોના ચૂંટણી ડેટા અને દસ્તાવેજોની "લૂંટ અને ચોરી" કરી રહ્યા છે. કોલકાતામાં રાજકીય કન્સલ્ટન્સી ફર્મ I-PAC (આઈ-પેક) ના ઓફિસ પર ED ના દરોડા બાદ દિલ્હીમાં વિરોધ પ્રદર્શન કરી રહેલા ટીએમસી સાંસદોની અટકાયત કરવામાં આવી હતી, જ્યાં મોઈત્રાએ એજન્સીને "એક્સ્ટોર્શન ડિરેક્ટોરેટ" (ઉઘરાણી કરતું નિર્દેશાલય) તરીકે સંબોધી હતી.

પાર્લામેન્ટ સ્ટ્રીટ પોલીસ સ્ટેશન ખાતે અટકાયત દરમિયાન પત્રકારો સાથે વાત કરતા મહુઆ મોઈત્રાએ જણાવ્યું હતું કે, "અમે અમિત શાહની ઓફિસ બહાર શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહ્યા હતા. તેમણે અત્યંત બેશરમીથી તેમની 'એક્સ્ટોર્શન ડિરેક્ટોરેટ' ને અમારી પાર્ટીના ચૂંટણી ડેટા ચોરવા અને રાજકીય જાસૂસી કરવા માટે મોકલી છે." તેમણે વધુમાં ઉમેર્યું કે, ED માત્ર વિપક્ષી નેતાઓ સામે જ કેમ કાર્યરત છે? અન્ય કોઈ નેતામાં મમતા બેનર્જી જેવી હિંમત નથી કે જેઓ પોતાની પાર્ટીના દસ્તાવેજો બચાવવા માટે મેદાનમાં ઉતરે.આ વિવાદ ગુરુવારે ત્યારે શરૂ થયો જ્યારે ED એ કોલસા કૌભાંડના નામે આઈ-પેકના ઓફિસ અને તેના ડાયરેક્ટર પ્રતીક જૈનના નિવાસસ્થાને દરોડા પાડ્યા હતા.

## દિલ્હીની ફૈઝ-એ-ઈલાહી મસ્જિદ આસપાસ BNSS ની કલમ ૧૬૩ લાગુ

નવી દિલ્હી: દિલ્હીના તુર્કમાન ગેટ વિસ્તારમાં આવેલી ફૈઝ-એ-ઈલાહી મસ્જિદ નજીક પથ્થરમારાની તાજેતરની ઘટના બાદ પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ની કલમ ૧૬૩ (અગાઉની કલમ ૧૪૪ મુજબ) લાગુ કરવામાં આવી છે. શુક્રવારની નમાજને ધ્યાનમાં રાખીને દિલ્હી પોલીસે લોકોને ઘરની અંદર જ પ્રાર્થના કરવાની અપીલ કરી છે, જેથી કોઈ અનિચ્છનીય બનાવ ન બને.સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, મસ્જિદ અને તેની આસપાસના વિસ્તારોમાં ૧,૦૦૦ થી વધુ પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત અર્ધલશ્કરી દળો અને તોફાન વિરોધી વાહનો ને પણ વ્યૂહાત્મક સ્થળો પર ગોઠવવામાં આવ્યા છે. બુધવારે મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ દિલ્હી (MCD) દ્વારા હાથ ધરવામાં આવેલી અતિક્રમણ વિરોધી ઝુંબેશ દરમિયાન આ વિસ્તારમાં ભારે પથ્થરમારો થયો હતો, ત્યારબાદ તણાવ વધી ગયો છે. દિલ્હી પોલીસે પથ્થરમારાની ઘટનામાં અત્યાર સુધીમાં ૧૧ લોકોની ધરપકડ કરી છે. સીસીટીવી ફૂટેજ, સોશિયલ મીડિયા પર વાયરલ વીડિયો અને પોલીસના બોડીકેમ ફૂટેજની મદદથી વધુ ૩૦ તોફાનીઓની ઓળખ કરવામાં આવી છે. પોલીસની વિવિધ ટીમો બાકીના શંકાસ્પદોને કસ્ટડીમાં લેવા માટે અનેક સ્થળોએ દરોડા પાડી રહી છે.

## ભ્રષ્ટાચાર વિરુદ્ધ TMCના દેખાવો પર જનતા હસશે: ભાજપ નેતા સમિક ભટ્ટાચાર્ય

દાર્જિલિંગ: પશ્ચિમ બંગાળમાં ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી પૂર્વે રાજકીય ગરમાવો તેની ચરમસીમાએ પહોંચ્યો છે. કોલકાતામાં આઈ-પેક (I-PAC) ઓફિસ પર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ના દરોડા બાદ દિલ્હીમાં ટીએમસી સાંસદોના વિરોધ પ્રદર્શન પર પશ્ચિમ બંગાળ ભાજપના પ્રદેશ પ્રમુખ અને સાંસદ સમિક ભટ્ટાચાર્યએ તીખી પ્રતિક્રિયા આપી છે. તેમણે જણાવ્યું હતું કે, જો તૃણમૂલ કોંગ્રેસ ભ્રષ્ટાચાર વિરુદ્ધ દેખાવો કરશે, તો બંગાળની જનતા તેમના પર હસશે.

દાર્જિલિંગ ખાતે પત્રકારો સાથે વાત કરતા સમિક ભટ્ટાચાર્યએ જણાવ્યું કે, પશ્ચિમ બંગાળની જનતા હવે ટીએમસીની અસલિયત સમજી ગઈ છે. તેમણે કહ્યું, "ટીએમસીના નેતાઓ હવે પશ્ચિમ બંગાળની જનતા સામે વિરોધ પ્રદર્શન કરી શકે તેમ નથી. જો આ નેતાઓ ભ્રષ્ટાચાર સામે વિરોધ કરશે તો લોકો મજાક ઉડાવશે.

## દિલ્હી તુર્કમાન ગેટ પથ્થરમારો કેસ: વધુ એક તોફાનીની ધરપકડ, કુલ આંકડો ૧૨ પર પહોંચ્યો

નવી દિલ્હી:દિલ્હીના તુર્કમાન ગેટ વિસ્તારમાં થયેલા પથ્થરમારાના કેસમાં દિલ્હી પોલીસે વધુ એક આરોપીની ધરપકડ કરી છે. ૩૬ વર્ષીય મોહમ્મદ ઈમરાનની ધરપકડ સાથે આ હિંસાના મામલે અત્યાર સુધી પકડાયેલા આરોપીઓની કુલ સંખ્યા ૧૨ થઈ ગઈ છે. શુક્રવારે સવારથી જ ફૈઝ-એ-ઈલાહી મસ્જિદ આસપાસ કાટમાળ હટાવવાની કામગીરી ચાલુ હતી, ત્યારે સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારમાં કડક દેખરેખ રાખી હતી. દિલ્હી પોલીસે ગઈકાલે પુષ્ટિ કરી હતી કે સીસીટીવી ફૂટેજ અને સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયો દ્વારા કુલ ૩૦ તોફાનીઓની ઓળખ કરી લેવામાં આવી છે. પોલીસ ટીમો અત્યારે વિવિધ સ્થળોએ દરોડા પાડી રહી છે જેથી બાકીના શંકાસ્પદોને વહેલી તકે કસ્ટડીમાં લઈ શકાય. પોલીસના બોડીકેમમાં રેકોર્ડ થયેલા વીડિયો તપાસમાં નિર્ણાયક સાબિત થઈ રહ્યા છે.

## 'ગંગાસાગર મેળા'

### પોલીસ કંટ્રોલ રૂમમાં આગથી મેળાની સુરક્ષા પર ચિંતા



કોલકાતા: પશ્ચિમ બંગાળના સુપ્રસિદ્ધ ના પ્રારંભ પહેલા જ સાગરદ્વીપ ટાપુ પર મોટી દુર્ઘટના સર્જાઈ છે. શુક્રવારે વહેલી સવારે મેળાના મેદાન પર સ્થિત પોલીસ કંટ્રોલ રૂમ અને તેની આસપાસના કામચલાઉ આશ્રયસ્થાનોમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ ઘટના પર પ્રતિક્રિયા આપતા પશ્ચિમ બંગાળ વિધાનસભાના વિરોધ પક્ષના નેતા (LoP) શુભેન્દુ અધિકારીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું હતું કે, "ગંગાસાગરમાં પોલીસ કંટ્રોલ રૂમ બળીને રાખ થઈ ગયો છે, આ લક્ષણો સારા નથી."મળતી માહિતી મુજબ, આગ એક કામચલાઉ ઝૂંપડીમાંથી શરૂ થઈ હતી અને પવનના કારણે ઝડપથી ફેલાઈ ગઈ હતી. જોકે, સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી. ફાયર ફાઈટરોએ કલાકોની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટ આગનું કારણ હોવાનું મનાય છે. આ ઘટના એવા સમયે બની છે જ્યારે રાજ્ય સરકાર મેળા માટે હાઈ-ટેક તૈયારીઓ અને વોટર ડ્રોન જેવી સુરક્ષા વ્યવસ્થાના દાવા કરી રહી છે.બીજી તરફ, મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આ મેળા માટે કેન્દ્ર સરકારની નીતિઓની આકરી ટીકા કરી છે. તેમણે આરોપ લગાવ્યો છે કે વારંવારની માંગ છતાં કેન્દ્ર સરકારે ગંગાસાગર મેળા માટે "એક રૂપિયો પણ આપ્યો નથી". મમતાએ અફસોસ વ્યક્ત કર્યો હતો કે કુંભ મેળાને હજારો કરોડની મદદ મળે છે, પરંતુ ગંગાસાગરને હજુ સુધી 'રાષ્ટ્રીય મેળા' નો દરજ્જો પણ આપવામાં આવ્યો નથી. તેમણે જણાવ્યું કે રાજ્ય સરકાર પોતાના સંસાધનોથી કરોડો શ્રદ્ધાળુઓ માટે હોસ્પિટલ, એમ્બ્યુલન્સ અને ૫ લાખ રૂપિયાના વીમા કવચ જેવી વ્યવસ્થાઓ કરી રહી છે.મેળામાં ૧.૫ કરોડથી વધુ શ્રદ્ધાળુઓ આવવાની ધારણા છે.

## દેશની સુરક્ષા | આતંકવાદ વિરોધી અભિયાનમાં ડેટા એનાલિટિક્સનો ઉપયોગ

# અમિત શાહે દેશના પ્રથમ નેશનલ IED ડેટા મેનેજમેન્ટ સિસ્ટમનું ઉદ્ઘાટન કર્યું

(એજન્સી) નવી દિલ્હી | તા 09

ભારતની આંતરિક સુરક્ષાને વધુ અભેદ્ય બનાવવાના ઉદ્દેશ્ય સાથે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે દેશના પ્રથમ 'નેશનલ આઈઈડી ડેટા મેનેજમેન્ટ સિસ્ટમ' (NIDMS) નું ઉદ્ઘાટન કર્યું છે. નેશનલ સિક્યુરિટી ગાર્ડ (NSG) દ્વારા વિકસાવવામાં આવેલ આ પ્લેટફોર્મ ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (IED) સંબંધિત માહિતીના સંગ્રહ અને વિશ્લેષણ માટે એક કેન્દ્રીયકૃત ડિજિટલ માળખું પૂરું પાડશે. આ નવી સિસ્ટમ



આતંકવાદ વિરોધી કામગીરીમાં સીમાચિહ્નરૂપ સાબિત થશે. વર્ચ્યુઅલ માધ્યમથી આ પ્લેટફોર્મનું લોકાર્પણ કરતા અમિત શાહે જણાવ્યું હતું કે, એનઆઈડીએમએસ તમામ રાજ્ય પોલીસ દળો અને કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓને આઈઈડી સંબંધિત ડેટાના વ્યવસ્થિત સંગ્રહ અને વહેંચણીમાં મદદરૂપ થશે. આ સિસ્ટમ વિસ્ફોટ પછીની તપાસ (Post-blast investigations) માં નિર્ણાયક ભૂમિકા ભજવશે અને દેશની વિવિધ કાયદા અમલીકરણ એજન્સીઓ વચ્ચે સંકલન વધારશે. આ એક એવું સંકલિત ભંડાર છે જ્યાંથી રાજ્ય પોલીસ અને સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (CAPFs) મહત્વપૂર્ણ માહિતી મેળવી શકશે.

એનએસજીના ડાયરેક્ટર જનરલ ભૃગુ શ્રીનિવાસને આ પ્રસંગે જણાવ્યું કે, છેલ્લા ૧૧ મહિનાની સઘન મહેનત અને અન્ય એજન્સીઓના સહયોગથી આ અનોખી સિસ્ટમ તૈયાર કરવામાં આવી છે. આ ડેટા-સંચાલિત અભિગમ તપાસકર્તાઓને જૂની ઘટનાઓના પેટર્ન ઓળખવા, ટ્રેન્ડ ટ્રેક કરવા અને તેમાંથી સચોટ તારણો કાઢવામાં મદદ કરશે. આનાથી આઈઈડી જોખમો સામે ભારતની સજ્જતા અને પ્રતિસાદમાં મોટો સુધારો આવશે.

## ચૂંટણી પ્રતીક ફાળવણીના નિયમોને પડકારતી અરજી દિલ્હી હાઈકોર્ટે ફગાવી

નવી દિલ્હી » દિલ્હી હાઈકોર્ટે શુક્રવારે 'ઈલેક્શન સિમ્બોલ્સ ઓર્ડર, ૧૯૬૮' ની બંધારણીય માન્યતાને પડકારતી અરજી ફગાવી દીધી છે. આ નિયમો રાજકીય પક્ષો અને ઉમેદવારોને ચૂંટણી પ્રતીકોની ફાળવણી અને અનામતને નિયંત્રિત કરે છે. કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે ચૂંટણી સંચાલન માટેના વર્તમાન વૈધાનિક માળખાને ખોરવી નાખવા માટે કોઈ નક્કર કારણ મળી આવ્યું નથી. જસ્ટિસ નીતિન વાસુદેવ સાંબરે અને જસ્ટિસ અનીશ દયાલની ડિવિઝન બેન્ચે 'હિંદ સામ્રાજ્ય પાર્ટી' દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો.

## સંદીપ દીક્ષિતનો ભાજપ પર પ્રહાર: "રાજકીય ફાયદા માટે ED દરોડા પાડે છે"

(એજન્સી) નવી દિલ્હી | તા 09

કોંગ્રેસના વરિષ્ઠ નેતા સંદીપ દીક્ષિતે શુક્રવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) પર આકરા પ્રહાર કરતા આરોપ લગાવ્યો છે કે આ એજન્સી માત્ર ભારતીય જનતા પાર્ટી (BJP) ને રાજકીય ફાયદો પહોંચાડવા માટે જ દરોડા પાડે છે. દીક્ષિતે જણાવ્યું હતું કે ED અત્યાર સુધી તેના મોટાભાગના કેસો સાબિત કરવામાં નિષ્ફળ રહી છે અને તેનો ઉપયોગ સત્તાધારી પક્ષની રાજનીતિના એક ભાગ તરીકે કરવામાં આવી રહ્યો છે.સંદીપ દીક્ષિતનું આ નિવેદન કોલકાતામાં રાજકીય કન્સલ્ટન્સી ગ્રુપ I-PAC (આઈ-પેક) ના ઓફિસ અને તેના ડાયરેક્ટર પ્રતીક જૈનના નિવાસસ્થાને ED દ્વારા પાડવામાં આવેલા દરોડા બાદ આવ્યું છે. આ દરોડા દરમિયાન પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પોતે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા, જેને કારણે હાઈ-વોલ્ટેજ ડ્રામા સર્જાયો હતો. EDએ મમતા બેનર્જી પર તપાસમાં અવરોધ લાવવા અને મહત્વના પુરાવાઓ, હાર્ડ ડિસ્ક અને દસ્તાવેજો લઈ જવાનો આરોપ લગાવ્યો છે.બીજી તરફ, મમતા બેનર્જીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પર સીધો નિશાન સાધતા કહ્યું કે, "શું અમિત શાહ અને EDનું કામ પાર્ટીની રણનીતિ અને ઉમેદવારોના લિસ્ટની ચોરી કરવાનું છે? જે ગૃહમંત્રી દેશની રક્ષા નથી કરી શકતા, તેઓ મારી પાર્ટીના દસ્તાવેજો લઈ જઈ રહ્યા છે." મમતાએ અમિત શાહને પડકાર ફેંક્યો કે જો તેમને બંગાળ જોઈએ છે, તો એજન્સીઓના જોરે નહીં પણ લોકશાહી ઢબે ચૂંટણી લડીને જીતી બતાવે.


**પશ્ચિમ રેલવે**

**સામગ્રી પ્રબંધન વિભાગ**

**વિવિધ સામગ્રી પરવઠો**

**ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટિસ નંબર S/02/2026 તારીખ 06.01.2026**

| ક્રમ | વસ્તુનું ટૂંકું વર્ણન | જથ્થો | નિયત તારીખ |
|---|---|---|---|
| 7 | બ્રેક બીમ | 311 નંગ | 09-ફેબ્રુ.-26 |
| 8 | કોક એએચબી માટે ઓવરહોલિંગ કીટ | 818 સેટ | 05-ફેબ્રુ.-26 |
| 9 | ફિલ્ડ વીકનીંગ રેઝિસ્ટર (આરએસ) નો સેટ | 18 નંગ | 05-ફેબ્રુ.-26 |
| 10 | મેસર્સ ફેવલી મેક પાર્ટ નંબર 1/600008A મુજબ એન2 બોર્ડ | 136 નંગ | 04-ફેબ્રુ.-26 |
| 11 | એલએચબી કોચ માટે ડાબી બાજુના હેન્ડ બ્રેક સ્ટેન્ડ સાથે બ્રેક સિલિન્ડર | 36 નંગ | 04-ફેબ્રુ.-26 |
| 12 | બીઓએક્સએનએચએલ માટે કેસનબ 22 એચએસ બોગીની જોડી | 15 જોડી | 04-ફેબ્રુ.-26 |
| 13 | ઈલેક્ટ્રોનિક બ્રેક વાલ્વ માટે ઓવરહોલિંગ કીટ | 42 સેટ | 04-ફેબ્રુ.-26 |
| 14 | હાઈ બિલ્ટ ઈપોક્સી પેઈન્ટ | 68159 લિટર | 03-ફેબ્રુ.-26 |
| 15 | 5400 કેવીએ લોકો મેઈન ટ્રાન્સફોર્મર સંપૂર્ણ | 2 નંગ | 03-ફેબ્રુ.-26 |
| 16 | લેડ એસિડ બેટરી 300 એએચ | 20 નંગ | 02-ફેબ્રુ.-26 |
| 17 | 50 કિલોના કાસ્ટ આયર્ન સ્ટાન્ડર્ડ ટેસ્ટ વજન | 3552 નંગ | 02-ફેબ્રુ.-26 |
| 18 | પુરવઠો, સ્થાપના, પરીક્ષણ અને કાર્યરત કરવું | 168 નંગ | 02-ફેબ્રુ.-26 |
| 19 | સબ કીટ પીઓએચ-I | સેટ | 31-જાન્યુ.-26 |
| 20 | 150 ચોરસ મીમી x 4 કોર 1100 વોલ્ટ ગ્રેડ | 2549 મીટર | 31-જાન્યુ.-26 |

**શુદ્ધિપત્રક**

કૃપા કરીને ટેન્ડર **નોટિસ નંબર: S-71-2025** માટે નિયત તારીખ **"12.01.2026"** વાંચવી, જે **તારીખ: 01.12.2025ના રોજ ક્રમ નંબર 746 પર છે.**

ઇએમડી (EMD) ની વિગતવાર સૂચના, ખરીદીના નિયંત્રણો અને ટેન્ડરની વિગતવાર શરતો માટે, કૃપા કરીને વેબસાઇટ **www.ireps.gov.in અને wr.indianrailways.gov.in ની મુલાકાત લો.** 0983

અમને લાઈક કરો : facebook.com/WesternRly • અમને ફોલો કરો : X.com/WesternRly



**જાહેર સૂચના**

ICICI Bank રજિસ્ટર્ડ ઓફિસ: ICICI બેંક ટાવર, ચકલી સર્કલ પાસે, ઓલ્ડ પાદરા રોડ, વડોદરા-390007
કોર્પોરેટ ઓફિસ: ICICI બેંક ટાવર્સ, બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ, મુંબઈ 400051

**ગોલ્ડ ઈ-હરાજી સહ આમંત્રણ સૂચના**

નીચે જણાવેલ લોનધારકોને સોનાના ઘરેણાં સામે મેળવેલી સુવિધા ("સુવિધા") પેટે તેમની બાકી નીકળતી રકમ ચૂકવવા માટે સૂચના આપવામાં આવી હતી. તેઓ લેણી રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા હોવાથી, અમે તારીખ January 21, 2026 ના રોજ ગીરો મૂકેલા સોનાના ઘરેણાંની ઈ-હરાજી કરવા માટે મજબૂર છીએ. ICICI બેંક પાસે કોઈપણ પૂર્વ સૂચના વિના ખાતું હટાવવાનો અથવા ઈ-હરાજીની તારીખ બદલવાનો અધિકાર સુરક્ષિત છે.
હરાજી ઓનલાઈન યોજાશે- https://jewel-auction.procuretiger.com પર બપોરે 12:30 pm થી 3:30 pm દરમિયાન. વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને આપેલી વેબસાઈટ પર લોગ ઈન કરો. લોનધારકના મૃત્યુના કિસ્સામાં, તમામ શરતો કાયદેસરના વારસદારોને લાગુ પડશે.

| લોન એકાઉન્ટ નંબર | ગ્રાહકનું નામ |
|---|---|
| શાખાનું નામ: અમદાવાદ-સીટીએમ | |
| 346662002381 | પંકજ પટેલ |
| શાખાનું નામ: અમદાવાદ-ખોખરા | |
| 750762000600 | રાજપુત સુધિરસિંઘ |
| શાખાનું નામ: અમદાવાદ-મકરબા | |
| 423557000034 | કુરેશી અબ્દુલભાઈ |
| શાખાનું નામ: અમદાવાદ-ચાંદલોડીયા | |
| 182857000028 | ધવલ મહેન્દ્રભાઈ પટેલ |
| શાખાનું નામ: અમદાવાદ-વાસણા | |
| 034462005959 | વિરલ હિરેનભાઈ શાહ |
| શાખાનું નામ: અકોદરા | |
| 309762000357 | રોહિતસિંહ જયેન્દ્રસિંહ રાઠોડ |
| શાખાનું નામ: બાવલા | |
| 049662007266 | સુમન કુમાર ગુપ્તા |
| 049662008214 | વિષ્ણુભાઈ જીતુભાઈ ગાંધવી |
| શાખાનું નામ: ચાંગોદર | |
| 174057000023 | દીવાન મોદસીનશા અબ્બાસશા |
| શાખાનું નામ: ધરામલી | |
| 744762000465 | કસમભાઈ કરીમભાઈ મન્સુરી |
| શાખાનું નામ: ડીસા | |
| 049762021278 | પ્રવિણભાઈ સુથાર |
| 049757000342 | મનીષકુમાર ભરતભાઈ નભાણી |
| શાખાનું નામ: દહેગામ | |
| 171862011703 | દશરથ ઝાલા |
| 171857000152 | સતીષ રાઠોડ |
| શાખાનું નામ: ધાનેરા | |
| 212162004948 | પ્રકાશભાઈ ખેમાભાઈ પુરોહિત |
| 212162006003 | નીલાભાઈ રાયમલભાઈ મુંજી |
| 212162006035 | હરજીભાઈ રાવતાભાઈ પટેલ |
| શાખાનું નામ: ધારી | |
| 790157000029 | ત્રાવાડી આસિફ અસગરઅલી |

| લોન એકાઉન્ટ નંબર | ગ્રાહકનું નામ |
|---|---|
| શાખાનું નામ: ધોળકા | |
| 182962011394 | નિરવભાઈ રાઠોડ |
| શાખાનું નામ: ધ્રોલ, ગુજરાત | |
| 363862004129 | જાડેજા છત્રસિંહ |
| ગાંધીનગર - કુડાસણ ii | |
| 548362000058 | નિરવભાઈ રાઠોડ |
| શાખાનું નામ: ગોંડલ | |
| 048662007878 | ડોડિયા સુલતાનભાઈ સુમારભાઈ |
| શાખાનું નામ: હિંમતનગર | |
| 045262009993 | નેલેશકુમાર પંડ્યા |
| 045262015457 | અરવિંદભાઈ ધુળાભાઈ પટેલ |
| શાખાનું નામ: જાફરાબાદ | |
| 431362000209 | મોહસીન રસુલભાઈ ઘોરી |
| શાખાનું નામ: જામજોધપુર | |
| 399962002724 | સુમન પ્રિમરોજભાઈ દેવાયતભાઈ |
| શાખાનું નામ: જસદણ | |
| 170862016882 | ભરતભાઈ ભીખાભાઈ સુસારા |
| 170862018896 | સંજય બાબુભાઈ વાવડીયા |
| 170862018950 | વેરસીભાઈ લકસીભાઈ ગલચર |
| 170862022130 | અમરશીભાઈ દાનાભાઈ સોલંકી |
| 170862024030 | મનસુખ ડોમાડીયા |
| શાખાનું નામ: કડી | |
| 044262012114 | ભરતભાઈ મફાભાઈ |
| શાખાનું નામ: ખંભાત | |
| 183262016499 | અક્ષ ઘનશ્યામભાઈ વાઘેલા |
| શાખાનું નામ: ખેરાલુ | |
| 400662001770 | હૈદરખાન સમશેરખાન ખાનેચા |
| 400662002229 | અશોકભાઈ ડાહ્યાભાઈ પ્રજાપતિ |
| શાખાનું નામ: માણસા - મુક્તાનંદ કોમ્પ્લેક્ષ | |
| 172062009322 | પટેલ છાયાબેન |
| 172062009327 | અશોકભાઈ ડાહ્યાભાઈ પ્રજાપતિ |

| લોન એકાઉન્ટ નંબર | ગ્રાહકનું નામ |
|---|---|
| શાખાનું નામ: પાલનપુર | |
| 060262009097 | મધુસુદનસિંહ વી. સોલંકી |
| શાખાનું નામ: પાલનપુર - હનુમાન ટેકડી | |
| 786562001127 | ધનેશભાઈ રાઠોડ |
| શાખાનું નામ: રાજકોટ - કાલાવાડરોડ | |
| 624862017552 | પંડ્યા અભિષેક કમલેશભાઈ |
| શાખાનું નામ: રાજકોટ - નાણાવટી ચોક | |
| 338857000024 | વિપુલ પરષોત્તમભાઈ નકુમ |
| શાખાનું નામ: રાજુલા | |
| 162362014872 | અલ્કુભાઈ નાઝભાઈ વારુ |
| શાખાનું નામ: સાયલા | |
| 340162006303 | થરેસા તેજાભાઈ સવશીભાઈ |
| 340162011593 | સંજયભાઈ ગોરધનભાઈ મકવાણા |
| શાખાનું નામ: શાપર - વેરાવળ | |
| 261457000046 | સુખદેવભાઈ રાયધનભાઈ મકવાણા |
| શાખાનું નામ: સુરેન્દ્રનગર | |
| 045362006398 | કેતનકુમાર બુધાલાલ સાતપરા |
| શાખાનું નામ: તળાજા | |
| 375757000106 | શ્વેતા યાદવ |
| શાખાનું નામ: થાનગઢ | |
| 170657000414 | અબભાઈ બાબભાઈ ધાધલ |
| 170662012377 | રઘુભાઈ વ્રજગજભાઈ મીર |
| 170662016358 | દેવશીભાઈ રામાભાઈ ખંભાલા |
| 170662020604 | લાલજીભાઈ ધોળકીયા |
| 170662021754 | રુદાતલા વિજયભાઈ કાળાભાઈ |
| શાખાનું નામ: દિલ્હી - મહાવીર એન્કલેવ | |
| 182157000038 | શિશુપાલ સિંહ તોમર |

તારીખ: 10.01.2026
સ્થળ: અમદાવાદ, આણંદ, રાજકોટ, સુરેન્દ્રનગર, સાબરકાંઠા, બનાસકાંઠા, અમરેલી, ભાવનગર, ગાંધીનગર, મહેસાણા, જામનગર

Sd/- અધિકૃત અધિકારી
ICICI બેંક લિમિટેડ વતી

સિટી
# એક્સપ્રેસ

SATURDAY 10 JANUARY-2026
AHMEDABAD









# ગુજરાત સરકારને માનવાધિકાર પંચે નોટિસ ફટકારી

## ગાંધીનગરમાં વધતા ટાઈફોઈડના કેસ અંગે મુખ્ય સચિવ પાસે રિપોર્ટ માગ્યો

ગાંધીનગર | ગાંધીનગરમાં દૂષિત પીવાના પાણીના કારણે ટાયફોઇડના દર્દીઓની સંખ્યામાં વધારો થતાં રાષ્ટ્રીય માનવાધિકાર પંચ (NHRC) દ્વારા ગુજરાત સરકારને નોટિસ ફટકારવામાં આવી છે અને પંચ દ્વારા મુખ્ય સચિવને બે અઠવાડિયામાં વિગતવાર રિપોર્ટ રજૂ કરવા જણાવવામાં આવ્યું છે.
ગુજરાતના આરોગ્ય વિભાગે ટાઈફોઈડના કુલ 70 એક્ટિવ કેસની પુષ્ટિ કરી છે. ગાંધીનગરમાં નવી નાખવામાં આવેલી પાઈપ લાઈનમાં ગંભીર ખામીઓ જોવા મળી હતી. પાઈપ લાઈનમાં સાત જગ્યાએ લિકેજ હોવાનું જાણવા મળ્યું છે જેના કારણે ગટરનું પાણી પીવાના પાણીમાં ભળી રહ્યું છે. પંચે જણાવ્યું હતું કે, જો આ સમાચાર સાચા હોય તો તે પીડિતોના માનવાધિકારના ઉલ્લંઘનનો ગંભીર મામલો છે.
આ સંદર્ભમાં પંચે ગુજરાત સરકારને નોટિસ પાઠવી છે અને મુખ્ય સચિવને બે અઠવાડિયામાં વિગતવાર રિપોર્ટ રજૂ કરવા આદેશ આપ્યો છે. જેમાં ટાયફોઇડથી પ્રભાવિત ઘરોમાં સારવાર લઈ રહેલા અને હોસ્પિટલમાં દાખલ દર્દીઓની વર્તમાન સ્થિતિ અને ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન રોકવા માટે લેવામાં આવેલા પગલાં અંગે જાણકારી માગવામાં આવી છે.
ગાંધીનગરમાં 8 જાન્યુઆરી ગુરુવારે ટાઈફોઈડના વધુ 14 નવા કેસ નોંધાતા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. સત્તાવાર રીતે ટાઈફોઈડના કેસનો આંકડો 167 પર પહોંચ્યો છે, પરંતુ વાસ્તવિક સ્થિતિ વધુ ગંભીર હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ખાનગી હોસ્પિટલો અને દવાખાનાઓ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે, બીજી તરફ પાણી અને ગટર લાઇનના લિકેજ શોધવામાં તંત્રની નિષ્ફળતા સામે નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### 80 સારવાર હેઠળ અને 18 દર્દીઓને રજા અપાઈ

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના જણાવ્યા મુજબ, સેક્ટર-24, 26, 28, આદિવાડા અને GIDC વિસ્તાર રોગચાળાના મુખ્ય કેન્દ્રો બન્યા છે. હાલ 80 દર્દીઓ સારવાર હેઠળ છે, જ્યારે 18 દર્દીઓને રજા આપવામાં આવી છે. આરોગ્ય વિભાગની 85 ટીમોએ અત્યાર સુધીમાં 61,389 ઘરો અને આશરે 2.66 લાખની વસ્તીમાં સર્વેલન્સ હાથ ધર્યું છે. પાણીનું સુપર ક્લોરીનેશન કરવાની કવાયત પણ તેજ કરાઈ છે.
ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી ટાઈફોઈડના કેસોમાં સતત વધારો થતા મ્યુનિસિપલ કોર્પોરેશનનું આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું હતું. ગાંધીનગર મ્યુ. કોર્પોરેશન દ્વારા સત્તાવાર 153 દર્દીઓ હોવાનું કહેવામાં આવ્યું હતું. જોકે, સિવિલ હોસ્પિટલના સૂત્રોના કહેવા મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલના લેટેસ્ટ રિપોર્ટ મુજબ હાલ હોસ્પિટલમાં 111 બાળકો દાખલ છે, જેમાંથી 55 બાળકોનો રિપોર્ટ ટાઈફોઈડ પોઝિટિવ આવ્યો છે. ગાંધીનગરમાં 8 જાન્યુઆરી ગુરુવારે ટાઈફોઈડના વધુ 14 નવા કેસ નોંધાતા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી.
સત્તાવાર રીતે ટાઈફોઈડના કેસનો આંકડો 167 પર પહોંચ્યો છે, પરંતુ વાસ્તવિક સ્થિતિ વધુ ગંભીર હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ખાનગી હોસ્પિટલો અને દવાખાનાઓ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે

# હાર્ડવેરના વેપારી પાસેથી 7 લાખના બદલામાં 72 લાખ પડાવ્યા; ઉઘરાણી કરી કેનાલમાં ફેંકી દેવાની ધમકી આપી

## ગાંધીનગરમાં વ્યાજખોરનો ત્રાસ યથાવત્

ગાંધીનગર | ગાંધીનગરમાં વ્યાજખોરોનો આતંક સીમા વટાવી રહ્યો હોય તેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. રાંદેસણ વિસ્તારમાં હાર્ડવેરની દુકાન ચલાવતા એક યુવાન વેપારી પાસેથી માત્ર 7 લાખની મૂડી સામે વાવોલના વ્યાજખોરે સાપ્તાહિક દોઢ લાખ વ્યાજ અને પેનલ્ટી સહિત કુલ રૂ. 72 લાખ પડાવી લીધા હોવાની ફરિયાદ નોંધાઈ છે. આટલી મોટી રકમ વસૂલ્યા પછી પણ વ્યાજખોર દ્વારા વેપારીને કેનાલમાં ફેંકી દઈ જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવતા અંતે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશન મથકે ગુનો નોંધવામાં આવ્યો છે.
ફરિયાદની વિગત મુજબ, અમદાવાદના નવા વાડજ વિસ્તારમાં રહેતા અને રાંદેસણમાં મારુતિ મેગ્નમ કોમ્પ્લેક્ષમાં ગાયત્રી હાર્ડવેરની દુકાન ચલાવતા 25 વર્ષીય હિતાર્થ શૈલેષ પટેલને આશરે દોઢ વર્ષ પહેલાં નાણાંની જરૂરિયાત ઊભી થઈ હતી. આથી પરિચિત શાહુલ દેસાઈ મારફતે તેનો સંપર્ક ભાવેશ માવજીભાઈ રબારી (રહે. વાવોલ) સાથે થયો હતો. એ વખતે ભાવેશે 10 ટકા વ્યાજની શરતે જૂન અને જુલાઈ-2024 દરમિયાન ટુકડે-ટુકડે રૂ.7,00,000 આપ્યા હતા. જોકે આ રકમ સામે તેણે દર અઠવાડિયે રૂ. 1,50,000 વ્યાજની માંગણી કરી હતી અને મોડું થાય તો રોજના હજારો રૂપિયાની પેનલ્ટી વસૂલવાનું શરૂ કર્યું હતું.
અંતે હિતાર્થે પૈસાની વ્યવસ્થા નહીં થતા વ્યાજ ભરવાનું બંધ કરી દીધું હતું, જેથી ફેબ્રુઆરી-2025માં ભાવેશ રબારીએ તેની દુકાને જઈ ઉઘરાણી કરી હતી. તેણે ધમકી આપી હતી કે, જો વ્યાજના પૈસા નહીં આપે તો તને કેનાલમાં નાખી દઈશ. આ ધમકીના કારણે ગભરાઈ ગયેલા હિતાર્થ પાસે વ્યાજખોરે બળજબરીથી નોટરી કરાવી હતી અને સિક્યુરિટી પેટે વધારાના કોરા ચેક પણ પડાવી લીધા હતા.

# GLS યુનિ. પાસે વિદ્યાર્થીઓની બબાલ

## રેસ લગાડવા બાબતે મેસેજમાં બોલાચાલી બાદ એક વિદ્યાર્થીએ અન્યને માથામાં કડું માર્યું, મિત્રએ વચ્ચે પડીને બચાવ્યો

અમદાવાદ | અમદાવાદમાં GLS યુનિવર્સિટી બહાર એક વિદ્યાર્થીને અન્ય કેટલાક વિદ્યાર્થીઓએ માર માર્યો હતો. BBA સેમેસ્ટર-2માં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીની અન્ય વિદ્યાર્થી સાથે રેસ લગાવવા જેવી બાબતે બોલાચાલી થઈ હતી. રેસ લગાવવા બાબતે મેસેજમાં બોલાચાલી થયા બાદ વિદ્યાર્થી રોહિતને પ્રભજીતસિંગ કલસી સહિતના વિદ્યાર્થીઓએ માર માર્યો હતો. હાથમાં પહેરેલું કડું રોહિતના માથામાં મારતા તેને ગંભીર ઈજા પહોંચી હતી. અન્ય વિદ્યાર્થીઓએ બીભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. રોહિતે પ્રભજીતસિંગ કલસી સહિત ત્રણ લોકો સામે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.
રોહિત કુમાવત લો ગાર્ડન પાસે આવેલી GLS કોલેજમાં BBAના સેમેસ્ટર 2માં અભ્યાસ કરે છે. ગત 7 તારીખે રોહિત કુમાવત અને પ્રભજીતસિંગ કલસી વચ્ચે રેસ લગાવવા બાબતે મેસેજમાં બોલાચાલી થઈ હતી. જે બાદ ગઈકાલે(8 જાન્યુઆરી) બપોરના સમયે રોહિત તેના ઘરેથી ક્રેટા ગાડી લઈને કોલેજમાં ફી ભરી હતી તેની રિસીપ્ટ લેવા માટે નીકળ્યો હતો. તેમજ તેની સાથે તેના મિત્ર આદિ મોર્યને લઈને GLS કોલેજ આવી રહ્યો હતો. બપોરના સમયે રોહિતે તેની ગાડી GLS યુનિવર્સિટીના ગેટ નંબર 8ની સામે ગલીમાં પાર્ક કરી કોલેજ તરફ જઈ રહ્યો હતો.
તે સમયે જ રેસ લગાવવા બાબતે મેસેજમાં બોલાચાલી થઈ હતી. તે યુવક પ્રભજીતસિંગ કલસી તેના બે મિત્રો સાથે કોલેજની બહાર આવી રહ્યો હતો. જે બાદ પ્રભજીતસિંગ ગાળો શા માટે બોલે છે તેવું કહી રોહિતને તેની ગાડીની પાછળ લઈ ગયો હતો. જે દરમિયાન પ્રભજીતસિંગે ગાળો આપી હોવાનું રેકોર્ડિંગ હોવાનો પણ દાવો કર્યો હતો.
જે બાદ અચાનક ઉશ્કેરાઈ લાફા ઝીંકી હાથમાં પહેરેલું કડું રોહિતના માથામાં માર્યું હતું.




### મિત્રએ વચ્ચે પડીને બચાવ્યો ને હોસ્પિટલ લઈ ગયો

તેમજ તેની સાથે આવેલા અન્ય મિત્રોએ પણ રોહિતને બીભત્સ ગાળો આપી ઢોર માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો ફરિયાદીએ આક્ષેપ કર્યો છે. જો કે રોહિતને વધારે માર મારતા તેના મિત્ર આદિએ વચ્ચે પડીને તેને માર ખાતો બચાવ્યો હતો. તેમજ રોહિત ઈજાગ્રસ્ત થતા તેનો મિત્ર આદિ તેને રિક્ષામાં બેસાડીને વી.એસ. હોસ્પિટલ લઈ ગયો હતો. જે બાદ રોહિતે પ્રભજીતસિંગ કલસી સહિત ત્રણ લોકો સામે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# ચાંદખેડામાં ગુંડાઓ બેફામ બન્યાં...

## એક યુવકનું ટી-શર્ટ કાઢી ઢોર માર માર્યો, તો બીજાને જાતિ વિષયક શબ્દો બોલી એક્ટિવામાં તોડફોડ કરી સળગાવી દીધું



(એજન્સી) અમદાવાદ | તા.09

અમદાવાદ શહેરના ચાંદખેડા વિસ્તારમાં અસામાજિક તત્વોનો આતંક સામે આવ્યો છે. બે અલગ અલગ ઘટનાના વીડિયો પણ સામે આવ્યા છે. ગત 4 જાન્યુઆરીએ સોસાયટીના બેઝમેન્ટમાં કેમ આવે છે તેવું કહી એક યુવકને ઢોર માર મારવામાં આવ્યો હતો. સામાન્ય બોલાચાલી બાદ ઉશ્કેરાયેલા અસામાજિક તત્વોએ કપડાં કાઢી મારી મારીને યુવકને અધમૂઓ કરી નાખ્યો હતો. જેના કારણે યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેને સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો.
તો 5 જાન્યુઆરીએ સાંજે કેટલાક અસામાજિક તત્વોએ એક્ટિવા લઈને જતા યુવકને ઉભો રાખી જાતિ વિષયક શબ્દો બોલી વાહનમાં તોડફોડ કરી સળગાવી દીધું હતું. આ ગુંડાઓ હાથમાં લાકડી અને છરો લઈને રોફ જમાવતા હતા.
બંને ઘટનાના વીડિયો સામે આવ્યા છે તેમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે આ ગુંડાઓ જાહેરમાં કેવી ગુંડાગર્દી કરે છે અને જાણે કે તેમણે પોલીસનો કોઈ ભય ન હોય તેમ લાગી રહ્યું છે. હાલ તો બંને ઘટનામાં ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે. 5 જાન્યુઆરીએ સાંજે કીર્તનભાઈ તેના મિત્ર વેદાંત સાથે એક્ટિવા લઈને નીકળ્યા હતા. ત્યારે કે.બી રોયલ હોમ્સના ગેટ સામે મંથન ઠાકોર અને સિદ્ધરાજ ઠાકોર નામના શખસોએ એક્ટિવા ઉભી રાખી હતી. વેદાંત વર્મા અને સી.કે ચૌહાણ સાથે મિત્રતા રાખવાની ના પાડી હોવા છતાં આ લોકો સાથે કેમ ફરે છે તેમ કહી જાતિ વિષયક ટિપ્પણી કરી હતી. જે બાદ ઉશ્કેરાયેલા અસામાજિક તત્વોએ ફરિયાદી અને તેના મિત્રને ઢોરમાર માર્યો હતો. જે બાદ અન્ય કેટલાક લોકો પણ હાથમાં લાકડીઓ લઈને આવતા હોવાથી ફરિયાદી અને તેના મિત્ર એક્ટિવા મૂકીને ભાગી ગયા હતા.
જે બાદ કેટલાક અસામાજિક તત્વોએ જાહેરમાં લાકડી અને પથ્થર વડે એક્ટિવામાં તોડફોડ કરી હતી. અસામાજિક તત્વોના આતંકના કારણે આસપાસમાં ભયનો માહોલ પણ ફેલાયો હતો. લોખંડની પાઇપ અને લાકડીઓ વડે ફરિયાદીની એક્ટિવા તોડી નાખી હતી. તેમજ એક્ટિવા તોડ્યા બાદ અસામાજિક તત્વોએ તેને સળગાવી પણ દીધી હતી.

# અમદાવાદમાં ફિલ્મી દૃશ્યો સર્જાયા, કારચાલકે પોલીસકર્મીને બોનેટ પર દોઢ કિ.મી. ઢસડ્યો

(એજન્સી) અમદાવાદ | તા.09

અમદાવાદના ભાડજ ચાર રસ્તા નજીક ફરજ બજાવી રહેલા ટ્રાફિક પોલીસ કોન્સ્ટેબલને કારના બોનેટ પર દોઢ કિલોમીટર સુધી ઢસડવાની ઘટના સામે આવી છે. નંબર પ્લેટ વગરની કાર રોકવાનો પ્રયાસ કરતા ચાલકે કોન્સ્ટેબલ પર ગાડી ચઢાવીને તેમને મોતના મુખમાં ધકેલવાનો પ્રયાસ કર્યો હતો. સોલા પોલીસે આ મામલે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી તપાસ તેજ કરી છે.
મળતી માહિતી અનુસાર, બુધવારે (સાતમી જાન્યુઆરી) સાંજે એ-ડિવિઝન ટ્રાફિક પોલીસની ટીમ ભાડજ બ્રિજ નીચે રૂટિન વાહન ચેકિંગ કરી રહી હતી. આ દરમિયાન સાયન્સ સિટી તરફથી એક સફેદ રંગની કાર આવી રહી હતી, જેના પર નંબર પ્લેટ નહોતી. પોલીસે કાર રોકવાનો ઈશારો કરતા ચાલકે પહેલા સ્પીડ ધીમી કરી, પરંતુ પોલીસ નજીક આવતા જ કારમાં સવાર અન્ય શખસોની ઉશ્કેરણીથી કારચાલકે ગાડી ભગાવી હતી. ત્યારે કોન્સ્ટેબલ નરેન્દ્રએ કારને રોકવા પ્રયાસ કર્યો ત્યારે ચાલકે તેમના પર ગાડી ચઢાવતા તેઓ બોનેટ પર ફસાઈ ગયા હતા.
કોન્સ્ટેબલ બોનેટ પર લટકેલા હોવા છતાં, નિર્દય કારચાલકે કાર ઉભી રાખવાને બદલે એસ.પી. રિંગ રોડ તરફ પૂરપાટ ઝડપે દોડાવી હતી. પોલીસની અન્ય ટીમ અને રાહદારીઓએ કારનો પીછો કર્યો હતો. અંદાજે 1.5 કિ.મી. દૂર હેબતપુર બ્રિજ નજીક ટ્રાફિક જામને કારણે કાર ધીમી પડતા કોન્સ્ટેબલ નીચે પટકાયા હતા.

## કલોલનો જ્વેલર્સ ગ્રાહકોના લાખોના દાગીના લઈ ફરાર

# નિવૃત શિક્ષિકા 16 તોલા દાગીના છોડવવા ગયા તે પહેલા જ સોની દુકાન બંધ કરી પલાયન

ગાંધીનગર | કલોલ તાલુકાના પલિયડ ગામે જ્વેલર્સની દુકાન ચલાવતા એક વેપારી અનેક ગ્રાહકોના લાખો-કરોડો રૂપિયાના સોનાના દાગીના લઈ ફરાર થઈ જતાં ચકચાર મચી ગઈ છે. ગાંધીનગરના ખોરજ ડાભી ગામમાં રહેતા નિવૃત મહિલા શિક્ષિકાએ વિશ્વાસમાં આવી પોતાના 16 તોલાથી વધુ સોનાના દાગીના ગીરવે મુક્યા હતા, જે પરત લેવા જતાં સોની દુકાન બંધ કરી પલાયન થઈ ગયો હોવાનું સામે આવ્યું છે. આ અંગે નિવૃત શિક્ષિકા સહિત અનેક લોકોને રાતા પાણીએ રોવાનો વખત આવતા કલોલ તાલુકા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.
કલોલના ખોરજ ડાભી ગામના રહેવાસી નિવૃત શિક્ષિકા કૈલાશબા ચાવડાને તેમના ભત્રીજાને વિદેશ મોકલવા માટે રૂ. 5 લાખની જરૂરિયાત ઊભી થઈ હતી. આથી તેમણે પલિયડ ગામના પરિચિત ઉમિયા જ્વેલર્સના સોની ભૂપેન્દ્ર જયંતિલાલ ઝિઝુંવાડીયા પાસે પોતાના 14 તોલાથી વધુ સોનાના દાગીના ગીરવે મુકી રૂ. 5 લાખ લીધા હતા.
ત્યારબાદ સોનીએ વ્યક્તિગત જરૂરિયાત બતાવી મહિલાના ઘરે જઈ વધુ અઢી તોલા સોનું વિશ્વાસમાં લઈ મેળવ્યું હતું. ત્યારે કૈલાશબાએ ટુકડે-ટુકડે રૂ. 3 લાખ રોકડા અને રૂ. 1 લાખનો ચેક મળી કુલ રૂ. 4 લાખ સોનીને પરત કરી દીધા હતા. જોકે બાકીના રૂ. 1 લાખ લઈને જ્યારે તેઓ દાગીના છોડાવવા ગયા ત્યારે ભૂપેન્દ્ર દુકાને હાજર નહોતો.
આ અંગે તેના પિતાએ શિક્ષિકાને જણાવ્યું હતું કે, તેમનો પુત્ર દાગીના લઈને ફરાર થઈ ગયો છે અને હવે તેમનો તેની સાથે કોઈ સંબંધ નથી.

# ભારત સરકારની ગાઈડલાઈન મુજબ અમદાવાદમાં નવા ચાર ફાયર સ્ટેશન બનાવવા મંજૂરી અપાઈ

અમદાવાદ | ભારત સરકારની ગાઈડ લાઈન મુજબ અમદાવાદમાં નવા ચાર ફાયર સ્ટેશન બનાવવા મંજૂરી અપાઈ છે. સરદારનગર,રાણીપ ઉપરાંત હાથીજણ અને લાંભા ખાતે નવા ફાયર સ્ટેશન બનશે.શહેરમાં ૫૦ ફાયર સ્ટેશનની જરુર સામે નવા બનેલા બોપલ ફાયર સ્ટેશન મળી હાલમાં ૧૯ ફાયર સ્ટેશન કાર્યરત છે. અમદાવાદમાં નવા ફાયર સ્ટેશન બનાવાની સાથે ૧૬૮ નવી જગ્યા ખોલવામા આવશે. ચાર સ્ટેશન ઓફિસર, ચાર સબ ફાયર ઓફિસર, ૧૨ જમાદાર ઉપરાંત ૯૬ ફાયરમેન,



૪૮ ડ્રાઈવર કમ પમ્પ ઓપરેટર અને ચાર સ્ટ્રેચર બેરરની જગ્યા બઢતી કે સીધી ભરતીથી ભરવા સ્ટેન્ડિંગ કમિટી દ્વારા તાકીદની દરખાસ્ત મંજૂર કરવામા આવી છે. નિયમ મુજબ દર દસ કિલોમીટરે એક ફાયર સ્ટેશન હોવુ જરુરી હોવાથી આ નિર્ણય સ્ટેન્ડિંગ કમિટીમાં કરવામા આવ્યો છે.

## 24 કલાકમાં રાજ્યમાં 3થી 4 ડિગ્રી પારો ગગડ્યો; જાણો તમારા શહેરનું તાપમાન...

# ગુજરાતમાં સિઝનનું સૌથી નીચું તાપમાન : નલિયા-અમરેલીમાં સૌથી વધુ ઠંડી



અમદાવાદ | ગુજરાતમાં શિયાળો જામી ચૂક્યો છે. છેલ્લા કેટલાક દિવસથી લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળતા હાલમાં હાડ થીજવતી ઠંડી પડી રહી છે. હવામાન વિભાગના તાજેતરના અહેવાલ મુજબ, કચ્છનું નલિયા 4.8 ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે સમગ્ર રાજ્યમાં સૌથી ઠંડુ શહેર નોંધાયું છે. નલિયામાં નોંધાયેલું તાપમાન ગુજરાતમાં આ સિઝનનું સૌથી નીચું તાપમાન છે. આ સિવાય સૌરાષ્ટ્રના પણ ઠંડી ભૂક્કા બોલાવી રહી છે. અમરેલી 8.6 ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે બીજા નંબર પર રહ્યું છે. જ્યારે રાજકોટમાં પણ તાપમાનનો પારો ગગડીને 9.4 ડિગ્રીએ પહોંચી ગયો છે. રાજ્યનાં તાપમાનમાં છેલ્લા 24 કલાકમાં 3થી 4 ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે, જેના કારણે રાત્રિના અને સવારના સમયે હાડ થીજવતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. સિઝનમાં પહેલીવાર અમદાવાદમાં 11.7 ડિગ્રી તાપમાન નોંધાયું છે, જે સિઝનનું સૌથી નીચું છે. આ સાથે જ ઉત્તર ગુજરાતના ડીસામાં પણ 10.1 ડિગ્રી તાપમાન સાથે ઠંડીનું જોર યથાવત્ રહ્યું છે. જ્યારે ભુજ જેવા શહેરોમાં લઘુત્તમ તાપમાન 11 ડિગ્રીની આસપાસ નોંધાયું છે.
બીજી તરફ, રાજ્યના વિવિધ વિસ્તારોમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. દક્ષિણ ગુજરાતના ડાંગ અને સુરતમાં મહત્તમ તાપમાનનો પારો 30 ડિગ્રીને પાર પહોંચતા દિવસે સામાન્ય ગરમીનો અનુભવ થયો છે. જ્યાં ડાંગમાં સૌથી વધુ 30.9 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં મહત્તમ તાપમાન 24થી 29 ડિગ્રીની વચ્ચે રહેતા મિશ્ર ઋતુ જેવો માહોલ જોવા મળી રહ્યો છે. દરિયાકાંઠાના વિસ્તારો જેમ કે ઓખા અને દીવમાં લઘુત્તમ તાપમાન 15 ડિગ્રીથી ઉપર રહેતા ત્યાં ઠંડીની અસર પ્રમાણમાં ઓછી વર્તાઈ છે. શિયાળુ હવામાનના કારણે અમદાવાદ એરપોર્ટ પર આજે વિસિબિલિટી ઓછી નોંધાઈ હતી, જેના કારણે ફ્લાઈટ સેવાઓ પર અસર પડી છે. છેલ્લા ઘણા દિવસોથી ઘણી ફ્લાઈટ ડીલે અને કેન્સલ થઈ રહી છે.